ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Prabuddh Jeevan

(ઈ.સ.૧૯૨૯થી)

Vol No.: 8 • Issue:6 • Mumbai • September - October (Combine) 2020 • Pages : 44 • Price 30/-
ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૮ (કુલ વર્ષ ૬૮) • અંક–૬ • સપ્ટેમ્બર – ઑક્ટોબર ૨૦૨૦ • પાનાં – ૪૪ • કિંમત રૂા. ૩૦/–

ॐ सरस्वती नमस्तुभ्यं वरदे कामरूपिणि ।
विद्यारम्भं करिष्यामि सिद्धिर्भवतु मे सदा ।।



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન ૧૯૩૯થી ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી.

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી અંગ્રેજીમાં.
- 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકો પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.

વિશેષ નોંધ :

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે, પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે,
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન પી.ડી.એફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |

## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ (પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


## સર્જનસૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | તંત્રી સ્થાનેથી | સેજલ શાહ | ૩ |
| ૨. | મૂલ્યો એટલે શું? | નરેશ વેદ | ૧૦ |
| ૩. | શ્રુતજ્ઞાનની મહત્તા | સુબોધીબેન મસાલિયા | ૧૩ |
| ૪. | સત્ય ધર્મમાં સાધનાપદ્ધતિમાં 'ધ્યાન' | તત્વચિંતક વિ. પટેલ | ૧૪ |
| ૫. | Dr. Padmanabh S. Jaini - Pioneer of Jain Education in the West | Dilip Shah | 16 |
| ૬. | Eat Art Exhibition એક અનુભવ ઈન્દ્રયાતીત | જેલમ હાર્દિક | ૨૧ |
| ૭. | Mahatma Gandhi – Be true to yourself ! | Prachi Dhanvant Shah | 23 |
| ૮. | જૈન પરંપરાના પુનરુધ્ધારકો આત્મસાધક પંડિતા ચંદાબાઈ ગોયલ | આ.શ્રી. વાત્સલ્યદીપસૂરિશ્વરજી | ૨૫ |
| ૯. | આદિ, અનાદિ, અનંત... | અનિરુદ્ધ એમ. ઠાકર | ૨૭ |
| ૧૦. | શ્રી ભક્તામર સ્તોત્ર–આસ્વાદ | રતનબેન કે. છાડવા | ૨૯ |
| ૧૧. | જ્ઞાનસંવાદ : દંડક અને ૨૪ દ્વાર | પાર્વતીબેન એન.ખીરાણી | ૩૧ |
| ૧૨. | क्षणभंगुरं इदं जगत् | ધનંજય જે. જૈન | ૩૪ |
| ૧૩. | ભાવ પ્રતિભાવ | | ૩૬ |
| ૧૪. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૩૯ |
| ૧૫. | અતીતની બારીએથી... | બકુલ ગાંધી | ૪૩ |
| ૧૬. | જો આ મારો અંતિમ પત્ર હોય તો.... | કમલ વોરા | ૪૪ |



**Design & Type setting : Shreeji Art - 9833422890**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત
# પ્રબુદ્ધ જીવન
(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી)
માનવીય જીવનનો સંવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
વિક્રમ સંવત ૨૦૭૬ • વીર સંવત ૨૫૪૬ • આસોવદિ અમાસ
માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

## ગુરુ ગૌતમ સરખી કુતુહલતા અને વિલાપ

સંસારના સર્વ જીવોનું હિત હૈયે ધરી જીવવું અને પોતાના આત્માનાં ઉધ્ધાર સાથે અન્ય સર્વ જીવના ઉધ્ધાર અંગે ચિન્તવવું, એ પરમ્પરાના અનુયાયી હોવાનું ગૌરવ હૈયે લઇ, એનું મૂલ્ય સમજવાના દિવસો આવી ગયા છે. નામ મહીં, મર્યાદિત કર્મ મહીં અને મર્યાદિત વર્તુળના સ્વામી આખા સમાજ માટે ઉધઈ સમાન છે, કારણ તે કોતરી ખાય છે, આખી પરમ્પરાની સમૃદ્ધિને. એક યોગ્ય આત્માના પ્રવેશ સાથે સમગ્ર વાતાવરણ પલ્લવિત થઇ જાય છે. વર્ધમાન પ્રભુના પ્રવેશ સાથે બાગના ફૂલો સોહામણું રૂપ ધારણ કરે છે. સર્વ જીવો મહીં અરસપરસ પ્રેમ જન્મે છે. તેમજ વર્તમાન સમયમાં એક ઉત્તમોત્તમ આત્માનો સંગ અનેક માટે ઉપકારક અને ઉત્કર્ષ સાધનારો બની શકે છે. એ જ રીતે યોગ્ય ગુરુનો સંગ જીવનને પારસમણિ બનાવે છે. જીવનમાં સંગનું મહત્વ છે, જીવનમાં યોગ્ય નિર્ણયનું મહત્વ છે, જીવનમાં સાશંક બન્યા વગર ગુરુ પ્રત્યેનું સમર્પણ પણ મહત્વનું છે, અને એથી પણ વધુ જાતનું આત્મા પ્રત્યે જાગૃત થવું. પણ આત્માની જાગૃતિ સાથે સર્વ આત્મા પ્રત્યે પણ કરુણા અને અનુકંપા દાખવવી. જેની પાસે જ્ઞાનનું તેજ અને સંત સાધનાનો મબલખ ખજાનો છે, તે ગૌતમ સ્વામી કેવા પ્રેમાળ અને ગુરુ પ્રત્યે સમર્પિત હતાં, તે તો આપણે સહુ જાણીએ જ છીએ. આર્યપુરુષે તો સમભાવમાં ધર્મ કહ્યો છે, જ્યાં સમતા છે, ત્યાં શ્રમણ બની શકાય છે. બધા જ જીવ સાથે સમભાવ કેળવવો એને જ અહિંસા કહી શકાય. ઈન્દ્રભૂતિનો જન્મ, એટલે કે ગૌતમનો જન્મ પ્રભુ મહાવીરના જન્મ પહેલાં, એટલે તેઓ આઠ વર્ષ મોટા અને બ્રાહ્મણ શ્રેષ્ઠ હતા. અપાપા નગરીના એ દિવસો નજર સામે તરવરે છે, એક તરફ સોમિલ બ્રાહ્મણ યજ્ઞ કરાવે છે, ત્યાં ઈન્દ્રભૂતિ ગૌતમ છે અને બીજી તરફ તીર્થંકર મહાવીરની ધર્મસભા જ્યાં દેવો સહિત અનેક લોકો જઈ રહ્યા છે અને ઈન્દ્રભૂતિનો અહંકાર જાગે છે ને વાદવિવાદ કરવા ત્યાં જાય છે, ત્યારે મનમાં ધ્યેય હતો કે પોતાના જ્ઞાનથી સર્વજ્ઞ પ્રભુ મહાવીરને હરાવવા અને પોતાનું 'હું'પણું જાળવી રાખવું. જ્યારે ઈન્દ્રભૂતિ ત્યાં પહોંચે છે, ત્યારે પ્રભુ ગૌતમસ્વામીને નામથી બોલાવે છે. ગૌતમસ્વામી જુએ છે કે વાતાવરણમાં અહિંસા, કરુણા, વિશ્વવાત્સલ્યનો ભાવ હતો, જે ગૌતમસ્વમીને પીગળાવે છે, પ્રભુ તરફ ખેંચે છે, પણ ફરી ઈન્દ્રભૂતિનું અભિમાન

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ.રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪ ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC : BKID0000039
• Website : www. mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com web editor : Hitesh Mayani - 9820347990

જાગે છે અને એ ભાવમાં વહેવા નથી દેતું. પણ સામે ઉભેલા ગૌતમને નામ અને ભાવથી બોલાવી વર્ધમાન પ્રભુ જીતતા ગયા. એ ક્ષણ કેવી અલૌકિક હશે જયારે એક તરફ અભિમાન અને બીજી તરફ વાત્સલ્ય- પ્રભુ મહાવીર અને ગૌતમ સ્વામી ! ઇન્દ્રભૂતિના મનની શંકા, 'જીવ છે કે નહીં', એ પૂછ્યા વગર, જાણી લઇ પ્રભુ શંકાનું સમાધાન આપે છે. જીવના અસ્તિત્વ અંગે તેમના જ શાસ્ત્રનો તાત્વિક અર્થ સમજાવી સ્પષ્ટ કરે છે. મરણ સાથે જ જીવન પૂરું થઇ જતું હોત તો. સ્વર્ગરૂપી સુખ અને નરકરૂપી દુઃખ કોણ ભોગવશે? શરીરને પ્રિય અપ્રિયનો સંયોગ અને અશરીરનો વિયોગ એ પણ કોઈ વિશિષ્ટ તત્વના અસ્તિત્વનું જ સૂચન કરે છે જેને જીવતત્વ કે ચેતન તત્વ, નામ આપી શકાય. વીરની વાણીથી સંતુષ્ટ થયેલ અત્યંત બૌધ્ધિક ગૌતમ એમના શિષ્ય બને છે. અને એમના પછી બીજા દસેય પંડિતોની શંકાનું નિવારણ થતા, વીરના શિષ્ય બને છે અને એ વાર્તાલાપ જેને આપણે 'ગણધરવાદ' કહીએ છીએ.

ગૌતમ સ્વામી પ્રભુ પાસે દીક્ષા લઇ પોતાની સાધનાના માર્ગે આગળ વધે છે. વળી, બાળકના જેવો સરળ એમનો સ્વભાવ હતો; સ્ફટિક રત્ન જેવું નિર્મળ અને સાવ સરળ એમનું અંતઃકરણ હતું; વિનમ્રતા અને વિવેકશીલતાની તેઓ મૂર્તિ હતા; અમૃત સમી મધુર અને કલ્યાણકારી તેઓની વાણી હતી - એ વાણી શું હતી, જાણે હૃદયસ્પર્શી લાગણીઓની સરવાણી હતી. તેઓ બોલતા અને જાણે ફૂલ વરસતાં અને સર્વત્ર સાધુતા અને સુજનતાની ફોરમ પ્રસરી રહેતી. અને એમનો વ્યવહાર- વર્તાવ પણ સર્વ કલ્યાણકારી હતો. ખરી રીતે આવી ગુણવિભૂતિની પ્રાપ્તિ એ જ સાચી અને મોટામાં મોટી લબ્ધિ હતી, મોટો ચમત્કાર હતો, જેનાથી ગમે તેવો જીવ પણ એમને વશ થઈ જતો. શક્તિ સાથે સમર્પણભાવ હતો. દિવાળીના દિવસો નિકટ આવે ત્યારે મને ગૌતમ સ્વામીના પ્રશ્નો અત્યંત યાદ આવે. એ પ્રશ્ન પૂછવાની, જાણવાની, બાળક બનવાની, ગુરુના વાત્સલ્યના અધિકારી બનવાની અને પોતાના જ્ઞાનને વધુને વધુ ઉત્તરોત્તર વધારવાની કેવી ઝંખના જોવા મળે છે ! ગૌતમ સ્વામી જેવી કુતુહલતા પણ ઝંખીએ અને તેમના જેવું સમર્પણ પણ, તેમના જેવો નિર્દોષ વિલાપ અને એ વિલાપમાંથી પ્રગટતું જ્ઞાન, કેવળજ્ઞાન.

ગુરુ ગૌતમની નમ્રતા અને જિજ્ઞાસા તો જુઓ. પોતે ચાર જ્ઞાનના ધારક હતા, અનેક વિદ્યાઓના પારંગત હતા અને માતા સરસ્વતીના લાડકવાયા હતા, છતાં પોતાની જિજ્ઞાસા સંતોષવા, નવી વાતને જાણવા કે પોતાની શંકાઓનું નિવારણ કરવા, પોતાના પાંડિત્યનો ઉપયોગ કરવાને બદલે, ભગવાન મહાવીરને જ તેઓ પ્રશ્ન પૂછતા, નમ્રાતિનમ્ર બનીને ગૌતમસ્વામી ક્ષણે ક્ષણે પ્રભુની વાણીને ચારે તરફ સમજાવે છે, શંકાઓ દૂર કરી પ્રભુનું શાસન પણ ફેલાવે છે અને બીજી તરફ પોતાની મુક્તિ અંગે પણ વિચાર કરતા રહે છે. પણ જેની અભિલાષા કરીએ, તે વધુને વધુ દૂર જાય, અને એટલે જ એમની મુક્તિ લંબાતી જાય છે. તેઓ જેને ધર્મ પ્રતિબોધ આપતા તેઓ કેવળજ્ઞાની બનતા પણ પોતાને આ જ્ઞાન પ્રાપ્ત નહોતું થઇ રહ્યું. અને એનું કારણ પણ કેવું હતું કે પ્રભુ તરફનો સ્નેહભાવ અને તે જ તેમના મોક્ષ માર્ગમાં બાધારૂપ હતો. એક ક્ષણનો પ્રમાદ પણ ન કરવાનો અને જીવનની અસ્થિરતા અંગે સતત જાગૃત રહેવાનો સંદેશ આજ સુધી સહુ કોઈને લાગુ પડે છે. બીજી તરફ આનંદ અને ગૌતમસ્વામીનો પ્રસંગ પણ એ જ કહે છે કે પોતાનો શિષ્ય પણ જો વધુ જ્ઞાન પ્રાપ્ત કરે, તો તેને નમવું અને પોતાની ભૂલ એની સામે સ્વીકારવી, એ વિશાળતા ગૌતમ સ્વામી પાસે હતી. અનેક જીવોના ઉદ્ધારક તેઓ બને છે. ભગવાન મહાવીર ઓગણચાલીસમું ચોમાસું મિથિલા નગરીમાં રહ્યા હતા. આ વખતે ગૌતમસ્વામીએ સૂર્ય, ચંદ્ર વગેરેના સ્વરૂપ, એમની ગતિ, એમની સંખ્યા, એમની સ્થિતિ, એમના કાર્ય વગેરેને લગતા સંખ્યાબંધ પ્રશ્નો પૂછીને આકાશમંડળમાં બિરાજતા જ્યોતીષચક્ર સંબંધી જ્ઞાન મેળવ્યું. ભગવાને પણ આ પ્રશ્નોના એવા વિસ્તૃત જવાબો આપ્યા કે એના ઉપરથી સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ જેવા આગમગ્રંથોની રચના થઈ.

સત્યોતેર વર્ષ જેટલી મોટી ઉંમરે પણ ગૌતમસ્વામીની જિજ્ઞાસા કેટલી ઉત્કટ હતી અને સર્વજ્ઞ ભગવાન પાસેથી એનો ખુલાસો મેળવવા તેઓ હંમેશા કેવા તત્પર રહેતા, તે એમના ઉપરથી સવાલો જાણી શકાય છે.

ગૌતમસ્વામી સતત જાગ્રત જિજ્ઞાસાના અને શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સર્વગ્રાહી જ્ઞાનના પ્રતીક હતા કે

પ્રતિનિધિ હતા. ગૌતમ સ્વામી જ્યારે પણ અવકાશ મળતો કે જરા પણ મનમાં શંકા જાગતી ત્યારે, એનું સમાધાન પોતાના શ્રુતાભ્યાસ, અનુભવજ્ઞાન કે વિશિષ્ટ જ્ઞાનના બળે મેળવવાને બદલે, નમ્રાતિનમ્ર બનીને, એક જિજ્ઞાસુ બાળકના જેવી સરળતાથી, ભગવાનને પ્રશ્નો પૂછતા અને ભગવાન પણ પૂર્ણ વાત્સલ્યથી એ પ્રશ્નોના ઉત્તર આપતા. ગૌતમસ્વામીને મુખેથી નીકળતું ''**भंते!**'' સંબોધન અને પ્રભુ મહાવીરના મુખેથી નીકળતો ''**गोयम!**'' શબ્દ કેવા આદર અને હેતનાં સૂચક લાગે છે!

ગૌતમ : હે ભગવાન્! શાસ્ત્ર સાંભળવાનું શું ફળ સમજવું?

મહાવીર : ગૌતમ ! એનું ફળ જ્ઞાન છ.

ગૌતમ : હે ભગવન્ ! જ્ઞાનનું ફળ શું છે?

ભગવાન : હે ગૌતમ ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન એટલે કે સારાસાર સમજવાનો વિવેક; એટલે કે વસ્તુના જ્ઞેય-હેય-ઉપાદેયપણાનો ખ્યાલ.

ગૌતમ : હે ભગવાન્ ! વિજ્ઞાનનું ફળ શું ?

ભગવાન : હે ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન (પચ્ચકખાણ) એટલે પાપપ્રવૃત્તિનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા.

ગૌતમ : હે ભગવાન્ ! આવી પ્રતિજ્ઞાનું શું ફળ!

ભગવાન : હે ગૌતમ ! એનું ફળ સંયમ.

ગૌતમ : હે ભગવન્ ! સંયમનું શું ફળ?

ભગવાન : હે ગૌતમ ! સંયમથી પાપકર્મનાં દ્વારો (આશ્રવો) બંધ થાય.

અનેક જીવોને પ્રતિબોધનાર ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન પ્રભુ માટેના અનુરાગને કારણે રોકાયું હતું. અને એ તોડવા પ્રભુ આકરું પગલું લે છે. પોતાના અંત સમયે દેવશર્માને પ્રતિબોધવા ગૌતમને બાજુના ગામમાં મોકલે છે. અને પાછા વળતા જ્યારે જાણ થાય છે કે પ્રભુ નિર્વાણ પામ્યા છે ત્યારે આઘાત લાગે છે. ઊંડી વેદના, અંધકાર અને અસહાયતા અનુભવે છે. અને એ વિલાપ જ એમની મુક્તિનું કારણ બને છે.

ગૌતમના અણુ અણુમાંથી પ્રભુના વિરહની વેદનાનું ક્રંદન ઊઠી રહ્યું છે. ગૌતમ જાણે પોતાની જાતને જ વિસરી ગયા છે અને પ્રભુના નામના નિસાસા નાખીને પોતાની અસહ્ય વેદનાને વ્યક્ત કરવા પ્રયત્ન કરી રહ્યા છે. આ વિલાપમાં જગતનું સત્ય અને જ્ઞાનનો માર્ગ જોવા મળે છે. એ વિલાપમાં ચિંતન મળે છે.

ગૌતમસ્વામીનું ચિંતન વધારે ઘેરું બન્યું અને એમને સ્પષ્ટ ભાસ્યું કે પ્રભુ મારા ઉપર મમતા રાખતા હતા એવી મારી માન્યતા જ ભ્રમણથી ભરેલી છે. મમતા, આસક્તિ, અનુરાગદૃષ્ટિ એ બધું તો હું જ પ્રભુ ઉપર રાખી બેઠો હતો. અને **આ રાગદૃષ્ટિનો થોડોક પણ મેળ હોય ત્યાં આત્મસિદ્ધિનું અમૃત પ્રગટ ન થઈ શકે** એ વાત તો પ્રભુએ સ્વમુખે જ મને સમજાવી છે, છતાં હું પ્રભુની એ શિખામણ વીસરી ગયો અને પ્રભુ ઉપરના અનુરાગમાં રાચતો રહ્યો! મારી સિદ્ધિને રોકનાર હું પોતે જ છું! આમાં લોકોના નાથ ભગવાનો શો દોષ?

અને એ પશ્ચાતાપ અને આત્મનિરીક્ષણના તાપમાં ગૌતમ સ્વામીનાં મોહ-માયા-મમતાનાં શેષ બંધન પળવારમાં ભસ્મ થઈ ગયાં, એમનો આત્મા પૂર્ણ નિર્મળ બની ગયો અને એમના જીવનમાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી ગયો.

એ નવા વર્ષનો દિવસ એટલે કારતક સુદ એકમ, પ્રભુ નિર્વાણના બીજા જ દિવસે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન !! આમ આ કારણોથી દિવાળી જૈનોનો સૌથી વધુ મહત્વના તહેવારોમાંનો એક છે. મહાવીર પ્રભુએ અમાસની (નવો ચંદ્ર) વહેલી પરોઢે નિર્વાણ મેળવ્યું હતું. ઈસ. પૂર્વે ત્રીજી સદીમાં આચાર્ય ભદ્રબાહુ રચિત કલ્પસૂત્ર અનુસાર ઘણા દેવતાઓ ત્યાં ઉપસ્થિત હતા અને અંધકારને પ્રકાશથી અજવાળતા હતા ત્યાર બાદની રાત કાળી અંધારી હતી અને તેમાં દેવતાનો કે ચંદ્રનો પ્રકાશ નહોતો. તેમના ગુરુની જ્ઞાનની જ્યોતને જીવંત રાખવાના પ્રતિક તરીકેઃ કાશી અને કોસલના ૧૬ ગણ-રાજા, ૯ મલ્લ અને ૯ લિચ્છવીઓએ તેમના દરવાજા પ્રકાશિત કર્યા હતા. તેઓએ કહ્યુંઃ ''જ્ઞાનનો પ્રકાશ જતો રહ્યો હોવાથી આપણે સામાન્યવસ્તુઓથી અજવાળું કરીશું'' (''**गये से भवुज्जोयं करिस्समो**'')

દિપાવલીનો સૌ પ્રથમ ઉલ્લેખ જૈન પુસ્તકોમાં આવે છે અને આ તારીખને મહાવીરસ્વામીના નિર્વાણનો દિવસ કહેવામાં આવે છે. હકીકતમાં દિવાળીનો સૌથી પ્રાચીન સંદર્ભ દિપાલિકાયા શબ્દ સાથે સંકળાયેલો છે, આ શબ્દ આચાર્ય જિનસેન લિખિત હરિવંશ-પુરાણમાં જોવા મળે છે.

ततस्तुः लोकः प्रतिवर्षमादरत् प्रसिद्धदीपलिकयात्र भारते।
समुद्यतः पूजयितुं जिनेश्वरं जिनेन्द्र–निर्वाण विभूति–भक्तिभाक्।।२०।।

તતસ્તુઃ લોકઃ પ્રતિવર્ષમારત પ્રસિદ્ધદીપલિક્યાત્ર ભારતે
સમુદ્યતઃ પૂજયિતું જિનેશ્વરં જિનેન્દ્ર-નિર્વાણ વિભૂતિ-ભક્તિભાક

**અનુવાદઃ** આ પ્રસંગના માનમાં દેવતાઓએ પાવાપુરીને દીવડાઓના પ્રકાશથી ઝગમગાવી હતી. કારણ કે તે સમયે ભારતના લોકો ભગવાન જિનેન્દ્ર (એટલે કે ભગવાન મહાવીર)ના નિર્વાણ પ્રસંગે તેમની ભક્તિ માટે પ્રખ્યાત તહેવાર ''દિપાલિકા''ની ઉજવણી કરી રહ્યા હતા.

દિપાલિકાયાનો અર્થ ''શરીરને છોડીને જતો પ્રકાશ'' પણ કરી શકાય. દિપાલિકા શબ્દ કે જેનો અર્થ થાય છે ''દીવાઓનો દિવ્ય પ્રકાશ'', ''દિવાળી'' શબ્દના પર્યાય તરીકે તે શબ્દનો ઉપયોગ થાય છે.જૈનો દ્વારા દિવાળીની ઉજવણી ઘણી રીતે અલગ પડે છે. જૈનો જે કંઈ પણ કરે છે તે તમામ પ્રવૃત્તિઓમાં સંયમવૃત્તિ પર ભાર મૂકવામાં આવે છે અને દિવાળીની ઉજવણી પણ આમાંથી બાકાત નથી.

ગૌતમસ્વામી પોતાની કાયાનો, વિશ્વના જીવોના કલ્યાણ માટે નિરંતર ઉપયોગ કરતા રહ્યા. અને બાણું વર્ષની પરિપક્વ વયે, જ્યારે એમણે જોયું કે કાળધર્મનો, જવાનો વખત થઈ ગયો છે ત્યારે, તેઓ રાજગૃહનગરમાં વૈભારગિરિ ઉપર પધાર્યા અને કાયાની માયા ઉપર પૂર્ણ વિજય મેળવીને એમણે એક માસનું અણસણ સ્વીકાર્યું.

એ અણસણને અંતે ગૌતમસ્વામી મહાનિર્વાણ પામ્યા.

એમની આત્મજ્યોત ભગવાન મહાવીર અને અનંત મુક્ત આત્માઓની જ્યોતમાં સદાને માટે ભળી ગઈ.

ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામી તે દિવસે અક્ષર સુખના સ્વામી બની સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

રાજગૃહનગરનું ગુણશીલ ઉદ્યાન (વર્તમાન ગુણાયાતીર્થ) ગુરુ ગૌતમસ્વામીના અંતિમ સંસ્કારની સ્મૃતિરૂપે રચવામાં આવેલ જળમંદિરથી પવિત્ર તીર્થધામ બની ગયું.

**સમભાવ એ જ મોક્ષનો અંતિમ ઉપાય. સમભાવને માટે અહિંસા જોઈએ. અહિંસા કરુણાને જન્માવે. કરુણા વાત્સલ્યને જન્મ આપે. વાત્સલ્ય વિશ્વમૈત્રીની ભાવનાને પ્રગટાવે અને વિશ્વ મૈત્રીની ભાવના જીવનમાં અભય, અવૈર અને અદ્વેષની પ્રતિષ્ઠા કરીને અને સર્વત્ર વાત્સલ્યની અમૃતસરિતાને વહાવીને સાધકને કૃતાર્થ કરે.**

જીવનસાધના, યોગસાધના કે મોક્ષસાધનાનો આ જ રાજમાર્ગ જે સાધક એ માર્ગનો પુણ્યયાત્રિક બને એનાં મોહ-માયા-મમતાનાં જાળાં અને કલેશો-કષાયો-કર્મોનાં બંધન દૂર થઈ જાય; અને એનો આત્મા સર્વ જીવોના કલ્યાણની મંગલમય ભાવનાથી ઉલ્લસિત બની જાય અને ''સવિ જીવ કરું શાસનરસી, ઈસિ ભાવદયા મન ઉલ્લસી'' એ કવિવાણીનો ભાવ એના મન-વચન-કાયાના સમગ્ર વ્યવહારમાં વ્યાપી જાય. પછી તો એ વિશ્વના કલ્યાણમાં જ પોતાના કલ્યાણનાં દર્શન કરવા લાગેઃ વિશ્વના જીવો સાથે એ આવી અતિવિરલ એકરૂપતા અનુભવે.

ગુરુ ગૌતમસ્વામી આવા જ વિશ્વકલ્યાણકારી સાધક હતા. પોતાની આવી વિનમ્ર સાધનાને બળે જ તેઓ જગતના જીવો માટે મંગલમય વિભૂતિ બની ગયા હતા અને એમનામાં અનેક લબ્ધિઓ, ઋદ્ધિઓ અને સિદ્ધિઓની અદ્ભુત અને ચમત્કારી શક્તિઓ પ્રગટી હતી.

આવા ગૌતમનો સમર્પણભાવ અને લગની અને વિલાપ આપણને સહુને મળે તો બીજું શું જોઈએ ?

આ વિલાપમાં વેદના સાથેની જાગૃતિ છે, પોતાના આત્માને જોવાની શક્તિ છે, પોતાના પડળ પોતે જ છેદવાની તાકાત છે, આ વિલાપ આત્મચિંતન ભણી લઈ જાય છે, આ વિલાપ જૈન સાહિત્યમાં ખૂબ ગવાયો, રચાયો છે. એને સમજવાની આપણી ક્ષમતા આપણે જ વિકસાવવી પડે, પોતે, જાતબળે. અન્ય ક્યાય કદી જોવા-સાંભળવા ન મળ્યો હોય તેવો વિલાપ, જાત પખાળતો વિલાપ અને એ જાગૃતિ હું નિરંતર ઝંખું છું, તમે ?

ગૌતમસ્વામી માત્ર સમર્પણ નથી શીખવાડતા, પણ જાગૃતિ, આભાની પળેપળે મુક્તિની ઝંખના, જ્ઞાનની તરસ, જેમાં માનો છો તેના પ્રસારની ખેવના, ઝીલવાની અને વહેંચવાની શક્તિ શીખવે છે. મેં જ્ઞાન અને રાગનું આવું અદ્ભૂત મિલન ભાગ્યે જ જોયું છે. જ્ઞાનની ઊંચાઈ અને રાગની નિર્મળતાનો અંશ માત્ર મારા અસ્તિત્વને ઉજાગર કરે તો હું જન્મની સાર્થકતા અનુભવું આવનાર નવા વર્ષે હું ફરીએકવાર પ્રયત્ન તો કરી જોઉં, જૈન હોવાનો, મારા જૈનત્વને સમજવાનો જૈનત્વને ઉજાળવાનો, મારી અંદર રહેલા આ અમૂલ્ય મહાવીરત્વને ઉજાળવાનો, માનવત્વ ઉજાળવાનો, આત્મિક સત્ય સમજવાનો.

❖ ❖ ❖ ❖

**– ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨.૦૦ થી રાતના ૭.૦૦ સુધી)

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

ધર્મ પ્રેમી સુજ્ઞ સ્વજન,

નમસ્તે જય જિનેન્દ્ર આપ સૌની કુશળતા ઈચ્છુ છું. આજના કપરા કોવિદ કાળમાં આપની અને આપના પરિવારના સ્વાસ્થય માટે શુભેચ્છા આપું છું.

આપ જાણો છો કે આ વર્ષે સંજોગવસાત દર વર્ષે યોજાઈ એ પ્રકારની વ્યાખ્યાનમાળા થઈ શકી નથી. પરંતુ મુ.શ્રી પદ્મશ્રી કુમારપાળ દેસાઈના સાથ અને સહકારને કારણે આપણે વર્ચ્યુઅલ વ્યાખ્યાનમાળાનો ધર્મલાભ પામ્યા. છેલ્લા ૩૫ વર્ષથી પર્યુષણના આ દિવસોમાં વ્યાખ્યાનમાળા દરમિયાન આપણે કોઈ એક આદિવાસી વિસ્તારની સંસ્થા દત્તક લઈ આર્થિક સહયોગ આપીએ છીએ. પરંતુ આ વર્ષે કોવિદને કારણે આપણે આવી કોઈ સંસ્થાને દત્તક લઈ શક્યા નથી.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**ની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે (૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા (૨) પ્રબુદ્ધ જીવન સામયિક (૩) અનાજ રાહત. (૪) શૈક્ષણિક ફી રાહત અને વિવિધ ક્ષેત્રે કરુણાના કાર્યોને વિકસાવવા માટે આર્થિક ભંડોળની જરૂર પડે છે. વળી ઘટતા વ્યાજ અને વધતી મોંઘવારીને કારણે સંઘને સતત આર્થિક ખર્ચ અનુભવવો પડે છે. વિવિધ પ્રવૃત્તિ સિવાય સંઘના પોતાના કાર્યાલયની જગ્યા માટે પણ આથિ'ક ભંડોળની તાતી જરૂર છે. આ પરિસ્થિતિન ધ્યાનમાં રાખીને આ વર્ષે સંસ્થાના પાયાની જરૂરિયાતને વધુ મજબૂત કરવા અને સંસ્થાના વિકાસ માટે આર્થિક ભંડોળ ઉભુ કરવાનું નક્કી કર્યું છે.

આ શુભ કાર્ય માટે આપ આપની ઈચ્છા અને શક્તિ મુજબ ફાળા આપીને સંઘની ઝોળી છલકાવી દેવા આપને મારી નમ્ર વિનંતી છે. વર્ષો વર્ષની જેમ મળતા આપના સાથની અને સહકારની અપેક્ષા સાથે સંઘના હોદ્દેદારો તેમ જ કમીટી મેમ્બર વતી.

આપનો નમ્ર

લી. **નિતીન સોનાવાલા** પ્રમુખ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

નોંધ : ફંડમાં આવેલ ડોનેશનમાં પેન નંબર તથા સરનામું અનિવાર્ય છે. દાનની રકમ ચેક અથવા રોકડેથી સ્વીકારવામાં આવશે. ચેક શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામનો આપવા વિનંતી. આપેલા દાન આવકવેરા ધારાની કલમ ૮૦જી હેઠળ કર રાહત પાત્ર છે. બહારગામના દાતાઓ દાનની રકમ સંસ્થાના બેંક ઑફ ઈન્ડિયાની કોઈપણ શાખામાં કરંટ એકાઉન્ડ નંબર **003920100020260** પ્રાર્થનાસમાજ બ્રાન્ચ **(IFCS:BKID0000039 )** ભરી શકો છો. રૂપિયા ભરીને બેંકની સ્લીપ તથા પેન નંબર અને સરનામું આમને મોકલશો તો તરત જ આપને સંસ્થાની રસીદ મોકલી આપશું.

1) **Day 01**
**Paryushan Parvano Visisht Mahima**
પર્યુષણ પર્વોનો વિશિષ્ટ મહિમા
**https://youtu.be/7Yx85RZ0z5o**
-----------------------

2) **Day 02**
**Kashay thi Atamshudhi Taraf**
કાશાય થી આત્મશુદ્ધિ તરફ
**https://youtu.be/eY_DD1ZWYP8**
-----------------------

3) **Day 03**
**Shri Navkar MahaMantra : Ek Vaishvik Mantra** શ્રી નવકાર મહામંત્રઃ એક વૈશ્વિક મંત્ર
**https://youtu.be/4Is_Oqm5qNk**
-----------------------

4) **Day 04**
**Kalpvrushk Shaman Kalpsutra**
કલ્પવૃષ્ક શમન કલ્પસૂત્ર
**https://youtu.be/LCoTSSAS5FQ**
-----------------------

5) **Day05**
**Bhagwan Mahavir Na Jeevan Na Rahasya**
ભગવાન મહાવીરના જીવનના રહસ્ય
**https://youtu.be/VmkCx1VfNQE**
-----------------------

6) **Day 06**
**Labdhi Na Bhandar Guru GautamSwami**
લબ્ધીના ભંડાર ગુરુ ગૌતમસ્વામી
**https://youtu.be/nWxX6_18nbY**
-----------------------

7) **Day 07**
**Jain Dharmanu Prabhavak Meghdhanush**
જૈન ધર્મનું પ્રભાવક મેઘધનુષ
**https://youtu.be/9NmQfZ38Img**
-----------------------

**8) Day 08**
**Kshamapana Sauthi Mahaan**
ક્ષમાપના સૌથી મહાન
**https://youtu.be/mvLzB9n-pyU**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા -૮૬

આપણા સંઘની ૮૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા અત્યંત વેગળી રહી. કોરોનાની મહામારીને કારણે સરકારી નિયમોને આધિન રહીને પ્રત્યક્ષ વ્યાખ્યાનમાળા યોજવાનું શક્ય ન હતું, તેથી જ પહેલી વાર પરોક્ષ - વર્ચ્યુઅલ વ્યાખ્યાનમાળાનું આયોજન થયું. હકીકતમાં જુલાઈ મહિનાના પ્રબુદ્ધ જીવનમાં તમને જણાવવામાં આવ્યું હતું કે આ વર્ષે વ્યાખ્યાનમાળાનું આયોજન રદ કરવામાં આવ્યું છે. વળી સંઘના પ્રમુખ શ્રી નિતિનભાઈ સોનાવાલા કોરોનામાં સપડાયા હતા તેથી ૮ દિવસ હોસ્પીટલમાં હતા તેઓ જ્યારે ઘરે આવ્યા ત્યારે સહજ ભાવે પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ સાથે એમની વાત થઈ. કુમારપાળભાઈએ એમને ઘણી હિમત આપી અને સધિયારો આપ્યો અને એમની વાતને માથે ચઢાવી ફક્ત ચાર દિવસના ટૂંકા ગાળામાં શ્રી નિતિનભાઈએ વ્યાખ્યાનમાળા (વર્ચ્યુઅલ) ગોઠવવાનું નક્કી કર્યું. આપણા સૌના પુણ્યપ્રતાપે સર્વશ્રી કુમારપાળભાઈ દેસાઈએ પર્યુષણપર્વના આઠે આઠ દિવસ અલગ-અલગ વિષયો પર અત્યંત મનનીય પ્રવચન આપતા, એમના બધાં જ પ્રવચનો અમદાવાદ ખાતે રેકોર્ડીંગ થયા અને મુંબઈ ખાતે આપણા સંઘની ઓફીસમાંથી સંઘના પ્રમુખ શ્રી નિતિનભાઈ સોનાવાલાએ સંચાલન કર્યું. વળી દરેક પ્રવચનને અંતે સંઘના મંત્રી તેમજ પ્રબુદ્ધજીવનના તંત્રી શ્રીમતી ડૉ. સેજલબેન શાહ દ્વારા દરેક વ્યાખ્યાનની સચોટ અને સરળ સમીક્ષા થઈ જાણે સોનામાં સુગંધ ભળી. આમ છેલ્લા ૮૫ વર્ષથી યોજાતી જ્ઞાન યાત્રાનો પ્રવાસ ચાલુ રહ્યો તેને આપણને સંતોષ અને આનંદ થયો.

યુ ટ્યુબ દ્વારા આ વ્યાખ્યાનમાળાનો સરેરાશ રોજના ૮૦૦ થી ૧૦૦૦ વ્યક્તિઓએ દેવ-વિદેશમાં સાંભળવાનો લાભ લીધો.

પર્યુષણ પર્વના અંતિમ દિવસે, સંવત્સરીની ક્ષમાપના કરતાં શ્રીમતી ભારતીબેન પારેખે આ વ્યાખ્યાનમાળા યોજવામાં જેમની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ મળ્યો હતો તેમનો આભાર માનીને પૂર્ણાહૂતિ કરી.

આ વર્ષની વર્ચ્યુઅલ વ્યાખ્યાનમાળા માટેનાં આપના પ્રતિભાવ આવકાર્ય છે.

– **ભરતભાઈ પારેખ** – માનદ સહકોષાધ્યક્ષ

## જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૬૫,૦૦૦ | ઓનવર્ડ ફાઉન્ડેશન શ્રી હરિશભાઈ મહેતા |
| ૫૦,૦૦૦ | શ્રીમતિ ચંદનબેન બાવાલાલ લહેરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી કનુભાઈ શાહ |
| ૨૫,૦૦૦ | જાસુદબેન કાન્તિલાલ સોનાવાલા હસ્તે શ્રી નિતિનભાઈ સોનાવાલા |
| ૨૧,૦૦૦ | ઉષાબેન પી. શાહ - પ્રવિણચંદ્ર કાલિદાસ શાહના સ્મરણાર્થે |
| ૧૦,૦૦૦ | ઈન્દ્રવદન સી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી હરેશ એમ. ધ્રુવ |
| કુલ રૂા. ૨,૭૬,૦૦૦ | |

## પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૨૫,૦૦૦ | શ્રી ચંદ્રકુમાર ઝવેરી સૌજન્યદાતા | એપ્રિલ ૨૦૨૦ |
| ૨૫,૦૦૦ | સેવંતિલાલ કાન્તિલાલ ટ્રસ્ટ | જુન ૨૦૨૦ |
| ૨૫,૦૦૦ | શ્રી ભરતભાઈ ભીમાણી ભાવનગર | જુલાઈ ૨૦૨૦ |
| કુલ રૂા. ૭૫,૦૦૦ | | |

# ચાર ખંડના જુદા જુદા દેશોમાં કુમારપાળ દેસાઈનાં પર્યુષણ-વ્યાખ્યાનો

કોરોના મહામારીના સમયમાં આ વર્ષે પર્વાધિરાજ પર્યુષણની આરાધના કે વ્યાખ્યાન પ્રત્યક્ષ રૂપે થઈ શકે તેમ નહોતા. આવી પરિસ્થિતિમાં જુદા જુદા દેશોમાં લાઈવ અથવા રેકોર્ડેડ વ્યાખ્યાનોનું આયોજન થયું. આ સંદર્ભમાં એક નવી ઘટના એ બની કે સામાન્ય રીતે કોઈ સેન્ટરના સભાગૃહમાં કે કોઈ અન્ય સ્થળે ચારસો, પાંચસો કે હજાર જેટલા ધર્મરસિકો વ્યાખ્યાન સાંભળતા હોય છે. જ્યારે આ વખતે પર્વાધિરાજ પર્યુષણ સમયે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનાં વ્યાખ્યાનોનું રોજેરોજ લાઈવ પ્રસારણ ડલાસ, હ્યુસ્ટન, કનેક્ટીકટ, ઑસ્ટિન, તલસા. ચેરિ હીલ, નીલપિટાસ, નોર્ધન કેલિફોર્નિયા અને મિનેસોટા જેવા જુદાં જુદાં જૈન સેન્ટરોમાં પર્વાધિરાજ પર્યુષણને અનુલક્ષીને કરવામાં આવ્યું. અમેરિકાની જૈના સંસ્થાએ પણ એનું લાઈવ પ્રસારણ કર્યુ હતું, જેનો લાભ દસ હજાર શ્રોતાઓએ લીધો હતો. તો એની સાથોસાથ પર્યુષણના આઠેય દિવસ અમદાવાદના ધર્મજાગૃતિ કેન્દ્ર અને ગુજરાત સમાચાર ટીવી (જી.એસ.ટીવી) પર, મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા કુમારપાળ દેસાઈનાં વ્યાખ્યાનો યોજાયાં હતાં, જ્યારે ઇંગ્લૅન્ડમાં વન જૈન સંસ્થા દ્વારા અને બેલ્જિયમના એન્ટવર્પમાં જૈન કલ્ચર સેન્ટર એન્ટવર્પ દ્વારા આઠેય દિવસનાં પ્રવચનો રજૂ થયાં હતાં. આફ્રિકામાં દારેસલામ જૈન સંઘ દ્વારા પણ રોજેરોજ એમનાં વ્યાખ્યાનો રજૂ કરવામાં આવ્યા. આ રીતે ભારત, આફ્રિકા, યુરોપ અને અમેરિકા એમ ચાર જુદા જુદા ખંડોમાં પર્યુષણને અનુલક્ષીને ડૉ. કુમારપાળ દેસાઈનાં પર્વાધિરાજ પર્યુષણનો મહિમા, કષાયથી આત્મશુદ્ધિ તરફ, નમસ્કાર મહામંત્રનું રહસ્ય, કલ્પસૂત્રની ગહનતા, ભગવાન મહાવીરનું વિશ્વદર્શન, ગણધરવાદ, જૈન ધર્મનો ગૌરવવંતો ઇતિહાસ અને ક્ષમાપના જેવા વિષયો ઉપર વ્યાખ્યાનો રજૂ થયાં હતાં.

❖ ❖ ❖ ❖

# જૈન સામયિક જગતની એક અભૂતપૂર્વ ઘટના

જૈના ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા સમગ્ર વિશ્વના જૈનો અને વિચારકો માટે એક અદ્‌ભુત વૈચારિક પગલું : **''જૈન એવન્યુ''** સામયિકનું પ્રકાશન બદલાતાં સમય સાથે જૈન સમાજમાં અંગ્રેજી ભાષાનું ચલણ વધ્યું છે, સાથે સાથે ડીજીટલ માધ્યમોનો પ્રયોગ વધ્યો છે.

એવા સમયે અમેરિકામાં રહેતા જૈન વિચારક દિલીપ ભાઈ શાહને એક અભૂતપૂર્વ વિચાર આવ્યો કે જૈન સમાજનું એક ડીજીટલ અંગ્રેજી સામાયિક હોવું જોઈએ અને તેમની દીર્ઘદષ્ટિના ફળરૂપે દર મહિને પ્રગટ થતું સામાયિક એટલે **''જૈન એવન્યુ''** સામાયિક. જેનો આરમ્ભ પર્યુષણના પ્રથમ દિવસ એટલે કે ૧૫મી ઓગસ્ટથી કરવામાં આવ્યો.

પર્યાવરણની દષ્ટિએ અતિઉપયુક્ત આ સામાયિક ઈ- સ્વરૂપે પ્રગટ થાય છે. અને દોઢ લાખથી વધુ લોકોને પહોંચે છે.

જૈન સમાજમાં વૈજ્ઞાનિક, પ્રગતિશીલ અને સર્વવાડાબંધીથી મુક્ત એવું આ પ્રકારનું પ્રથમ સામયિક છે.

આ સામયિકમાં વાસ્તવલક્ષી પક્ષની રજૂઆત સાથે, વૈજ્ઞાનિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક દષ્ટિકોણને રજૂ કરતાં જૈનધર્મ વિષયક લેખો પ્રગટ થાય છે. આજે જ્યારે ધર્મમાં યુવાનોની શ્રધ્ધા ઘટી રહી છે, સમાજમાં એક ચોક્કસ અંતર પડી ગયું છે ત્યારે આ સામયિક એક નવો જુવાળ લાવશે, નવી સમજ અને વિકસિત નજરથી જૈન ધર્મની અમૂલ્ય પરમ્પરાને ટકાવી રાખવાનો આ પ્રયત્ન અતુલ્ય છે, જેને સહુએ વધાવી લેવો જોઈએ. આનંદની વાત એ છે કે દુરદેશાવર બેઠેલા ''જૈન'' સંસ્થાના પૂર્વ પ્રમુખ અને અત્યારના સલાહકાર **શ્રી દિલીપભાઈ શાહ**ના હૈયે યુવા સમાજની ચિંતા અને જૈન ધર્મની પરંપરામાં શ્રધ્ધા એવી પ્રગટી, જેથી આ દિશામાં કાર્ય થયું.

એમની સાથે ભારત-મુંબઈ ખાતેથી સહકાર આપી રહ્યા છે, **ડો. બિપીન દોશી,** જેઓ પણ જૈન ધર્મના ભવિષ્ય માટે સતત ચિંતિત હોય છે, આ બન્ને વડીલ સલાહકાર આયુના થાકને ભૂલાવી શાશ્વતા ધર્મ અને વૈજ્ઞાનિક ધર્મને સહુ સમક્ષ **''જૈન એવન્યુ''** સામયિકના રૂપે લાવ્યા છે. આ સામયિકમાં માત્ર લેખો નથી, પરંતુ ઓડિયો, વિડીયો, પીપીટી પણ જોવા મળે છે. ઓક્ટોબરનો વિશેષાંક ''શાકાહાર'' પર છે, જેમાં સમગ્ર વિશ્વના ઉત્તમ સ્કોલરોના લખાણો સમાવિષ્ટ છે, ઉપરાંત શાકાહારને લગતી ફિલ્મ અને યુવા હૃદયના આજના મેન્ટર, યુવા આયકન, યુવા- પ્રતિભા - રાહુલ કપૂરના નિયમિત વિડીયો.

હવે દુનિયાના ઉત્તમ વિચારકોના વિચાર તમારા મોબાઈલ અથવા કમ્પ્યુટર પર, તમારા બાળકોને જે ભાષા આવડે છે, તે અંગ્રેજીમાં, જૈન દર્શનનું અભૂતપૂર્વ રૂપ.

''જૈન એવન્યુ'' સામયિક અંગ્રેજીમાં માત્ર પરંપરાગત વાતો ન કરતાં, નવા દષ્ટિકોણ, નવી વૈચિરિક, વ્યવહારિક અનુભૂતિનું સામયિક બનવા જઈ રહ્યું છે. આજના વર્તમાન સમયમાં, ભવિષ્યને તાકતું એક નવલું નજરાણું જૈન સમાજનું સર્વ માટે, દરેક સંપ્રદાયની વાડને ઓળંગી પ્રભુ મહાવીરના મૂળભૂત સિદ્ધાંતોની વાત કરતું સામયિક **''જૈન એવન્યુ''** બન્યું છે.

આ સામયિકને ફ્રીમાં મેળવવા સંપર્ક કરો :

અને બહેનશ્રી રાજવી શાહ - ૯૧ ૯૬૧૯૫ ૮૩૬૨૦ આ સામયિકને વાચવા માટે આ લિંક ને તમારા સ્ક્રીન પર ટાઈપ કરીને વાંચો :

**www. jainavenue.org**

આજે જ સબસ્ક્રાઈબ કરો અને આ જ્ઞાન કાર્ય માટે તમારો ફાળો નોંધાવો. એક મહિનાનું સૌજન્ય પદ મેળવવા ફોન કરો ઉપર આપેલા નંબર પર. (સાંજે ૪ થી ૬ની વચ્ચે) અને આ શ્રુતકાર્યનો ભાગ બનો.

# મૂલ્યો એટલે શું ?

## ડૉ. નરેશ વેદ

જીવન વિશે જ્યારે વાત થતી હોય છે ત્યારે એના આચારો, આદર્શો, સંસ્કારો, પરંપરાઓ તેમ મૂલ્યો વિશે પણ વિચારણા થતી હોય છે, પરંતુ આ જીવનમૂલ્યો એટલે શું એ અંગે લોકોમાં ખાસ જાણકારી હોતી નથી. અશિક્ષિત કે અલ્પશિક્ષિત લોકો એના વિશે કદાચ માહિતગાર ન હોય, એ સમજી શકાય, પરંતુ શિક્ષિત કે ઉચ્ચ શિક્ષિત લોકો પણ એના વિશે ખાસ જાણકારી ધરાવતા હોય એવું જોવા મળતું નથી. તો આ બાબતમાં લોકોના મનમાં સ્પષ્ટતા થાય, એ અંગે આ લેખમાં આપણે પ્રયત્ન કરીએ.

મૂલ્યો વિશે વાત કરીએ ત્યારે સૌપ્રથમ 'મૂલ્ય' એ સંજ્ઞાના અર્થસંકેતો તપાસી લેવા જોઈએ. આ સંજ્ઞાનો કોશગત અર્થ છે, મૂલ્ય એટલે કિંમત, યોગ્યતા, લાયકાત; એમાંથી કિંમત એવો પ્રથમ અર્થ લઈએ તો એનો સંકેત છે, મૂલ્ય એટલે કાર્યસાધક શક્તિ. દરેક વસ્તુનું એક મૂલ્ય હોય છે, એમ એટલા માટે જ કહેવાય છે. યોગ્યતા એવો બીજો અર્થ લઈએ તો એનો સંકેત છે, મૂલ્ય એટલે મહત્તા (Worthiness) જેમ કે જીવનમાં શિક્ષણનું મૂલ્ય ઘણું છે, મતલબ કે એનું મહત્ત્વ ઘણું છે, એ મૂલ્યવાન છે. લાયકાત એવો ત્રીજો અર્થ લઈએ તો એનો સંકેત છે મૂલ્ય, એટલે પાત્રતા. દરેક વ્યક્તિ શિક્ષણસાધના કે અધ્યાત્મસાધના માટે પાત્રતા ધરાવતી નથી, કોઈની પાત્રતા ઓછી, તો કોઈની વધારે હોય છે એમ કહેવાય છે, ત્યાં એનો અર્થ લાયકાત એવો છે.

અર્થશાસ્ત્રના સંદર્ભમાં મૂલ્યનો અર્થ છે ખરીદશક્તિ. વસ્તુના બદલામાં વસ્તુનો અથવા વસ્તુના બદલામાં ચલણ (Currency) નો વિનિમય વ્યવહાર, તેને આપણે ખરીદશક્તિ કહીએ છીએ. પૈસા આપીને બજારમાંથી જરૂરી વસ્તુઓ ખરીદીએ છીએ. વધતી કે ઘટતી મોંઘવારીના સંદર્ભમાં લોકોની ખરીદશક્તિ ઓછી વધતી થાય છે. માંગ અને પુરવઠાના સંદર્ભમાં વસ્તુનું મૂલ્ય વધે કે ઘટે છે. એનું એ ચલણ હોવા છતાં અછતની કે ફુલાવાની પરિસ્થિતિમાં લોકોની ખરીદશક્તિમાં પણ વધઘટ આવે છે.

આમાં 'મૂલ્ય' સંજ્ઞાનો ખરીદશક્તિ કે કાર્યસાધકશક્તિ એવો થયો, પરંતુ સાહિત્યના, કળાનાં, સમાજનાં, રાજ્યનાં, ધર્મનાં, નીતિનાં, શિક્ષણના સંદર્ભમાં 'મૂલ્ય' સંજ્ઞાનો આવો અર્થ થતો નથી. જેવું ક્ષેત્ર એના સંદર્ભમાં 'મૂલ્ય'નો અર્થ જુદો થયો હોય છે. એટલે કે ક્ષેત્રભેદ પરત્વે એનો અર્થભેદ થતો હોય છે. તેથી મૂલ્યોનું ક્ષેત્ર માનવજીવન જેટલું વ્યાપક છે. એ કારણે જીવનનાં જેટલાં ક્ષેત્રો છે, એટલાં તેના પ્રકારો છે.

માનવજીવનનાં સંદર્ભમાં મૂલ્ય એટલે, જેને માણસ પોતાની જીવનદૃષ્ટિને કારણે ઈચ્છવા યોગ્ય કે પસંદગીપાત્ર ગણે છે તે વિવેક. બીજી રીતે કહીએ તો મૂલ્ય એટલે જીવનરીતિમાં વણાયેલો વિવેકમૂલ્યોને વિવેક એટલા માટે ગણવામાં આવ્યા છે, કેમકે જીવનમાં શું હોવું જોઈએ, આપણે કેવી રીતે જીવવું જોઈએ, જીવનમાં આપણું આચરણ કેવું હોવું જોઈએ, તે સ્પષ્ટરૂપે બતાવે છે. ઔચિત્યવાન અને પ્રમાણભાનનો નિર્દેશ કરવાવાળાં માર્ગદર્શક ધારાધોરણો છે. સોની જેમ સોનું કેટલા કેરેટનું શુદ્ધ કે અશુદ્ધ છે, એ એક પથ્થર ઉપર એને ઘરીને નક્કી કરે છે, તેને 'નિકષ' કહે છે. એ જ રીતે જીવનમાં કોઈ બાબતની યથાયોગ્યતા, ઉપકારકતા અને મહત્તા કેટલી છે તેનો નિર્ણય આપતા નિકષો છે. એ નિકષોને જીવનમૂલ્યો કહે છે. માણસે જીવનમાં અનેક બાબતો વિશે નિર્ણયો લેવા પડે છે. એ નિર્ણયો સાચા અને ઉપયોગમાં લેવાય એ માટેના એ કાનૂનો છે. બીજી રીતે કહીએ તો મૂલ્યો માણસના જીવનના એવા કાનૂનો કે ધોરણો છે, જેમાં માણસને શ્રદ્ધા બેઠેલી છે. એ શ્રદ્ધા કે વિશ્વાસને આધારે માણસ જીવનમાં પોતે કેવા ઉચ્ચાર, વિચાર અને આચાર કરવા તેના નિર્ણયો છે. પોતે શું કરવું, કેમ વર્તવું તેનો નિર્ણય કરે છે અને તે મુજબ આચરણ કરે છે. સ્પષ્ટ રીતે કહીએ તો જીવનમૂલ્ય એ જીવતા જીવન વિશેની માણસને જે સમજણ મળે છે, એને આધારે બંધાતી જીવનદૃષ્ટિનાં નીપજતાં પરિમાણો છે.

મૂલ્યોની બાબતમાં બે વાત યાદ રાખવી જરૂરી છેઃ (૧) દરેક મૂલ્યને સ્વલક્ષ (subjective) તેમ પરલક્ષી (objective) પાસાં છે. કેમકે મૂલ્યોને જેમ માણસ પોતાને માટે ઈચ્છવા યોગ (desirable) અને સુયોગ્ય (worethy) ગણવામાં આવે છે, તેમ ક્યારેક એમને વિશ્વ સાથેની સંવાદી સંબંધોના સહાયકના રૂપમાં ઉપયોગી માનવામાં આવે છે. ક્યારેક આ મૂલ્યોને આપણે વ્યક્તિના સંતોષપૂર્ણ અનુભવના અર્થમાં

ઓળખાવીએ છીએ, તો ક્યારેક આપણે એમને કોઈ પદાર્થ કે કાર્યના દ્રવ્ય (pruperty) કે ગુણવત્તા (quality)ના રૂપમાં પણ ઓળખાવીએ છીએ.

મૂલ્યો વિશેની એટલી સૈધાન્તિક ચર્ચા પછી મૂલ્યો એટલે ખરેખર શું એ વાત આપણે દૃષ્ટાંતોથી સમજીએ. માનવજીવનમાં કેટલાંક અંતર્ગત મૂલ્યો છે, તો કેટલાંક બહિર્ગત મૂલ્યો છે. કેટલાંક ઉત્પાદક મૂલ્યો છે, તો કેટલાંક અનુત્પાદક મૂલ્યો છે, કેટલાંક ભૌતિક મૂલ્યો છે, તો કેટલાંક અભૌતિક મૂલ્યો છે, કેટલાંક સનાતન અને શાશ્વત મૂલ્યો છે.

**(૧) અંતર્ગત મૂલ્યો :** માણસ કોઈ વસ્તુને કે પ્રવૃત્તિને અન્ય કોઈ વસ્તુ કે પ્રવૃત્તિના સાધનાના રૂપમાં નહીં, પરંતુ ખુદ પોતાને માટે પસંદ કરે છે, તે વસ્તુ કે પ્રવૃત્તિનું એની દૃષ્ટિએ અંતર્ગત મૂલ્ય છે. જેમકે, કર્તવ્યની ખાતર કર્તવ્ય, જ્ઞાનની ખાતર જ્ઞાન, કળાની ખાતર કળાની પ્રવૃત્તિ. એના પ્રયોજકની દૃષ્ટિએ કર્તવ્યપાલન, જ્ઞાન અને કળાનું મૂલ્ય અંતર્ગતરૂપનું છે.

**(૨) બહિર્ગત મૂલ્યો :** માણસ કોઈ વસ્તુ કે પ્રવૃત્તિની પસંદગી કોઈ બીજી વસ્તુ કે ફળની પ્રાપ્તિના સાધનરૂપે કરે, ત્યારે વસ્તુ કે પ્રવૃત્તિનું એની દૃષ્ટિએ બર્હિગત મૂલ્ય છે. જેમ કે, કોઈ વ્યક્તિ પોતાનું સંકલ્પબળ વધારવા કે સ્વાસ્થ્ય સુધારવા માટે ધ્યાન કરે, પ્રાણાયામ કે પ્રત્યાહારની પ્રવૃત્તિ કરે તો એ યૌગિક પ્રક્રિયા બહિર્ગત મૂલ્યવાળી કહેવાય.

**(૩) ઉત્પાદક મૂલ્યો :** જે વસ્તુ એનાં ઉપયોગ કે વહેંચણીથી ઓછી થતી નથી, બલ્કે વધે છે, તે વસ્તુઓ કે બાબતો ઉત્પાદક મૂલ્યોવાળી કહેવાય. જેમકે, વિદ્યા, આનંદ, કરુણા વગેરે ઉત્પાદક મૂલ્યો છે. તેમના ઉપયોગ અને વહેંચણીથી એ વધે છે, ઘટતી નથી.

**(૪) અનુત્પાદક મૂલ્યો :** જે વસ્તુઓ કે બાબતો તેનાં ઉપયોગ કે વહેંચણીથી વધતી નથી, પણ ઘટતી જાય કે ખતમ થાય છે તે અનુત્પાદક મૂલ્યવાળી કહેવાય. જેમ કે, ખાદ્ય પદાર્થો, પૈસાનું મૂલ્ય, પ્રથમ ક્રમાંક.

**(૫) ભૌતિક મૂલ્યો :** માણસ જે વસ્તુઓને પોતાના સુખ માટે પસંદ કરે છે તે વસ્તુઓનું મૂલ્ય ભૌતિક છે. જેમ કે, ખાદ્ય પદાર્થો, મનોરંજક દશ્યશ્રાવ્ય સાધનો, શારીરિક તંદુરસ્તી, આર્થિક સદ્ધરતા, રાજકીય સ્થિરતા.

**(૬) અભૌતિક મૂલ્યો :** મનુષ્ય જે પ્રવૃત્તિ કે પ્રક્રિયાને પોતાના ભૌતિક સુખ ખાતર નહીં, પણ પોતાના આત્માના આનંદ અને સંતોષ માટે પસંદ કરે છે, તે પ્રવૃત્તિ કે પ્રક્રિયાનું મૂલ્ય ભૌતિક છે. જેમ કે, પ્રાર્થના, પરોપકાર, ક્ષમા વગેરેની પ્રવૃત્તિઓ.

**(૭) સનાતન અને શાશ્વત મૂલ્યો :** જે મૂલ્યો ક્ષણિક કે નાશવંત નથી, પરિવર્તનશીલ નથી, કોઈપણ યુગમાં પ્રસ્તુત અને ઉપયોગી છે, તેવાં મૂલ્યોને સનાતન કે શાશ્વત મૂલ્યો કહે છે. જેમકે, મૈત્રી, કરુણા, મુદિતા, સ્નેહપ્રેમ, મમતા, વાત્સલ્ય, આતિથ્ય વગેરે.

કેટલીક વખત લોકો સદ્‌ગુણો અને મૂલ્યોની સમજમાં ગોટાળો કરે છે, પરંતુ સ્પષ્ટ સમજવું જોઈએ કે બંને અલગ છે. માણસની સંકલ્પશક્તિથી સ્થિર થઈ ચૂકેલાં હોય, જીવનના નૈતિક ધ્યેયને અનુરૂપ હોય એવાં માનસિક વલણો એટલે સદ્‌ગુણો. જેમ કે, અભય, અક્રોધ, અદ્રોક, અલોલુપતા, વિનમ્રતા, સહનશીલતા, કૃતજ્ઞતા, નિખાલસતા, સ્વછતા વગેરે સદ્‌ગુણો કહેવાય. જ્યારે મૂલ્યો એટલે માણસ પોતાની જીવનદૃષ્ટિને કારણે જીવનમાં વાણીવર્તનમાં જેમને પસંદગીપાત્ર ગણે છે તે વિવેક કે ધોરણો છે.

આગળ આપણે મૂલ્યોનું એક દૃષ્ટિએ વર્ગીકરણ જોયું. એમ પણ જોયું કે જીવનમાં અનેક ક્ષેત્રો હોય છે અને પ્રત્યેક ક્ષેત્રને એનાં પોતાનાં મૂલ્યો હોય છે. તો હવે જીવનમાં જે મુખ્ય ક્ષેત્રો છે, જેમકે, નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક, સામાજિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, ઈસ્થેટીક અને સાંસ્કૃતિક, તેમાં ક્યાં ક્યાં મૂલ્યો છે એ વિચારી લઈએ.

**નૈતિક મૂલ્યો :** માણસ ભલે પ્રાણી છે, પરંતુ અન્ય પ્રાણીઓથી એ પોતાની નીતિમત્તાથી જુદું પડે છે, એ પોતાના વ્યક્તિત્વ અને ચારિત્ર્ય દ્વારા સમાજમાં પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાન પામવા ઈચ્છે છે, એ માટે એ પોતાના જીવનમાં અનૈતિક કે અસામાજિક વૃત્તિ-પ્રવૃત્તિઓથી દૂર રહી સદાચારી જીવન માટેનાં જે માનસિક વલણો અખત્યારે કરે છે તે વલણોને નૈતિક મૂલ્યો કહે છે. જેમ કે, કરુણા, મુદિતા, ઉપેક્ષા (માધ્યસ્થી ભાવ), ધૈર્ય, નિષ્ઠા, વિનમ્રતા, પ્રામાણિકતા, સહિષ્ણુતા, ઉદારતા, માયાળુતા, આજ્ઞાંકિતતા, કૃતજ્ઞતા, નિસબત, સુગ્રંથિતતા, ઉત્તરદાયિત્વ (answerability), હિસાબદેયતા (accountability) વગેરે.

**ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યો :**

માણસનો જે વિવેક દૈવી અને પવિત્ર બાબતો સાથે સંકળાયેલો હોય, તેને ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યો કહે છે. જેમકે, સત્યવાદિતા, ત્યાગશીલતા, વીતરાગતા, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, મુમુક્ષુતા, સમદૃષ્ટિ વગેરે.

**સામાજિક મૂલ્યો :** સમાજમાં જિવતાં જિવતાં માણસે

સામાજિક પ્રવૃત્તિઓમાં અને આદાન-પ્રદાન-માં જે વિવેક રાખવો પડે છે તેને સામાજિક મૂલ્યો કહે છે. જેમ કે, સભ્યતા, સંસ્કારિતા, સહકારિતા, માનવતા, કર્મઠતા, કાર્યકુશળતા, સમયનિષ્ઠા, ફરજનિષ્ઠા, સેવાભાવ, આતિથ્યભાવ, મૈત્રીભાવ, અસ્પૃશ્યતા, દાનવીરતા, સ્ત્રીદાક્ષિણ્ય, ભદ્રતા, મમતા, વાત્સલ્ય વગેરે.

**રાજકીય મૂલ્યો :**

સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, સાર્વભૌમત્વ મુખ્યત્વે રાજકીય મૂલ્યો તરીકે સર્વ સ્વીકૃત થયાં છે, પરંતુ એ ઉપરાંત, નાગરિકતા, ન્યાયસંગતતા, રાષ્ટ્રપ્રેમ, મતાધિકાર, પંથનિરપેક્ષતા, સુરક્ષિતતા વગેરે પણ રાજકીય મૂલ્યો છે. ભય, ભૂખ અને ભ્રષ્ટાચારમાંથી મુક્તિ, તેમ જ વિચાર, વિહાર, આવાસ, નિવાસ, ધર્મનિષ્ઠા અને અભિવ્યક્તિ અંગેની કોઈપણ પ્રકારની રાજકીય કે સામાજિક કનડગતમાંથી મુક્તિને સ્વતંત્રતા કહે છે. રાષ્ટ્રના દરેક નાગરિકને સ્વ-અધિકારરૂપે સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં શિક્ષણમાં, નોકરીમાં અને તકમાં એક સરખો અધિકાર મળે તેને સમાનતા કહે છે. રાષ્ટ્રના અદના નાગરિકથી માંડી સર્વોચ્ચ સત્તાધીશોની કાયદાકાનૂન સમક્ષ એકસરખી અધીનતા પણ સમાનતા (equality) કહેવાય. રાષ્ટ્રના કોઈપણ નાગરિકને જ્ઞાતિ-જાતિ, કોમધર્મ, વર્ણવર્ગ, ઉચ્ચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદભાવો લક્ષમાં લીધા વિના અરસપરસ સ્નેહસૌહાર્દ અને સહૃદયતા અનુભવતા વિવેકને બંધુતા (fraternity) કહે છે. અન્ય કોઈ રાજ્ય કે રાષ્ટ્રની દખલગીરી કે પેશકદમી વિનાની રાષ્ટ્રની જમીન-જાયદાદ, કુદરતી સંપદા અને માનવસંપદા, એમાંથી થતી ઉપજ અને નીપજની આયાત-નિકાસ અને ન્યાયતંત્ર, અર્થતંત્ર, વહીવટતંત્ર, શાસનતંત્ર પર સર્વાધિકારના વિવેકને સાર્વભૌમત્વ (sovereignity) કહે છે.

**આર્થિક મૂલ્યો :**

જેનો સંબંધ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનાં આવક અને ઉત્પાદનનાં પુરવઠા, માગ અને કિંમત સાથે હોય, નોકરી-ધંધા-વ્યવસાય-ઉદ્યોગ-ખેતી વગેરેની આવક તથા જાવક સાથે હોય તેવાં અર્થસંબંધી વિવેકપૂર્ણ ધોરણોને આર્થિક મૂલ્યો કહે છે. જેમકે કિંમત નફો, તોટો, ખાધ, વિનિમય, સફળતા, સમૃદ્ધિ, કાયમી નોકરી, પ્રોવિડન્ટ ફંડ, પેન્શન, ગ્રેજ્યુટી વગેરે.

**શૈક્ષણિક મૂલ્યો :**

નિષ્ઠાપૂર્ણ અધ્યયનશીલતા, અધ્યયન-અધ્યાપનમાં સમર્પિતતા, નિયમિતતા, શિક્ષક-શિષ્યની વાણીમાં વિનયશીલતા અને વિવેકપૂર્ણતા, વર્તનમાં આજ્ઞાંકિતતા અને શિસ્તબદ્ધતા, મૂલ્યાંકનમાં નિષ્પક્ષતા, સંશોધનમાં પ્રામાણિકતા અને મૌલિકતા, વિદ્યાર્થીનો વિદ્યાવ્યાસંગ અને ગુરુઆદર વગેરે શૈક્ષણિક મૂલ્યો છે.

**સાંસ્કૃતિક મૂલ્યો :**

પ્રત્યેક પ્રજા પાસે પોતાની સાંસ્કૃતિક ધરોહર અને વિરાસત હોય છે, વૈભવ અને વારસો હોય છે. એના જતન, રક્ષણ, સંસ્કરણ, વિવર્ધન માટેની ખેવના, એની એકતા અને અખંડિતતાને સાચવવાની હિકમત, પ્રજાના ખાનપાન, વસ્ત્રાભૂષણો, પહેરવેશ, રીતરિવાજો, ધર્મસંપ્રદાય પંથમત વિષયક માન્યતાઓ પરત્વે સદ્ભાવ, પછાત અને ઉજળિયાત, શિક્ષિત અને અશિક્ષિત, વંચિતો અને સંપન્નો વચ્ચે સામાજિક સમરસતા, સાંસ્કૃતિક ઈમારતો, ચિત્રો, સ્મારકો, પ્રણાલીઓ, કળાઓ અને પરંપરાઓનો સ્વચ્છતા, સુઘડતા અને જાળવણી વગેરે સાંસ્કૃતિ મૂલ્યો છે.

**ઈસ્થેટીક મૂલ્યો :**

જીવનમાં જે કાંઈ સુરૂપ (સુંદર) અને કુરૂપ (અસુંદર) છે, જે કાંઈ કલાત્મક કે અકલાત્મક છે તેની વચ્ચેનો ભેદ કરી આપતા વિવેકને ઈસ્થેટીક મૂલ્યો કહે છે. જેમ કે, સપ્રમાણતા (symmetry), સંવાદપૂર્ણતા (homogeneity), રમણીયતા (charmingness), લાવણ્ય (beauty), આકર્ષકતા- મનોહારિતા (fascinating), આનંદપ્રદતા (delightfulness) વગેરે ઈસ્થેટીક મૂલ્યો છે.

આટલી ચર્ચા પછી સમજાણું હશે કે મૂલ્યો માણસની ભાવાત્મક સંવેદનાઓ અને બૌદ્ધિક ક્ષમતાઓ વચ્ચેનો સંબંધ છે. આમ તો આ મૂલ્યો અમૂર્ત ખ્યાલો છે, છતાં તેને સમજવા, પામવા અને અપનાવવા માટે માણસો ઉત્સુક રહે છે. એટલે કે એ છે તો વિભાવના કે અવધારણા, સંપ્રત્યય કે સંકલ્પના, કેમ કે એ પૂર્વનિર્ધારિત ધોરણોને અભિવ્યક્ત કરે છે. એ સર્વસામાન્ય (general) હોવા છતાં કેન્દ્રીય (central) છે માટે જ એને આત્મસાત કરવાની માણસને ગરજ (need) અને ખણસ (urge) રહે છે. આપણા જીવનમાં એમનું અટલ સ્થાન છે. સામાજિક સંદર્ભમાં પણ એની ભૂમિકા રચનાત્મક છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 09727333000
વલ્લભ વિદ્યાનગર

# શ્રુતજ્ઞાનની મહત્તા

**સુબોધીબેન મસાલિયા**

*જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત*
*જ્ઞાન વિના જગ જીવડાં, ન લહે તત્ત્વ સંકેત...*
*શ્રુતદેવ તારી ભક્તિ કરતાં, હૃદય મુજ પુલકિત બને...*
*શ્રુતજ્ઞાન તારું સ્મરણ કરતાં, મન મારું નિર્મળ બને...*
*શ્રુતભાવ તુજને જીવન ધરતાં, ધ્યેય મુજ નજદીક બને...*
*ઉપકાર તારો શું કહું, તારી અસ્તીએ મુક્તિ મળે...*

શાસન સ્થપાય છે કેળવજ્ઞાનથી, પણ શાસન ચાલે છે શ્રુતજ્ઞાનથી, પહેલો-બીજો-ત્રીજો આરો એ યુગલિયાનો કાળ હતો. નવ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી સુખ જ સુખ હતું, સ્વસ્થ શરીર હતું, મનવાંછિત વસ્તુ માટે કલ્પવૃક્ષ હતાં, **પણ ખાટલે મોટી ખોટ એ હતી કે ધર્મ જ ન હતો.** આપણે ભરત તથા ઐરાવત ક્ષેત્રમાં ત્રીજા આરાના અંતથી ચોથા આરાના અંત સુધી એટલે કે લગભગ એક ક્રોડાક્રોડી સાગરોપમ જ તીર્થંકરોની હાજરી હોય છે. એ સમયમાં તીર્થંકરે પ્રરૂપેલો ધર્મ અને ગણધરોએ કરેલી દ્વાદશાંગીની રચના એ આગમરૂપી શ્રુતજ્ઞાન પામવા આપણે ભાગ્યશાળી બન્યા છીએ. પરમાત્મા શ્રી મહાવીરપ્રભુને થયાને આજે ૨૬૦૦ વર્ષથી વધારે સમય વીતી ગયો, છતાં તેમના જીવનચરિત્ર, તેમનો ઉપદેશ સંદેશ અને તેમણે આપેલું શાસન આજે અવિરતપણે ચાલે છે. વિચાર કરો ૨૬૦૦ વર્ષ પહેલાની આગમવાણી આપણા સુધી પહોંચી કેવી રીતે? તેની પાછળ કોઈ કારણ હોય તો તે છે કે આગમરૂપી શાસ્ત્રો અને એ શ્રુતજ્ઞાનનો વારસો પ્રભુવીરની પાટપરંપરા મહાન આચાર્ય ભગવંતોએ સાચવ્યો.

મહાવીર સ્વામી પછીના લગભગ ૯૦૦ વર્ષ તો એવા ગયા કે લોકોના મગજ એટલા પાવરફૂલ હતા કે મૌખિક જ યાદ રહી જતું હતું. લેખન-વાંચનની બહુ જરૂરત પડતી નહોતી. ધીરેધીરે સ્મરણશક્તિ ઓછી થવા લાગી પછી તેજ પત્ર - ભોજપત્ર વગેરે પર લખીને સંગ્રહ કરવામાં આવ્યો. પરિણામે આજ આપણા સુધી શ્રુતજ્ઞાન પહોંચ્યું. **આપણા વડીલોએ ખૂબ દીર્ઘદૃષ્ટિ વાપરીને શ્રુતજ્ઞાનની સાચવણી કરી અને વર્ષો સુધી પેઢી-દરપેઢી આ જ્ઞાન ભવિષ્યની પેઢીને મળતું રહે તે માટે જ્ઞાનભંડારોની રચના કરી શ્રુતજ્ઞાનને તેમાં સાચવ્યું.** તમે ઘણી જગ્યાએ જોશો કે જ્યાં દેરાસર છે ત્યાં જ ઉપાશ્રય ને બાજુમાંજ જ્ઞાનભંડારની વ્યવસ્થા આપણા પૂર્વજોએ કરી છે. એટલે જ્ઞાનભક્ત એ દરેકને આભારસહ વંદન છે કે એમણે આ શ્રુતજ્ઞાન આપણા સુધી પહોંચાડ્યું. **તો મારે હવે એ કહેવું છે કે ૨૬૦૦ વર્ષ પહેલાનું શ્રુતજ્ઞાન જો આપણા સુધી પહોંચ્યું છે તો એ શ્રુતજ્ઞાનને હવે પછીની પેઢીઓ સુધી પહોંચાડવાની જવાબદારી આપણી ખરી કે નહીં?** શું આપણે નથી ઈચ્છતા કે આપણી જેમ આપણા બાળકોનાં બાળકો, એનાય બાળકો જૈન તત્ત્વજ્ઞાનને જાણે, એ પણ જાણી-સમજી આરાધીને એનાં આત્માનું કલ્યાણ કરે. તમને નથી લાગતું કે આપણા પૂર્વજોનું ઋણ આપણે ચૂકવવું જોઈએ? એ પ્રજા પણ જાણે કે શું આત્મા છે? શું મોક્ષ છે? હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ચારગતિનું ભ્રમણ શું છે? શું છે મારું સ્વરૂપ? શું કર્મ છે શું, નિર્જરા છે? **જો આ શ્રુતજ્ઞાનને ખરેખર મૂલ્યવાન સમજતા હોઈએ તો કોઈપણ ક્ષેત્રના ગ્રંથ કે પુસ્તકરૂપે એ શ્રુતજ્ઞાનની સામગ્રીને જાળવવી કે તેનો જીર્ણોધ્ધાર કરવો એ આપણી ફરજ બની રહે છે, એ આપણું પ્રથમ કર્તવ્ય છે.**

પરમપૂજ્ય અભયસાગરજી મહારાજ સાહેબના શિષ્ય શ્રી નિરૂપમ સાગરજી મ.સા. જ્યાં પણ ચોમાસુ કરે ત્યાંના ગ્રંથ ભંડારો ખોલાવી તેનું જતન કરે. વિશેષરૂપે તેના બોક્ષ વગેરે બનાવડાવે અને તે ભવિષ્યની કેટલીયે પેઢી સુધી ટકે તેમ બનાવડાવે. બીજું દૃષ્ટાંત છે શ્રુતગંગા સંસ્થા. કેટલાય સાધુ-સાધ્વી, ભગવંતો પણ આ શ્રુતજ્ઞાનનો જીર્ણોધ્ધાર કરવા શક્તિ અને સમયનું યોગદાન આપી રહ્યા છે. આજ અને આવતીકાલની પેઢી હંમેશા એ ગુરુભગવંતોની ઋણી રહેશે. બાકી આ શ્રુતને નહીં સાચવીએ તો ભવાંતરમાં આવો ઉત્તમ ધર્મ મળવો મુશ્કેલ થશે. **જ્ઞાનનો બોધ કરાવે એ શ્રુતજ્ઞાનને માત્ર નમન નહીં, જતનની જરૂર છે. નાના-નાના જ્ઞાનભંડારોને એકત્રિત કરી એક મોટું ગ્રંથાલય બનાવી શ્રુતજ્ઞાનને સાચવવાની તાતી જરૂર છે,** નહીં તો આ મોબાઈલ ને લેપટોપના યુગમાં સાચું જ્ઞાન ખોવાઈ જશે. જે કોઈ જૂની પ્રતો છે તેનો જીર્ણોધ્ધાર કરી ગ્રંથાલયમાં રાખવી કે જેથી કોઈપણ જીજ્ઞાસુ ત્યાં આવીને બેસીને શાંતિથી વાંચી શકે.

**સરસ્વતી ફેલાવવા માટે પણ લક્ષ્મીની પાંખ જરૂરી છે... જીર્ણોધ્ધાર માટે, ગ્રંથો બનાવવા માટે, ગ્રંથાલયો માટે ખમતીધર લોકોએ અત્યંત ભાવપૂર્વક પોતાના ધનનો સદ્ઉપયોગ કરવો જોઈએ. ચાલો આપણે સહુ આમાં તત્પર થઈએ.**

શ્રુતજ્ઞાન અરિહંત પરમાત્માના વચન સ્વરૂપ છે. તીર્થંકર ભગવંતો, ગણધર ભગવંતોને જગતના સ્વરૂપને, પદાર્થોને યોગ્ય યથાર્થ સ્વરૂપે જણાવનાર ત્રિપદીનું પ્રદાન કરે છે. આ ત્રિપદીના શ્રવણ માત્રથી એમના આત્મામાં વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ થાય છે. અને ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. **આ દ્વાદશાંગીને દ્રવ્યશ્રુત કહેવાય અને દ્વાદશાંગીના અભ્યાસથી થતો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ એને ભાવશ્રુત કહેવાય.** સ્કૂલ-કૉલેજોમાં અપાતું જ્ઞાન, તે વ્યહારિક જ્ઞાન છે, તેનાથી આત્મજ્ઞાન કરાવી શકતું નથી, તે ભૌતિક સુખ કેમ મેળવવું ને ભોગવવું તે જણાવે છે, માટે તેને મિથ્યાજ્ઞાન કહેવાય. **તો આ શ્રુતજ્ઞાન, એટલે કે ભગવંતો દ્વારા કરાયેલ અર્થરૂપ આગમનો ઉપદેશ અને ગણધર ભગવંતો દ્વારા કરાયેલ અર્થરૂપ આગમનો ઉપદેશ અને ગણધર ભગવંતો દ્વારા કરાયેલ, તેની સૂત્રરૂપ ગૂંથણીની કિંમત સમજો, આ એ શ્રુતજ્ઞાન છે જેના દ્વારા ક્રમિક વિકાસ સાધતા સાધતા આત્મા છેક મોક્ષ સુધી પહોંચી જાય છે.** એ એ શ્રુત જ્ઞાન છે જેના દ્વારા બુદ્ધિ નિર્મળ બને છે, ખોટા વિકલ્પો શમે છે, મન શાંત થાય છે, ધર્મ અને શુક્લના માર્ગે આત્મા આગળ વધે છે. વિડંબનાભરેલ આ સંસારનો નિસ્તાર શ્રુતજ્ઞાન વગર શક્ય નથી. આત્માની મુક્તિ માટે તીર્થંકરોની દેશના થકી મળેલ શ્રુતજ્ઞાન એકમાત્ર આધાર છે.

શ્રુતજ્ઞાનની જેણે રક્ષા કરી તેણે શાસનની રક્ષા કરી છે. પાંચ જ્ઞાનમાં એક શ્રુતજ્ઞાન જ બોલતું છે, તેની જ આપ-લે થઈ શકે છે. શ્રુતજ્ઞાનની ભક્તિથી તીર્થંકર પદની પ્રપ્તિ થાય છે.

શ્રુતજ્ઞાન મેળવવા માટે જિનાગમોનું જ્ઞાન ભણવું, ભણાવવું, સૂત્રો લખવા, લખાવવા, આગમો છપાવી બીજાને એનું દાન કરવું, જ્ઞાન ભંડારો કરવા-કરાવવા-સાચવવા, જ્ઞાનનું બહુમાન કરવું, જ્ઞાનનો વિનય કરવો, જ્ઞાનીનું વિનય-બહુમાન કરવું, સૂત્ર તથા અર્થનું ચિંતન-મનન કરવું, પુસ્તકો રખડતાં રાખવા નહીં, પસ્તીમાં આપવા નહિ, કાગળમાં ખાવું નહિ, ભણાવનારનો ઉપકાર ન ભૂલવો. શ્રુતજ્ઞાનની મહત્તા અપરંપાર છે. ભવસાગર પાર કરવા માટે નાવ સમાન છે. શ્રુતજ્ઞાન આત્માનું ભોજન છે. આત્માનું સત્વ-તત્ત્વ છે, આત્માનો મૂળ ગુણ છે, આત્મના સહજ સ્વભાવ રૂપ છે, શ્રુતજ્ઞાન આત્માને પાપથી કે દુર્ગતીથી બચાવી શકે છે. શ્રુતજ્ઞાનની આરાધનાથી શરૂ કરેલી યાત્રા આગળના તબક્કામાં મોક્ષયાત્રામં રૂપાંતર થાય છે.

કેવળજ્ઞાન આત્મવિશુદ્ધિનું અંતિમ ફળ છે, પરંતુ શ્રુતજ્ઞાન જ સાધનારૂપે પરિણમે છે. પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રુતજ્ઞાનની સાધના છે. શ્રુત સિવાયના ત્રણ જ્ઞાન સદ્જ્ઞાન હોવા છતાં છદ્મસ્થો માટે વ્યવહારરૂપ બની શકતા નથી. એ પણ આ ત્રણેય જ્ઞાન-અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન એ શ્રુતજ્ઞાન દ્વારા જ મેળવી શકે છે. શ્રુતજ્ઞાનથી જીવ-અજીવને જાણે તો જ અહિંસાભાવ વિકસી શકે, તો જ જીવોની રક્ષા કરી શકે. શ્રુતજ્ઞાન મમતાના બંધન ઢીલા કરે, સંસારરસ ઘટાડે. માટે જ કહ્યું છે કે, ''**ज्ञानस्य फल विरती**'' શ્રુતજ્ઞાનરૂપી દીપકથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે. "Books are our best friend" પુસ્તકો ફક્ત જ્ઞાનમાં વૃદ્ધિ જ નથી કરતાં, પરંતુ યોગ્ય માર્ગદર્શન કરીને લક્ષ્ય સુધી પહોંચાડવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. માટે હે યાજ્ઞ જીવો, સુજ્ઞજીવો શ્રુતજ્ઞાનનું મહત્ત્વ સમજીને એનું રક્ષણ કરો. જ્ઞાનભંડારોમાં એવાં પુસ્તકો પડયાં છે જેને ઉધઈએ કાણાં પાડચાં છે. પાનું ફેરવવા જતાં ફાટી જાય છે... આ જ્ઞાનખજાનાનો જીર્ણોધ્ધાર કરી એમાં સંપત્તિનો સદુપયોગ કરી. બધાં પુસ્તકો એકત્રિત કરી, મોટું આધુનિક ગ્રંથાલય બનાવી ભાવિ પેઢીને શ્રુતદાન કરો... શ્રુતદાન કરો.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 8850088567

# સત્ય ધર્મમાં સાધનાપદ્ધતિમાં 'ધ્યાન'

તત્વચિંતક વિ. પટેલ

સત્ય ધર્મ આખો તપ ઉપર ઊભો છે. તેનાં સાધુ-સાધ્વીઓ ક્યાંય પણ બજારમાં માગતાં જોવા મળશે જ નહીં. નાણાંની કે પદાર્થની પકડગ્રસ્ત જોવા મળશે નહીં. તેઓ અપરિગ્રહમાં સ્થિર જોવા મળશે અને ક્યાંય તેના ટોળાં જોવા પણ નહીં જ મળે. કોઈ પણ જાતનાં હોમ-હવન કે ગંગાની આરતી કરતાં કે તેમાં ડૂબકીઓ મારતાં ને પવિત્ર થતાં જોવા મળશે નહીં કે જાહેરમાં ક્યાંય કથાઓ કરતાં પણ જોવા નહીં જ મળે. આવા બધાં જ ડીંકડથી સત્ય ધર્મનાં અનુયાયીઓ અને સાધુ-સાધ્વીઓ સાવ જ અલિપ્ત હોય છે અને એ જ સત્ય ધર્મનું શુદ્ધ આચરણ છે, તે જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

સત્ય ધર્મનાં સાધુ-સાધ્વીઓ, આંતરિક તપ દ્વારા, ધ્યાનની આંતિરક સાધના દ્વારા, અપરિગ્રહ દ્વારા પવિત્ર, શુદ્ધ અને સ્થિર થવાં જ મથતાં હોય છે અને આંતિરક

રીતે શુદ્ધ અને સ્થિર થતાં જ હોય છે. તે જ શુદ્ધ આધ્યાત્મ સાધના છે. તેનું શુદ્ધ અધ્યાત્મનું આચરણ હોય છે. તેઓ નિઃસ્વાર્થ, નિષ્કામ અનાસક્ત અને અપરિગ્રહ વગેરે અંતરના ભાવમાં સદાય સ્થિર હોય છે. જીવનમાં જ આત્મજ્ઞાનમાં સ્થિર થવાનો ધ્યેય હોય છે. આ ધ્યેય અને અભિપ્સાને પૂર્ણ કરવા તપ અને ધ્યાનની આંતરસાધના નિયમિત કરતા હોય છે. આ શુદ્ધ સ્થિર થઈને આત્મજ્ઞાનની ઉપલબ્ધિ કરતા જ હોય છે. જ્ઞાનની ઉલપબ્ધી એ જ જીવનનો ધ્યેય હોય છે અને તેને તેઓ પ્રાપ્ત કરતા જ હોય છે, તે જ જીવનની સિદ્ધિ છે. આત્મજ્ઞાનમાં સ્થિરતા એ જ જીવનની સિદ્ધિ છે.

સંસારમાં બધા જ માનવો નાનાં-મોટાં દુઃખોથી સંતપ્ત જોવા મળે છે. કોઈ પરમ શાંતિ કે પરમ આનંદમાં સ્થિર જોવા મળતા જ નથી. કારણ કે તેઓ પોતાના આત્મામાં કે આત્મજ્ઞાનમાં સ્થિર હોતા જ નથી.

પરમાત્માએ માણસને આ દુનિયામાં પરમ શાંતિ અને આનંદ સાથે જ જીવવા મોકલેલ છે, પણ માણસ આ પવિત્ર સૂષ્ટિનો ઉપયોગ કરીને આનંદ અને શાંતિમાં જીવી શકતો જ નથી. તેના કારણમાં માત્ર ને માત્ર માણસના ચિત્તની દશા જ જવાબદાર છે. માણસના જીવનમાં બીજાં કોઈ કારણો સંતપ્ત માટે જવાબદાર નથી અને ચિત્તની સુધારણા અને આત્મામાં સ્થિરતા માત્ર ને માત્ર આંતરિક સાધના દ્વારા જ થઈ શકે છે. તે માટે શુદ્ધ અધ્યાત્મનો માર્ગ લેવાની અભિપ્સા રાખવી જ જોઈએ. શુદ્ધ અધ્યાત્મ માર્ગ દ્વારા જ માણસ આંતરિક રીતે શુદ્ધ સ્થિર અને પરિવર્તિત થઈ આત્મામાં સ્થિર થઈ શકાય છે. જીવનમાં પરિવર્તિત થવું અને આત્માજ્ઞાન પ્રાપ્ત કરવું એ જ જીવન જીવવાની સત્ય સ્વરૂપ જીવવાની રીત છે અને માણસે આત્મજ્ઞાનમાં સ્થિર થઈ સત્ય સ્વરૂપ જીવવાની અભિપ્સા રાખવી જ જોઈએ.

માનવીય જીવનમાં આત્મામાં, આત્મજ્ઞાનમાં, નિષ્કામતા અને અનાસક્ત ભાવમાં સ્થિર થવાથી જ શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાની અભિપ્સા રાખવી જ જોઈએ. માનવીય જીવનમાં બાહ્યાચારો કોઈ જ કામ આવતા નથી. બાહ્યાચારો એ કોઈ સાધના જ નથી કે ધર્મ પણ નથી. માનવજીવનમાં શુદ્ધ અધ્યાત્મની સાધના દ્વારા જ આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં પરમ શાંતિ અને પરમ આનંદની ઉલબધ્ધિ શક્ય બને છે. તે માટે આત્મિક સત્ય ધર્મમાં સ્થિર થવું જ પડશે.

ધર્મ એટલે સ્વભાવ, આમ સ્વભાવને જાણી તેમાં સ્થિર થઈને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી અધ્યાત્મ જીવન જીવવું એ જ શુદ્ધ ધર્મનું આચરણ છે. માનવજીવનમાં સત્ય ધર્મ માણસને નિર્ભર કરે, વિશાળ કરે, સંશયથી મુક્ત કરે. માણસ માણસ વચ્ચે ધાર્મિક દીવાલો ઊભી કરે, માણસને જીવનની તમામ પ્રકારની ભ્રમણાઓથી મુક્ત કરે, માણસને સમાના ભાવમાં સ્થિર કરે, સમાના ભાવની શિક્ષા આપે અને સમાન ભાવમાં જીવતા કરે તે જ સત્ય ધર્મ છે. માનવજીવન વચ્ચે વિસંવાદિતા ઊભી કરે. જ્ઞાતિ, જાતિ, પાટી વચ્ચેના ધર્મ ધર્મ વચ્ચે ભેદો ઊભા કરે, ધર્મ ધર્મ વચ્ચે દીવાલો ઊભી કરે તે ધર્મ નથી.

માનવજીવનમાં દરેકની પરમ શાંતિ અને પરમ આનંદ પ્રદાન કરવા માટેની આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા આધ્યાત્મિક અભિપ્સા હોવી જ જોઈએ. જીવનમાં આત્મામાં સ્થિર થવું છે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું છે. જીવનમાં નિષ્કામતા અને અનાસક્ત ભાવમાં સ્થિર થવા માટે આંતરિક રીતે પરિવર્તિત થવું છે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આનંદ અને પરમ શાંતિ પ્રદાન કરવી જ છે તેવો દૃઢનિશ્ચય કરી જ લેવો પડે છે અને તેવી આંતરિક અભિપ્સા હોવી જોઈએ.

આપણે આજે જે રીતના છીએ, આપણે જે કાંઈ આજે છીએ, આપણે જે કાંઈ જાણતા હોઈએ અથવા જાણીએ એમ માનતા હોઈએ. તેનાથી આપણે લેશમાત્ર પણ સંતોષ માની લેવાનો જ નથી, પણ આપણે પોતાએ આધ્યાત્મિક રીતે આંતરિક પરિવિર્તિત થવાની અને આંતરજ્ઞાન પ્રાપ્ત કરવાની, નિષ્કામતા અને અનાસક્ત ભાવમાં સ્થિર થવાની અભિપ્સા સતત સેવવી જ જોઈએ. આ આત્મિક જ્ઞાન દ્વારા વિશાળતા, સંશય રહિતતા અને અભયમાં સ્થિર થવાની અંતરની શુદ્ધ અભિપ્સા હોવી જ જોઈએ. આ અભિપ્સાને મૂર્તરૂપ આપવા માટે આપણે અધ્યાત્મના માર્ગે આંતરસાધના દ્વારા પુરુષાર્થ કરવો જ પડે છે.

માનવજીવનમાં આત્મિક સત્યના આધારે પુરુષાર્થ કરવાથી આ જીવનમાં બધું જ પ્રાપ્ત કરી શકાય છે તેવી પાકી અભિપ્સામાં સ્થિર થવું જરૂરી બને છે અને આ અભિપ્સાને પૂર્ણ કરવા પુરુષાર્થ કરવા લાગી જ જવું ન જોઈએ. જો શુદ્ધ મન, બુદ્ધિ, ચિત્ત અને અંતઃકરણ દ્વારા શુદ્ધ ભાવના સાથે પુરુષાર્થ અધ્યાત્મ માર્ગે કરશો તો જરૂર આંતરિક રીતે પરિવર્તિત થઈ જ શકશો અને આત્મજ્ઞાનમાં સ્થિર થઈ જ શકશો તેવી પાકી શ્રદ્ધા જીવનમાં રગેરગમાં હોવી જ જોઈએ.

આ જીવનમાં જ આંતરસાધના કરી અનાસક્ત ભાવમાં વાસના રહિત થશો તો આ જીવનમાં જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી પરમ આનંદ અને પરમ શાંતિ તમારા આત્મામાંથી ઉપલબ્ધ

કરી શકશો એ જ જીવન છે. બાકી બાહ્યાચારો એ તો ભટકાવ જ છે. એમ સ્પષ્ટ જાણો, ત્યાંથી કશું પણ મળનાર જ નથી.

આપણાં પૂર્વના તમામ ઋષિઓ સંસારીઓ હતા, પણ પોતે સંસારમાં રહેવા છતાં આત્મજ્ઞાનમાં, અનાસક્ત અને નિષ્કામ ભાવમાં ટોટલી સ્થિર થઈને ગુરુકુળો ચલાવતા અને બાળકોને આત્મજ્ઞાન આપી સંસારમાં સુખેથી વિશાળતા ધારણ કરી આનંદ સાથ જીવન જીવવાની તાલીમ આપતા. તેઓ બધા જ સમાના ભાવમાં સ્થિર હતા ને ચિત્તમાંથી પદાર્થથી પકડતી મુક્ત થઈને જ્ઞાન પ્રાપ્ત કરી જીવતા જેથી આનંદ અને પરમ શાંતિ પ્રાપ્ત કરી શકતા. આવી ગુરુકુળોમાંથી કૃષ્ણ જેવા મહામાનવો પ્રાપ્ત કરી શકાય.

જ્યારે આજના ગુરુકુળો તો, કટ્ટરતાવાળા માણસો ઉત્પન્ન કરવાનાં કારખાનાંઓ જ છે. ત્યાંથી કોઈ પણ સંજોગોમાં કૃષ્ણ જેવા સમાના ભાવિ માણસો, વિશાળ દૃષ્ટિવાળા જ્ઞાનસંપન્ન માણસો બહાર આવે તેવી આશા રાખવી વ્યર્થ છે.

આજે સનાતન ધર્મ ચાર દીવાલોની અંદર કેદ છે, જેથી સત્ય ધર્મ ગાયબ છે. પથરામાં પરમાત્મા બિરાજે છે તેવી અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસમાં ધર્મ અને ધાર્મિકતા બંધાય ગઈ છે. સત્ય સ્વરૂપ ધર્મ અને ધાર્મિકતા ત્યારે જ વિકસિત થાય જ્યારે માણસ પોતાના જ આત્મિક સત્યને આંતરિક સાધના કરી જાણે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરે. આત્મા એ જ પરમાત્મા છે. આત્મજ્ઞાનમાં સ્થિર થાય અને પોતાના જ આત્મિક સત્ય પ્રમાણે આચરણ કરે ત્યારે જ આ ખોટી અને અંધ ધાર્મિકતા ક્ષીણ થશે. તે સિવાય સત્ય ધર્મનું અનુસરણ શક્ય જ નથી.

જેથી આજના બાહ્યાચારવાળા ધર્મમાં પરમાત્મા હાજર થાય તેમ નથી એ પણ એટલું જ સત્ય છે. આટલું શુદ્ધ બુદ્ધિથી જાણો, માનો નહીં. જો માનશો નહીં તો અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસ સિવાય કાંઈ જ હાથમાં આવશે નહીં.

આત્મજ્ઞાન, આનંદ, શાંતિ, આત્મામાં જ છે, ત્યાંથી જ મળે તેમ છે, બહાર ક્યાંયથી મળે તેમ નથી તે હકીકત બરાબર ગાંઠે બાંધી વાળો અને મારે જ્ઞાન, આનંદ, શાંતિ પ્રાપ્ત કરવાં જ છે તેવી અભિપ્સા કરો. આ અભિપ્સાને સફળ કરવા આત્મિક પુરુષાર્થ કરો. બસ, બધું પ્રાપ્ત જ છે ને પ્રાપ્ત થશે જ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : sarujivan39@gmail.com

---

## Dharma Prabhavaks of Diaspora:

# Dr. Padmanabh S. Jaini - Pioneer of Jain Education in the West

**Dilip Shah**

**Dr. Padmanabh S. Jaini** is a renowned scholar of Jainism and Buddhism, an author of 17 books and more than 80 papers; and awarded many honors. He is Professor Emeritus at the University of California at Berkeley, USA.

Prof. Jaini's quest for knowledge led him to attend prime Jain boarding schools, prestigious universities, and meet and learn from most eminent spiritual masters, scholars, and thinkers of his time and that played an important role in his intellectual formation. He learnt from Pandit Nathuram Premi, Pandit Sukhlal Sanghvi, Dr. Dalsukh Malvania, Dr. Nathmal Tatia, Prof. John Brough, Prof. Norman Brown, Prof. A N Upadhye and many others. He interacted with monks and spiritual masters including Muni Samantbhadra, Muni Punyavijaya, U Ba-Khin, Satya Narayan Goenka, the Dalai Lama and Pope John Paul II.

Prof. Jaini was born in a devout Digambar Jain family, but he acquired a firm grounding in both Digambar and Svetambar traditions. He is best known for 'The Jaina Path of Purification' and 'Gender and Salvation: Jaina debates on the Spiritual Liberation of Women'. His rigorous academic investigation and research in both the Jain and Buddhist texts and sources makes him a unique and rare scholar. He used the deep understanding of these two traditions to illuminate each other.

આઝાદી પૂર્વેનો સમયકાળ સંક્રાંતિ કાળ છે. એક તરફ આઝાદીની તીવ્ર લડાઈ, બીજી તરફ ભારત અનેક પ્રાંત, ભાષા, જાતિ અને ધાર્મિક ભિન્ન ભિન્ન પરંપરાઓમાં વહેંચાયેલું હતું અને તો પણ આ દેશના અસંખ્ય નાગરિકોએ બલિદાન આપીને આજનું અખંડ ભારત ખડું કર્યું.

આઝાદી પૂર્વે અસંખ્ય જૈનોએ પણ આ દેશના ઉત્થાનમાં સમર્પણ કર્યું છે, તેમાં મહિલાઓ પણ છે. દિગંબર સમાજનું નારીરત્ન ચંદાબાઈ ગોયલ આજે યાદ આવે છે. આઝાદી પૂર્વેના તેઓ વિખ્યાત મહિલા લેખિકા હતાં તેમનું ચિંતન સૌને આકર્ષતું હતું. તે સમાજસેવિકા હતા. તેમના કાર્યોથી હિન્દુસ્તાનના તે સમયના નેતાઓ એટલા પ્રભાવિત હતા કે ડૉ. રાધાક્રિશ્નને તેમને પોતાનો એક અભિનંદન ગ્રંથ ભેટ આપેલો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, કસ્તુરબા ગાંધી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, આચાર્ય કૃપલાની, પંડિત જવાહરલાલ નહેરુ વગેરે અનેક નેતાઓ ચંદાબાઈ ગોયલ સાથે કલાકો સુધી ચર્ચા કરીને આ દેશની જનતાને આઝાદીના પંથે કેવી રીતે દોરવી તેનું મંથન કરતા.

ચંદાબાઈ ગોયલનો પ્રારંભકાળ અત્યંત કષ્ટભરેલો છે. ઉત્તરપ્રદેશના વૃંદાવનમાં ૧૮૮૯માં જન્મેલા ચંદાબાઈ ગોયલનો જન્મ બાબુ નારણદાસ અગ્રવાલને ત્યાં થયો હતો. આ વૈષ્ણવ પરિવાર હતો. તેમની આર્થિક સ્થિતિ સામાન્ય. નારણદાસ અગ્રવાલ કોંગ્રેસના જાણીતા કાર્યકર હતા અને પંડિત મોતીલાલ નહેરુના નિકટના સાથીદાર હતા. આઝાદી પૂર્વે આવું બનતું હતું તે અનુસાર ચંદાબાઈના લગ્ન ૧૧ વર્ષની ઉંમરે આરા (બહાર)ના ધનિક ગોયલ ગોત્રના અને જૈન ધર્મનું પાલન કરતાં ચંદ્રકુમારના પુત્ર ધર્મકુમાર સાથે થયા હતા. ધર્મકુમાર ત્યારે બી.એ.નો અભ્યાસ કરતા હતા તેસમયે તેનું અવસાન થયું. ચંદાબાઈની ઉંમર હતી ૧૨ વર્ષ. નસીબની ખૂબી જુઓઃ સામાન્ય પરિવારમાં જન્મેલી કન્યા ધનિક પરિવારમાં

પરણીને તો આવે છે પણ તે ધનવૈભવ માણી શકતી નથી! આટલી નાની વયમાં વિધવા કન્યાને નિહાળીને ધર્મકુમારના મોટાભાઈ દેવકુમાર આઘાત પામી ગયેલા. તેમણે સમજણપૂર્વક ચંદાબાઈને અભ્યાસ કરીને જીવનઘડતર કરવાની ગોઠવણ કરી આપી.

ચંદાબાઈના જેઠ દેવકુમારની એ મહેનત રંગ લાવી ચંદાબાઈએ ધર્મશાસ્ત્રનો ખૂબ અભ્યાસ કર્યો. ન્યાય, વ્યાકરણ, સાહિત્ય વગેરેનો ઊંડાણપૂર્ણક અભ્યાસ કર્યો. તેમણે કાશી જઈને 'પંડિતા'ની પરીક્ષા આપી અને તેમાં સફળ થયા. જૈન શાસ્ત્રોનું અધ્યયન અને ચિંતન કરીને ચંદાબાઈ સમજી ગયા કે જીવન શું છે અને ધર્મ શું છે! તેમની ભગવાન મહાવીર પ્રત્યેની શ્રદ્ધા સ્થિર થઈ ગઈ. તેમણે 'રત્નકરંડ શ્રાવકાચાર', 'તત્ત્વાર્થસૂત્ર', 'દ્રવ્યસંગ્રહ', 'ન્યાયદીપિકા', 'ચંદ્રપ્રભચરિત્ર'નો વારંવાર સ્વાધ્યાય કર્યો. આ સ્વાધ્યાયથી તેમની અંતરદ્રષ્ટિ ખૂલી ગઈ. તેઓ આત્મોન્નમુખ થઈ ગયા. તેમણે પોતાના જેઠ દેવકુમાર અને નેમી સાગરજીની સાથે ભારતના અનેક તીર્થોની યાત્રા કરી. તે સમયે દેવકુમારનું અવસાન થયેલું. ચંદાબાઈએ પોતાનું જીવન જૈન સમાજની અને દેશની સેવામાં સમર્પિત કરી દીધું. ચંદાબાઈ પાસે તે સમયે તમામ આર્થિક સગવડો હતી, પણ તેને પોતાના માટે ઉપયોગમાં વિચાર સુધ્ધાં તેમણે કર્યો નથી. તેમણે પોતાનું જીવન સન્માર્ગની કેડી પર હંકારી દીધું.

તે સમયે આઝાદીની ચળવળ વ્યાપક રૂપ ધારણ કરી ચૂકી હતી. ૧૯૨૦-૨૧માં ગાંધીજીએ અસહકારની ચળવળ આખા દેશમાં ફેલાવી. ચંદાબાઈ તેમાં જોડાઈ ગયાં. તેમણે અનેક જૈન મહિલાઓને પણ તેમાં સાથે લીધી. તેમણે આરા (બિહાર)માં 'જૈન બાળા વિશ્રામ' નામના આશ્રમની સ્થાપના કરી. તે સમયે તેમણે 'જૈન મહિલાદર્શ' નામનું સામયિક શરૂ કર્યું. આશ્રમમાં આવેલી મહિલાઓને તેમણે ભણાવીને આદર્શ સ્ત્રી બનાવી. તેમને ધર્મ અને જીવન પરંપરા શીખવ્યાં. સ્વદેશી કપડાં પહેરવાની રુચિ જગાવી. આશ્રમની મહિલાઓ આશ્રમમાં જ રેંટિયા વડે સૂતર કાંતે અને ખાદીનું કાપડ તૈયાર થાય, એજ કાપડ મહિલાઓ પહેરે અને જે વધે તે ગામમાં વેચાય અને તેની રકમ આશ્રમના નિભાવમાં વપરાય. તેમણે 'અખિલ ભારતીય જૈન મહિલા પરિષદ'ની સ્થાપના કરી. ત્યારે ક્રાંતિનો જુવાળ ખડો થયો. તેમણે પડદાપ્રથા, સતીપ્રથા, ગુલામીની પ્રથા નાબુદ કરવા ચળવળ આદરી. આ એક અસામાન્ય ઘટના હતી.

'જૈન બાળાવિશ્રામ'ની ખ્યાતિ એટલી બધી વધી કે રાષ્ટ્રપિતા ગાંધી સહિત દેશના અનેક નેતાઓ ત્યાં વારંવાર આવતા થયા. ગાંધીજીએ નોંધ્યું છે કે, 'પંડિતા ચંદાબાઈએ સ્થાપેલો વનિતા વિશ્રામ જોઈને મને ઘણો આનંદ થયો'. ડૉ. રાધાકૃષ્ણન કહેતા કે, 'આ આશ્રમમાં પવિત્રતા ભરેલી શાંતિ છે'.

ચંદાબાઈ પંડિતા હતાં. ઉચ્ચ કોટીના લેખિકા હતાં. 'જૈન મહિલાદર્શન' સામયિક દ્વારા તેમણે પોતાના ક્રાંતિકારી વિચારો ફેલાવ્યા. સમાજનું ધ્યાન તેમણે સતત પોતાના તરફ આકર્ષિત રાખ્યું. સામાજને નવી દિશા મળી. તે સમયના પ્રખ્યાત જૈનાચાર્ય શાંતિસાગરજી સાથે અનેક તીર્થોમાં અને શહેરોમાં પ્રવાસ કરીને ઠેરઠેર ધર્મનાં અને જનકલ્યાણનાં કાર્યો કર્યા.

ભારત આઝાદ થયું તે વર્ષે 'સર્ચલાઈટ' નામના પત્રમાં એક સમાચાર છપાયા કે, બ્રિટનના જ્યોર્જ બર્નાર્ડ શો 'જૈન મતનું ઉત્થાન'' નામનું અભ્યાસ પુસ્તક તૈયાર કરી રહ્યા છે. આ પુસ્તકમાં મહાત્મા ગાંધીની અહિંસાની સરખામણી તેઓ જૈનાચાર્યો દ્વારા પ્રતિપાદિત અહિંસાનો તુલનાત્મક અભ્યાસ કરવાના છે. આ સમયે ચંદાબાઈ ગોયલ જાગૃતિપૂર્વક આગળ આવ્યાં અને જૈન મહાનુભાવોને મળ્યાં. તેમણે સમજાવ્યું કે માત્ર ધનના અભાવે આ મહાન કાર્ય અટકવું ન જોઈએ. ગમે તે ખર્ચ થાય તો પણ જૈન વિદ્વાન અને અંગ્રેજી ભાષાનું અજોડ જ્ઞાન ધરાવનાર વ્યક્તિ જ્યોર્જ બર્નાર્ડ શો પાસે મોકલીને જૈન ધર્મ, જૈનતત્ત્વ અને જૈન અહિંસાની સ્પષ્ટ સમજણ તેમના પુસ્તકમાં વ્યક્ત થાય તે માટે તેમની સાથે રહેવું જોઈએ.

આઝાદી પૂર્વે એક સામાન્ય કુટુંબમાંથી આવેલી સ્ત્રી કેવી વિશાળ દીર્ઘદૃષ્ટિ ધરાવતી હતી તે જોઈએ છે ત્યારે આપણું મન ભાવવિભોર થઈ ઉઠે છે.

પંડિતા ચંદાબાઈએ અનેક પુસ્તકો લખ્યાં છે. તેમનાં પુસ્તકોમાં 'ઉપદેશ રત્નમાલા', 'સૌભાગ્ય રત્નમાલા', 'નિબંધ રત્નમાલા,' 'નિબંધ દર્પણ', 'આદર્શ કહાનિયા', 'આદર્શ નિબંધ' વગેરે જાણીતાં છે. આ પુસ્તકોમાં સમાજચિંતન છે અને ધર્મની આધ્યાત્મિક વાતો છે. ઉચ્ચ કોટિની કથાઓ છે. જે સમયે આ દેશમાં આંગળીના વેઢે ગણાય તેટલી મહિલા લેખિકાઓ હતી ત્યારે પંડિતા ચંદાબાઈએ કરેલું આ સર્જન વિશેષ મૂલ્યવંતુ છે.

ચંદાબાઈ ગોયલ ૯૦ વર્ષ જીવ્યાં. જ્યાં સુધી તેમની તબિયતની સુખાકારી જળવાઈ ત્યાં સુધી તેમણે પ્રતિવર્ષ શિખરજી, પાવાપુરી, રાજગૃહી, હસ્તિનાપુર વગેરે તીર્થોની યાત્રા અચૂક કરી. ઘડીભર પણ તેઓ આળસ નહોતાં કરતાં. સતત પ્રવૃત્તિમય રહેતા હતા. તેઓ દરરોજ પોતાના આશ્રમમાં બાળાઓ અને મહિલાઓને એકઠી કરીને શાસ્ત્ર સભા યોજતા. શાસ્ત્રનો અભ્યાસ કરાવતાં. તેમના આશ્રમમાં અનેક મહિલાઓ જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કરીને આગળ વધી. મહિલાઓમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન સરળ છે, પણ તેને ધાર્મિક અભ્યાસ કરાવીને તેનો વિકાસ કરવો તે વિરલ દૃષ્ટિ છે.

આઝાદી પહેલાંનો સમય માત્ર શા માટે! અત્યારે પણ રૂઢિચૂસ્ત સમાજ જ છે. આઝાદી પહેલાંની વાત જ જુદી છે. તે સમયે માત્ર રૂઢિચૂસ્તતા નહોતી, પણ જડતા પણ હતી. તે સમયમાં પંડિતા ચંદાબાઈ ગોયલ ક્રાંતિની મિશાલ ખડી કરે છે. તેમણે સ્થાપેલો આશ્રમ આજે પણ છે. એવું ઉત્તમ અને તેજસ્વી જીવન જીવનાર વ્યક્તિ એવું બને કે આવતીકાલે ભુલાઈ પણ જાય, પણ તેમણે વાવેલા માનવતાના અને ધર્મના સંસ્કાર ચિરંજીવ હોય છે, એ આવનારી પેઢીઓ સુધી ક્યારેય નહીં ભૂલાય.

પાકટ વયે પહોંચેલાં પંડિતા ચંદાબાઈ ગોયલ જીવનકલ્યાણની સાથે આત્મકલ્યાણની દૃષ્ટિ પણ જાળવતાં હતાં તેમણે આચાર્ય કુન્થુસાગરજી પાસે આર્યિકાની દીક્ષા લઈને ૨૯ જુલાઈ, ૧૯૭૭માં આરા (બિહાર)માં આ નશ્વરદેહ છોડ્યો.

આત્મસાધક અને લોકકલ્યાણની પ્રવૃત્તિમાં જીવન ગુજારનાર ચંદાબાઈ ગોયલ સન્માર્ગે ચાલતા મુમુક્ષુઓને હંમેશા યાદ આવશે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9769957393
અમદાવાદ

# આદિ, અનાદિ, અનંત...

અનિરુદ્ધ એમ. ઠાકર

આ ત્રણ શબ્દોનાં અર્થ કે અર્થવિસ્તાર આપવાનો અહીં જરા પણ ઉદ્દેશ નથી, કેમકે લોકોનાં વિવિધ વાચન-શ્રવણમાં આ શબ્દો તેમની સમક્ષ વારંવાર આવેલા છે; વળી તે એટલા બધા ઘસાઈ-પીટાઈને સુપરિચિત થયેલા છે કે તેના અર્થો તેમનાં પોતાનામાં જ સ્વયં સ્પષ્ટ થતા ગયા છે. અનેક વૈજ્ઞાનિકો/ગણિતીઓ, ભજનિકો, કથાકારો, કલાકારો, લેખકો અને વક્તાઓ મંચો/વ્યાસપીઠો પરથી, યુગો થયા. આ શબ્દોને આજ દિન સુધી અને હવે પછી પણ વહેતા મુક્તા રહેવાનું કાર્ય કરી રહ્યા છે - કરશે.

આ શબ્દ-ત્રિપુટીઓમાંનો પ્રત્યેક શબ્દ, બીજા કયા શબ્દો કે શબ્દસમુહો કે કોઈ વિશિષ્ટ-ખાસ વ્યક્તિ કે કોઈ ચોક્કસ પ્રકારની વિશિષ્ટ ઘટનાના સંદર્ભો સાથે, વિશેષણો તરીકે પ્રયોજાઈને, જુદી જુદી કેટલીક સંભાવનાઓ - વિભાવનાઓ (કોનસેપ્ટ્સ)ની અર્થછાયાઓ લઈને, કેટલાંક સત્યો કે તથ્યોનું દર્શન આપણને કરાવતો રહેલો છે તેવી અમુક બાબતોના લઘુ સ્વાધ્યાયનો સ્વાદ તાજો કરવાનો અહીં એક નાનકડો નમ્ર પ્રયાસ કરું?.

પુરુષવાચક નામની આગળ આદિ અને સ્ત્રીવાચક નામની આગળ આદ્યા આવતું આપણે જોયું છે; જેમકે આદિ શંકરાચાર્યજી મહારાજ, તો પરમાત્માને શક્તિ સ્વરૂપે જોનારા ઉપાસકો-શ્રદ્ધાળુઓ દ્વારા ગવાતી, સ્વામી શિવાનંદ રચિત આ આરતીઃ

''જય આદ્યા શક્તિ, મા જય આદ્યા શક્તિ;
અખંડ બ્રહ્માંડ નીપ જાવ્યા...''

ખાસ કરીને ગુજરાતીઓમાં ઘરે-ઘરે સુપ્રચલિત છે.

ભારતના મતે વેદ એ પૃથ્વી પરનો આદિ (પ્રથમ) ગ્રંથ છે. સંસ્કૃતિના પરોઢીયે, પરમાત્માની પ્રેરણાથી, સમગ્ર માનવજાતની ચેતનાને ઉજાગર કરવાની અનુકંપાને લીધે આર્ષદૃષ્ટા ૠષીઓનાં મુખારવિંદમાંથી સ્ત્રવેલા એ ધરતી પરનાં આદિવચનો છે; તેનું સંકલન અને સુવ્યવસ્થિત વિભાજન-સંમાર્જન કરનારા મહર્ષિ વેદવ્યાસને ભારતનાં આદિસંપાદક કે આદિ સંકલનકાર ન કહી શકાય?

સંસ્કૃતને જો વિશ્વની આદિભાષા માનીએ તો, ૠષિ વાલ્મીકિને તથા મહર્ષિ વેદવ્યાસને આ ભાષાના આદિ કવિ ન કહી શકાય? જેમ નરસિંહ મહેતાને ગુજરાતી ભાષાનાં આદિકવિ માનીએ છીએ તેમ પ્રત્યેક દેશ અને

પ્રદેશને પોત પોતાની માતૃભાષાના આદિકવિ હોઈ શકે છે.

સ્વ. નંદશંકર તુલજાશંકર મહેતા રચિત નવલકથાઃ ''કરણ ઘેલો'' ગુજરાતી સાહિત્યની આદિનવલકથા ગણાય છે.

મહાકાવ્ય મહાભારતને તેના વિષય-પ્રસંગોને અનુરૂપ અનેક મોટા મુખ્ય વિભાગોમાં વહેંચીને - આ પ્રત્યેક વિભાગને પર્વ એવું નામ અપાયું છે; તેમાં એક આદિપર્વ છે.

ભગવાન શ્રી રામ જે રઘુવંશમાં જનમ્યા તે વંશના આદિ પિતા (સિનિયર મોસ્ટ ફાધર) રાજા દીલીપ છે.

આદિ વિશેષણની જગ્યાએ ક્યારેક આદિમ (પ્રાઈમ) શબ્દ વપરાય છે, જેમ કે હિન્દુસ્તાનની આદિમ જાતિ-દ્રવિડ પ્રજા મનાય છે.

શિવભક્તો શિવજીને વિશ્વનાં આદિગુરુ એવં આદિપિતા માનીને હૈયાનાં હેતથી લલકારે છે કેઃ હે! આદ્યગુરુ શંકર પિતા;

નટરાજ રાજ! નમો નમઃ...''

હિન્દુ પુરાણો મુજબ - પૃથ્વી સહિત સમગ્ર સચરાચર-સર્વ બ્રહ્માંડોના સર્જક ભગવાન બ્રહ્મા આદિ-પ્રજાપિતા અને શિવ-પાર્વતીએ તે અનુસાર આદિ-દંપતી (ફર્સ્ટ/ પ્રાઈમ કપલ) છે, તો ખ્રિસ્તી સજ્જનો ''ઈવ અને આદમ''ને આદિ-દંપતી માનતા હશે.

જૈનોના ચોવીસ તીર્થંકરો પૈકી ભગવાન શ્રી ઋષભદેવ આદિ-તીર્થંકર છે. નાથ સંપ્રદાયના યોગીઓ નવ-નાથમાં ગોરખનાથ (ગોરક્ષનાથ)ને આદિ-ગુરુ ગણે છે.

શીખધર્મનાં દશ ધર્મગુરુઓ પૈકી; તે ધર્મનાં આદ્ય-સંસ્થાપક નાનકદેવજી તેમનાં આદિગુરુ છે.

ભાષા શબ્દોથી જ બને છે ને?

બાઈબલ કહે છેઃ ''ઈન ધ બિગનીંગ વોઝ વર્ડ''

અર્થાત્ સંસારના પ્રારંભે શબ્દ હતો, તેથી શબ્દ આદિ, આદ્ય કે આદિમ કહેવાયને? ભારતનાં મતે ।।ૐ।। એ આદિ-ધ્વનિ છે. વિશ્વના તમામ મુખ્ય ધર્મોમાં, ઘણી બાબતોમાં મત-મતાંતર હશે, પણ ૐને બધા ધર્મો સ્વીકારે છે - સર્વમતિથી.

પ્રત્યેક વ્યક્તિનાં વ્યક્તિગત-અંગત (ઈન્ડીવિઝ્યુઅલ) પ્રારંભિક ઘડતરની બાબતમાં તેના જન્મદાતા-સંસ્કારદાતા માતા-પિતા એ પ્રાકૃતિક-પ્રકૃતિ દત્ત-સહજ આદિગુરુઓ છે.

કોઈપણ ભણેલી વ્યક્તિની સહી (સિગ્નેચર)ને હિન્દીમાં **''આદ્યાક્ષર''** કહે છે ને?

દાર્શનિકો, શ્રદ્ધાળુઓ અને અનુભવીઓ (સાક્ષાત્કારી વિભૂતિઓ)ના અભિપ્રાયે, પરમાત્મા, પ્રભુ, પરમશક્તિ કે પરમ ઊર્જા અનાદિ-અનંત છે, તેમ આવી અનાદિ-અનંત પરમ સત્તામાંથી પ્રગટેલ આ સમસ્ત વિરાટ સજીવ-નિર્જીવનો વિસ્તાર પણ અનાદિ-અનંત જ હોય ને?

પ્રત્યેક જીવની ઈચ્છાઓ-કામનાઓ અનંત છે. કામના-ઈચ્છાનો સંસ્કૃતમાં તાત્ત્વિક પર્યાય ભવ (To be / થવું/હોવું) થાય છે તેથી જીવની કામનાઓ કે સંસારને અનંત ભવસાગર કહ્યો.

સમય-ટાઈમ અર્થાત્ કાળ પણ અનાદિ-અનંત છે; ગીતાજીમાં શ્રીકૃષ્ણે સમયને પોતાની વિભૂતિ કીધી તેથી તે મહાકાલ છે.

આપણે જેમાં વસીએ છીએ - શ્વસીએ છીએ, તેવા અનંત બ્રહ્માંડનાં ગોળાઓ, અફાટ આકાશમાં તરતા-વિહરતા રહેલાં છે તેના સર્જનહાર-સંચાલકને શ્રદ્ધાળુઓ ''અનંત કોટિ બ્રહ્માંડનાં અધિપતિ'' કહીને પુકારે છે.

અમાસની ઘેરી અંધારી મધ્ય-રાત્રિએ આસમાનમાં ટમટમતા-તેજસ્વી તારલાઓને વિસ્મય-ફાટી આંખે નિહાળતો બાળ-કવિ આ પ્રમાણે બોલીને ડોલી ઉઠે છેઃ

''ગણ્યાં ગણાય નહીં,
વિણ્યા વિણાય નહીં; તો યે
મારી આભલાની-છાબડીમાં માંય...''

જ્ઞાન, વિજ્ઞાન, જાણકારી, માહિતી અને સત્યો તથા તથ્યોનો કોઈ પાર નથી. તેથી જ એક સંસ્કૃત-સ્તોત્રમાં કહ્યું છેઃ

''સત્યં જ્ઞાન અનંતં બ્રહ્મ...''

સ્વામીનારાયણ સંપ્રદાયમાં જૂના કાળથી આજ સુધી તેમના મોટા મોટા સદ્ગુરુઓ-સંતો-મહંતોના નામની આગળ ''અનાદિ-મુક્ત-સદ્ગુરુશ્રી.... એવાં સન્માનસૂચક વિશેષણો લગાડાય છે.

ભગવાન શ્રી સ્વામીનારાયણે (શ્રીજી મહારાજે) શ્રીમુખે કહ્યું છેઃ (૧) જીવ (૨) ઈશ્વર (૩) માયા (૪) બ્રહ્મ અને (૫) પરબ્રહ્મ - આ પાંચ અનાદિ તત્વો છે.

પરબ્રહ્મ પરમાત્મામાં અનેક ગુણો (ક્વોલિટીઝ) હોવાથી -તેમના પ્રત્યેક ગુણ પ્રગટ કરનારા અનુરૂપ અનેક નામો વિદ્વાનોએ (સ્કોલર્સ), આચાર્યોએ, મનીષીઓએ આપ્યા, તેથી પ્રભુ અનંતનામી છે છતાં અનામી છે.

હરિભક્તો, હૈયાનાં ભાવે, હરિગુણ ગાતા ગાતા હજુ પણ કહેતા રહેલા છે કેઃ હરિ અનંત હરિકથા અનંતા....

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9428238574

# શ્રી ભક્તામર સ્તોત્ર-આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**શિરદર્દ - આધાશીશી શામક**

ગાથા - ૨૪

त्वामाव्ययं विभु मचिन्त्यम संख्यमाद्यं
ब्राह्मण मीश्वर-मनन्त-मनंग केतुम् ।
योगीश्वरं विदित योग-मेनकमेकं
ज्ञानस्वरुप ममलं प्रवदन्ति सन्तः ।। २४ ।।

**ભાવાર્થ :-** હે ગુણાર્ણવ પ્રભો! આપ ગુણોના સાગર છો, આપ અવ્યય-અક્ષય, વિભુ, અચિંત્ય, અસંખ્ય-શાશ્વત, આદ્ય-આદિ પુરુષ, બ્રહ્મા, ઈશ્વર, અનંત, કામવિજેતા એવા અનંગકેતુ, યોગીશ્વર, યોગમાર્ગના જ્ઞાતા, અનેક- એક એવા સર્વવ્યાપી, જ્ઞાનરૂપ એવા નિર્મળ સ્વરૂપ છો. આવા અનેક નામથી સંતપુરુષો તમને જ સંબોધે છે.

**વિવેચન :-** પ્રસ્તુત શ્લોક સમગ્ર ભક્તામર સ્તોત્રમાં સારભૂત રૂપે રહેલ છે. પૂર્વે આચાર્યશ્રીએ બધા અપૂર્વ ભક્તિ ભાવોનો ઉલ્લેખ કર્યો એટલું જ નહિ, પ્રભુના બાહ્ય તથા આભ્યંતર પ્રભાવનો મહિમા પણ દર્શાવ્યો. ત્યારબાદ તેઓ સમગ્ર સ્તોત્રના નિચોડરૂપે આ ચોવીસમો શ્લોક પ્રસ્તુત કરે છે. બરાબર મધ્યભાગમાં રહેલો આ શ્લોક સ્તોત્રના પૂર્વ અને ઉત્તરાર્ધ બંને ભાગને પ્રકાશિત કરે છે.

સેંકડો આધ્યાત્મિક શાસ્ત્રો કે પછી વેદ-વેદાંતોએ જે આત્મ-તત્ત્વનું વિવેચન કે પછી તેનું સ્વરૂપ ભિન્ન ભિન્ન શબ્દો દ્વારા વ્યક્ત કર્યું છે, શબ્દાતીત એવા ભાવતત્ત્વને શબ્દોમાં અભિવ્યક્ત કરવાની ચર્ચા કરી છે, તેવું આ અધ્યાત્મ રત્ન આત્મસ્વરૂપ સમગ્ર સાધનાનો સાર છે.

વિશ્વમાં જે અજરામર - અવ્યય તત્ત્વ છે, શાશ્વત તત્ત્વ છે, જે કાળથી પણ અપ્રભાવિત છે, જે પોતાના સ્વતંત્ર દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવને વરેલું અખંડ-અવિનાશી તત્ત્વ છે કે જેનું અધિકરણ સ્વયં આત્મદેવ છે. એવું સાર તત્ત્વ કે જેમાં ફક્ત જ્ઞાનને છોડીને બીજો કોઈ વિકાર નથી, એવાં નિર્મળ કેવળજ્ઞાનનો આભાસ આપી કવિશ્રીએ પ્રભુના બાહ્ય અતિશયોને છોડીને મૂળભૂત તદ્દરૂપ વિશેષણોનો ઉલ્લેખ કરીને આત્મદ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે છે.

પ્રસ્તુત શ્લોકમાં પ્રભુના જેટલા વિશેષણો આપ્યા છે તે શુધ્ધ આત્માના વિશેષણો છે. પ્રત્યેક વિશેષણનો પ્રતિયોગી દોષરૂપ હોવાથી ત્યાજ્ય ગણેલ છે. જેમ કે અવ્યય - શાશ્વત સ્વરૂપ એ જ સત્ છે. વ્યય પામનારી વસ્તુના વિશ્વાસ? આમ પંદરે પંદર વિશેષણો આત્મ દ્રવ્યના ગુણ દર્શાવે છે પરંતુ સંસારી જીવોનું આત્મ **તત્ત્વ** કર્મ આવરણથી આચ્છાદિત હોવાથી નિવાસણ એવું આત્મ તત્ત્વનું દિવ્ય દર્શન છે તેને જોઈ શકતા નથી. આ ચોવીસમો શ્લોક આત્માને નિરાવરણ દૃષ્ટિએ નિહાળવાની પ્રેરણા આપે છે. એટલું જ નહિ દોષ રહિત એવા શુધ્ધ આત્મ સ્વરૂપનું ઉદ્‌ઘાટન કરી જે ગુણોનું કથન કરી તેનું આસ્વાદન કરાવે છે. જેમ પેટીમાં મૂકેલ હીરાને પેટી ખોલ્યા વિના જોઈ ન શકાય! તેમ દેહાદિ આવરણોને સમ્યક્ દૃષ્ટિથી દૂર કરી અંતર્ગત દેહાતીન એવા આત્મદેવના દર્શન કરવા તે જ આ શ્લોકનો મુખ્ય લક્ષ્ય છે.

પ્રસ્તુત શ્લોકના ચાર પદોમાં વિવિધ વિશેષણોનો ઉલ્લેખ કરીને અંતમાં વિશેષ્યનો ઉલ્લેખ કર્યો છે. જો જ્ઞાનસ્વરૂપને વિશેષણ માનવામાં આવે તો ભગવાન સ્વયં પરોક્ષભાવે વિશેષ્ય છે. **'त्वाम्'**નો અર્થ જ દેવાધિદેવ થાય છે. અર્થાત્ દેવાધિદેવ શુદ્ધ આત્મ તત્ત્વ છે. એટલે મુખ્ય વિશેષ્ય શુદ્ધ આત્મ દ્રવ્ય છે. એથી જ આચાર્યાશ્રીએ પણ અહીં **'त्वाम्'** કહીને જ દેવાધિદેવ ને સંબોધન કરે છે કે, હે પ્રભુ! તું જ પરમપુરુષ છો, તું જ કલ્યાણનો સાચો માર્ગ છો અને તું જ વિવિધ વિશાષણોની માળાને ધારણ કરનાર છો, જેમ કે અવ્યયા વિભુ... વગેરે... વગેરે

**અવ્યય :-** અહીં પ્રભુનું પ્રથમ વિશેષણ અવ્યય દર્શાવ્યું છે. જો કે, અન્ય દ્રવ્યની જેમ આત્મદ્રવ્ય અવ્યય છે, પરંતુ વિશેષતા એ છે કે અન્ય દ્રવ્ય અને તેનો પર્યાય પણ પ્રવાહરૂપે અખંડ અને અવિનાશી છે જ્યારે આત્મદ્રવ્ય સ્વયં અવ્યય છે, પરંતુ તેની પર્યાય જો વિકારીભાવે હોય તો તે વ્યયશીલ હોય છે, પણ જો પર્યાય સ્વભાવગુણ પરિણત હોય તો તે પર્યાય પણ પ્રવાહરૂપે અખંડ અને અવિનાશી બની રહે છે, અર્થાત્ પર્યાયનો પણ નાશ થતો નથી. જેમ કે. કેવળજ્ઞાન સ્વયં પર્યાય છે, પરંતુ આ પર્યાય ઉત્પન્ન થયા પછી પ્રવાહરૂપે અનંતકાળ ટકી રહે છે એટલે કે આત્મા અવ્યય છે. અને તેનો શુદ્ધ પ્રવાહ પણ અવ્યય છે એટલા માટે આચાર્યશ્રી પણ કહે છે કે, હે પ્રભુ! આપ અવ્યય સ્વરૂપ છો. સિદ્ધ પર્યાયરૂપે આપ અખંડ અને અવિનાશી છો.

**વિભુ :-** પ્રભુને વિભુ પણ કહ્યા છે, વિભુનો એક અર્થ વ્યાપક છે. વિ+ભુ=વિભુ, અર્થાત્ ત્રણેય ભુવનમાં, સંપૂર્ણ સૃષ્ટિમાં વિશેષ રૂપ એટલે કે પ્રભુ અનંતજ્ઞાન અને અનંતદર્શન દ્વારા સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આ વ્યાપક સૃષ્ટિમાં વિશેષ રૂપ એટલે કે પ્રભુ અનંતજ્ઞાન અને અનંતદર્શન દ્વારા સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આ વ્યાપક સૃષ્ટિમાં રહેવાવાળા કોઈ પણ જીવ પ્રભુના જ્ઞાન અને દર્શનના આરાધક હશે, તો એનાં હૃદયમાં પણ પ્રભુ જ્ઞાન અને

દર્શન પ્રગટાવે છે. એટલા માટે જ પ્રભુને વ્યાપક કહ્યા છે, વિભુ કહ્યા છે. પ્રત્યેક ભક્ત આત્માના જ્ઞાન-દર્શનને ઉજાગર કરી એના અંતઃકરણમાં સ્થાન પ્રાપ્ત કરી પ્રભુ ખરા અર્થમાં વ્યાપ્ત બને છે. 'વિભુ'નો બીજો અર્થ છે કે વિશેષ પ્રકારના વૈભવ, વિભૂતિથી ભરેલા, વિલક્ષણ શક્તિના ધારક છે. પ્રભુ માટે અહીં 'વિભુ' વિશેષણ વાસ્તવિક રૂપે આલેખન થયું છે.

**અચિંત્ય :-** અહીં અચિંત્યભાવ પ્રભુ માટે વિશેષણ રૂપે કહ્યો છે. અચિંત્ય શબ્દના અનેક અર્થ જોવા મળે છે. જેમ કે (૧) ચિંતાથી જે પર છે તે અચિંત્ય. (૨) જેના માટે ચિંતા કરવાપણું નથી તે અચિંત્ય. પરમાત્મા માટે હવે કોઈ ચિંતા કરવાપણું નથી. અર્થાત્ પાછળથી ચિંતા કરાવે તેવી કોઈ પર્યાય આવવાની નથી. ત્રિકાળવર્તી ચિંતાથી પર એવા પ્રભુ અચિંત્યભાવને વરેલા છે (૩) જેના વિશે કાંઈ પણ કહી ન શકીએ, કાંઈ પણ ચિંતન ન કરી શકીએ સંસ્કૃતમાં કહ્યું પણ છે કે, **'अचिन्त्यो' हि मणिमंत्रौषधीनामं प्रभावः** અર્થાત્ મણિ મંત્ર અને ઔષધિનો પ્રભાવ અચિંત્ય હોય છે. એવી જ રીતે સૂક્ષ્મ ભાવોને વરેલા પણ અચિંત્ય છે. આપણે તો ફક્ત ચોત્રીસ અતિશય ઈત્યાદિ બાહ્ય ભાવોને જોઈ શકીએ છીએ. દેવો પણ સમવસરણ આદિની રચના કરીને પ્રભુની ભક્તિ કરે છે. પરંતુ પ્રભુના જે અનંત ગુણ છે તે આપણા સામાન્ય જ્ઞાનમાં આવે તેવા નથી. આ બધા જ ગુણો અચિંત્ય છે. અહીં પ્રભુના અનંત ગુણો માટે આચાર્યશ્રીએ અચિંત્ય શબ્દ પ્રયોજ્યો છે.

**(૪) અસંખ્ય :-** આગળ પ્રભુને અસંખ્ય બતાવ્યા છે. અર્થાત્ પ્રભુના વ્યાપકતાની કોઈ સીમા નથી. અસંખ્ય છે. સંખ્યનો અર્થ સંખ્યા થાય. જ્યારે પ્રભુ તો સંખ્યાતીત છે. ગુણો દ્વારા પ્રભુ અનેકના હૃદયમાં પ્રતિષ્ઠિત હોવાથી અસંખ્ય છે. સંખ્યનો બીજો અર્થ ખંડિત થાય છે. પરંતુ પ્રભુ તો અખંડિત એવા જ્ઞાનને વરેલા છે કે જે ક્યારેય ખંડિત થવાનું નથી.

**(૫) આદ્ય :-** પ્રભુનું સ્વરૂપ ત્રિકાળવર્તી છે. તેમ છતાં વર્તમાન ચોવીસીના આધારે પ્રભુ આદ્યપુરુષ છે, અર્થાત્ પ્રથમ તીર્થંકર છે. પ્રથમ રાજા છે. સામાજિક વ્યવસ્થાના પણ આદિ પુરુષ છે. મુનિ તરીકે આદિમુનિ છે. અને દેવાધિદેવ રૂપે પણ આદિ તીર્થંકર હોવાથી તેમને આદિનાથ તીર્થંકર કહેવામાં આવે છે. આ પ્રકારે ભગવાન ઋષભદેવના જીવન સાથે અનેક આદ્ય જોડાયેલાં છે.

**(૬) બ્રહ્મા : -** આ છઠ્ઠા વિશેષણમાં આચાર્યશ્રી પ્રભુના આંતરિક સ્વરૂપને પણ પ્રગટ કરે છે. પ્રભુનું આંતરિક સ્વરૂપ બ્રહ્મ સ્વરૂપ છે.અનાદિઅનંત, સચ્ચિદાનંદ એવું શુદ્ધાત્મ સ્વરૂપ છે. જડ-ચેતન સ્વરૂપ આ જગત અનાદિ સ્વયંસિદ્ધ છે. તેને રચનાર કોઈ ઈશ્વર નથી પરંતુ, આ યુગમાં પ્રભુએ સમાજવ્યવસ્થાનું સંપૂર્ણ સર્જન કર્યું હતું તેથી લોકો પ્રભુને વિધાતા અને બ્રહ્મા કહે છે, એટલું જ નહિ, ભવ્ય જીવોને મોક્ષમાર્ગ બતાવી ધર્મસૃષ્ટિની રચના કરી ખરા અર્થમાં બ્રહ્મા બન્યા છે.

**૭) ઈશ્વર :-** આત્માના અનંતગુણોના વૈભવના સ્વામી હોવાથી પ્રભુ, ઈશ્વરરૂપ પણ છે. ન્યાયશાસ્ત્ર અનુસાર ઐશ્વર્યવાનને ઈશ્વર કહેવામાં આવે છે. પ્રભુનું બાહ્ય અને આભ્યંતર ઐશ્વર્ય એટલું બધું ઉત્કૃષ્ટ છે કે ઈન્દ્રો અને મહેન્દ્રો પણ પરમાત્મા સામે પોતાની જાતને શૂન્ય માને છે, નતમસ્તક બની ઝૂકે છે. પ્રભુ બધી રીતે સમર્થ અને અનંત શક્તિના ધારક હોવાથી ઈશ્વર રૂપ છે.

**૮) અનંત :-** આઠમા વિશેષણમાં આચાર્યશ્રીએ પ્રભુને અનંત ગુણ કહ્યા છે, કારણ કે અનંતકાળના પ્રવાહમાં તીર્થંકરરૂપે આવા અનંત દેવાધિદેવ અસ્તિત્વમાં આવ્યા છે, એટલું જ નહિ, અનંત કાળના પ્રવાહમાં અનંત-અનંત ઋષભદેવ પ્રગટ થયા છે અને થતાં જ રહેશે.

**૯) અનંગ કેતુ :-** કાવ્યશાસ્ત્રોમાં અને અધ્યાત્મમાં કામને અનંગ કહ્યો છે. અંગ રહિત હોવા છતાં તે અંગ-અંગમાં વ્યાપ્ત થાય છે. જીવાત્માના મનોબળને હરનાર છે. વિશ્વમાં કામદેવની શક્તિને પ્રચંડ માનવામાં આવે છે. કામદેવ સચરાચર વ્યાપ્ત છે. વિશ્વનું જે કાંઈ માયાવી સ્વરૂપ છે તેના મૂળમાં કામવાસના પ્રધાન છે. કામદેવથી રાજા-મહારાજા કે ઈન્દ્રો પણ પરાજિત બની જાય છે. આ કામને જીતનાર તો કોઈક મહાપુરુષ જ હોય છે. એવા કામદેવને બાળીને ભસ્મીભૂત કરવા માટે દેવાધિદેવ અગ્નિસ્વરૂપ બન્યા છે. તેથી અહીં કવિશ્રી પ્રભુને અનંગકેતુ કહે છે.

**૧૦) યોગીશ્વર :-** કવિશ્રીએ અહીં જેમણે મન, વચન અને કાયાના યોગને જીતી લીધા છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાં કોઈ પણ આસક્તિ રહી નથી. પ્રાચીન કર્મના આધારે જે કાંઈ ઉદયમાન પ્રવૃત્તિ છે તે યોગો સ્વયં સમાધિભાવે પ્રવર્તમાન છે, એટલું જ નહિ યોગની આ પ્રવૃત્તિમાં કોઈ વિકારભાવ પણ રહ્યો ન હોય એવા યોગાતીત પ્રભુને સાચા યોગીશ્વર કહ્યાં છે.

**૧૧) વિદિતયોગ :-** કવિશ્રીએ પ્રભુને માટે અહીં વિદિતયોગનું વિશેષણ દર્શાવ્યુ છે. કારણ કે પ્રભુ યોગની બધી લીલા જાણનારા છે, અર્થાત્ જીવનો ઉપયોગ યોગ સાથે જોડાયેલો હોય છે ત્યારે યોગની પ્રવૃત્તિ કેવી હોય? જ્યારે ઉપયોગ જ્ઞાન કક્ષામાં સ્વરૂપ સાથે જોડાયેલો હોય ત્યારે યોગની પ્રવૃત્તિ કેવી હોય? આમ યોગ-ઉપયોગના સંયુક્ત-વિયુક્ત બંને ભાવોને પ્રભુ જાણનારા છે. તેથી જ વિદિતયોગ કહ્યાં છે એટલું જ નહિ સંસારના જીવોને પણ યોગ-ઉપયોગની પ્રવૃત્તિને સમજવા માટે પ્રભુ અધ્યાત્મ જ્ઞાન આપી રહ્યા છે.

**૧૨-૧૩) એક અને અનેક :-** અહીં કવિશ્રીએ પ્રભુને માટે એકમાં અનેક અને અનેકમાં એક એવું વિશેષણ બતાવ્યું છે. આત્મદ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ પ્રભુ એક છે અને જ્ઞાન, દર્શન આદિ પર્યાયની અપેક્ષાએ અનેક છે. નિશ્ચય નયની

દૃષ્ટિથી એક જ્યારે પર્યાયની અપેક્ષાએ અનંત હોય. પ્રત્યેક વ્યક્તિ વ્યક્તિની દૃષ્ટિથી એક છે, જ્યારે પર્યાયની દૃષ્ટિથી અનંત છે. આવું આશ્ચર્યકારી અનેકાન્ત સ્વરૂપ પ્રભુએ જ બતાવ્યું છે. માટે જ પ્રભુનું આ વિશેષણ પણ યથાયોગ્ય છે.

**૧૪-૧૫) જ્ઞાન સ્વરૂપ અમલ :-** અંતમાં કવિશ્રી આત્મદ્રવ્યનું મૂળ સ્વરૂપ કેવું હોય તેનો ઉલ્લેખ કરતાં કહે છે કે, હે પ્રભુ! આપ ફક્ત જ્ઞાનસ્વરૂપ છો નિર્મળજ્ઞાન એ જ આપનું સ્વરૂપ છે. હકિકતમાં આ ફક્ત દેવાધિદેવ પૂરતી જ અભિવ્યક્તિ નથી. આ શબ્દોમાં અખંડ આત્માનું શુધ્ધ સ્વરૂપ વ્યક્ત થયું છે. જ્ઞાનસ્વરૂપ કહેવાની સાથે **अमलम्** કહ્યું છે. **अमलम्**નો અર્થ નિર્મળ થાય છે. જેમાંથી મેલ નીકળી ગયો હોય તે નિર્મળ કહેવાય. કેવળજ્ઞાનને છોડીને બાકીના જે જ્ઞાન છે તે ક્ષયોપશમ જન્ય હોવાથી સર્વથા નિર્મળ હોતા નથી. ફક્ત કેવળજ્ઞાન જ અમલ છે. જ્ઞાનાવરણીય કર્મનો સમુચિત ક્ષય થયા પછી ક્ષાયિકભાવે વરેલું જ્ઞાન તે અમલજ્ઞાન કહેવાય છે. અરિહંત ભગવંતો ફક્ત આવા જ્ઞાનના અધિકારી હોવાથી અહીં દેવાધિદેવને નિર્મળ જ્ઞાનસ્વરૂપ કહીને વાંદ્યા છે.

અંતમાં કવિશ્રીએ આત્મતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ માત્ર જ્ઞાનસ્વરૂપ છે, બાકી બધું ભૌતિક સંસાર છે એવું કહી સમસ્ત શાસ્ત્રોનો સાર અભિવ્યક્ત કર્યો છે. સમગ્ર આર્ય સંસ્કૃતિનું લક્ષ્ય અવ્યય એવો આત્મા છે. સમગ્ર સાધનાનું અંતિમ લક્ષ્ય પણ અચિંત્ય એવા પરમાત્મા જ છે. સ્તુતિકાર પણ આવી શ્રેષ્ઠ ભૂમિકાને પામવા પ્રભુભક્તિમાં લીન બની આગળ વધી રહ્યા છે...

**ઋદ્ધિ :-** ॐ ह्रीं अर्हं णमो विट्ठि–विसाणं ;

**મંત્ર :-** ॐ नमः भगवती वड्ढमाण सामिस्ससर्व समीहित
कुरु कुरु स्वाहा । ॐ हां ही हूं हौ हं :
अ सि आ उ ज्ञौ ज्ञौ स्वाहा ।

**વિધિ વિધાન :-** પવિત્ર થઈ ભગવા રંગના વસ્ત્ર પરિધાન કરી, યંત્ર સ્થાપિત કરી પૂજા કરવી. ત્યારબાદ પ્રતિદિવસ એકસો આઠ વાર અથવા સાત દિવસ સુધી પ્રતિદિન એક હજાર વાર ઋદ્ધિ મંત્રની આરાધના કરવી.

**ફલાગમ :-** મંત્ર દ્વારા એકવીસ વાર રાખ મંત્રિત કરી દુઃખતા માથા પર લગાવવાથી તેમ જ યંત્રને પાસે રાખવાથી આધાશીશી, સૂર્યવાત. મસ્તક સંબંધી દરેક પીડા દૂર થાય છે.

– અસ્તુ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
98928 28196

# જ્ઞાન સંવાદ : દંડક અને ૨૪ દ્વાર

**ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી**

૨૪ સ્થાન એ આત્માને રહેવા માટે હોટેલ સમાન છે જે દંડક નામથી ઓળખાય છે અને ૨૪ દ્વારો એટલે ૨૪ પ્રકારની Facilities છે. અર્થાત એ ૨૪ પ્રકારની સગવડોમાંથી કોને કેટલી કઈ કઈ સગવડો મળી શકે એનું વિસ્તૃત વર્ણન છે.

તો આપણે હોટલમાં જઈએ તો તેમાં તેના રૂમ કેવા છે એ જોઈએ છીએ. હોટલનો દેખાવ કેવો છે, આકર્ષક કે સામાન્ય ગેસ્ટહાઉસ છે. એમાં રૂમ સાધારણ, ડિલક્ષ, સેમી ડિલક્ષ, એ.સી.વાળા કે પછી વિશાળ સ્યૂટ, જેમાં રાજા-મહારાજાઓ રહે એવા છે. એ રીતે આત્માને રહેવા માટે જે હૉટલરૂપી સ્થાન મળ્યું છે એમાં શરીરરૂપી રૂમ્સ કેવા છે એની આવગાહના કેટલી છે અર્થાત્ એરિયા કેટલો છે વગેરે આપણે ક્રમથી, એ ૨૪ દ્વારની વિગત અહીં જાણીશું.

(૧) **શરીરદ્વાર** – શરીર એ સંસારી જીવોને રહેવા માટે એક પ્રકારના રૂમ્સ જેવો છે. એનાં પાંચ પ્રકાર છે. દરેક જીવને ઓછામાં ઓછા બે શરીર તૈજસ અને કાર્મણ તો હોય જ એટલે કે સ્થાનરૂપ હોટલમાં ઓછામાં ઓછા બે રૂમ્સ તો હોય જ. વધારેમાં વધારે માનવના સ્થાનમાં કોઈ કોઈ મનુષ્યને પાંચે પાંચ શરીર હોઈ શકે છે.

શરીરની વિચારણા દરેક ધર્મ, મત, દર્શનમાં કરવામાં આવી છે. કદાચ એની વ્યાખ્યા અને સંખ્યામાં ફરક હોઈ શકે, પણ શરીરની માન્યતા બધામાં છે. જૈનદર્શનમાં પણ જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ-૧માં પન્નપણાસૂત્રના પદ ૨૧માં ભગવતી સૂત્ર ૧ ઉદેશા સપ્તમાં ગર્ભવિચાર અંતર્ગત શરીરની રચના બતાવી છે.

**શરીરની વ્યાખ્યા :** **'शीर्यते यत् तत् शरीरम्'** જે ક્ષણે ક્ષણે ક્ષીણ થાય તે શરીર છે. જે નાશ થવાના સ્વભાવવાળું છે તે શરીર છે. તેમ જ જે આત્મપ્રદેશને રોકીને રહે તે શરીર છે. અર્થાત્ જેમાં આત્મપ્રદેશે રોકાઈને રહે છે અને આત્મા તેનો ભોગવટો કરે છે તથા તેને જેવું શરીર મળ્યું હોય એ પ્રમાણે તેમાં સુખ-દુઃખની અનુભૂતિ કરે છે.

આધુનિક તબીબ વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે કે વિભિન્ન કોષોની ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા શરીર પ્રતિક્ષણ બદલાતું રહે છે એ રીતે શરૂઆતમાં શરીરમાં વૃદ્ધિ પણ થાય છે. વૃદ્ધિ થાય છે એટલે એને આપણે દેહ પણ કહીએ છીએ. શરીરમાં સતત પરિવર્તન ચાલુ હોય છતાં આત્મા તો એમાં જેટલો સમય રહેવાનું હોય એટલો સમય એકસમાન રીતે જ રહે છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણું શરીર અબજો કોષોનું બનેલું છે. ૨૨૦ પ્રકારના કોષ આપણાં શરીરમાં હોય છે અને દરેક પ્રકારના સેલ પોતપોતાની કામગીરી બજાવતા રહેછે. તો જૈન દર્શન અનુસાર આપણું શરીર અનંત સ્કંધોનું બનેલું છે તેમજ કાર્મણ શરીરમાં અનેક સંસ્કાર પડેલા હોય છે એ પ્રમાણે સુખદુઃખ આવતા રહે છે.

શરીરના પાંચ પ્રકાર નીચે મુજબ છે.

**(૧) ઔદારિક શરીર** - Physical Strcture of man or animal એટલે આ એક પ્રાકૃતિક માળખું જે મનુષ્ય અને તિર્યંચને હોય. એકેન્દ્રિયથી પંચેંદ્રિયમાં દેવ નારકી સિવાયના બધાને આ પ્રકારનું શરીર હોય છે. આ શરીર સડી જાય, પડી જાય, વિણસી જાય, કોહવાઈ જાય, બગડી જાય. આત્મા એમાંથી જતો રહે પછી એ શરીર પોતાની રીતે નાશ ન પામે, સડી જાય કે દુર્ગંધ મારતો થઈ જાય કે કોહવાઈ જાય, ખવાઈ જાય. મનુષ્યના ઔદારિક શરીરના અંતિમસંસ્કાર કરવામાં આવે છે પછી તે દહન હોય કે દર્શન. પ્રાણીઓનાં શરીર બીજા પ્રાણીઓ ખાઈ જાય કે કીડાં-મકોડાં ખાઈ જાય તેમ જ કેટલાક ઔદારિક શરીર એવી રીતે સુકાઈ જાય કે અચેત થઈ જાય કે લાંબો સમય આપણે એનો ઉપયોગ કરી શકીએ છીએ. દા.ત વનસ્પતિકાયનું લાકડું, પૃથ્વીકાયની માટી, રેતી, સિમેન્ટ, લાદી પ્લાસ્ટીક વગેરે આ જગતમાં જેટલી પણ દશ્યમાન વસ્તુઓ છે એ બધી ઔદારિક શરીરવાળા જીવોના કલેવર જ છે. બાકીના ચાર શરીર જીવરહિત હોય તો દેખાતાં નથી, ટક્તાં પણ નથી. માત્રા ઔદારિક શરીર જીવરહિ હોય છતાં દેખાય છે, એ પછી મૃત ક્લેવર હોય કે લાકડું વગેરે હોય, ઔદારિક શરીર કનિષ્ઠ હોય એ રીતે શ્રેષ્ઠ પણ હોઈ શકે છે.

ઉદાર પરથી ઔદારિક શબ્દ બન્યો છે. ઉદાર અર્થાત્ જે પ્રધાન હોય, મુખ્ય હોય, સૌથી શ્રેષ્ઠ હોય, શ્રેષ્ઠ પુણ્યનો ભોગવટો કરનાર તીર્થંકરનું શરીર સૌથી શ્રેષ્ઠ હોય છે. ગણધર આદિનાં શરીર પણ શ્રેષ્ઠ હોય છે. આ શરીર મોક્ષ અપાવનાર છે, માટે પ્રધાન કહ્યું છે.

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાના વિવેચિત્ત કર્મગ્રંથમાં ઉદારના નીચે મુજબ ત્રણ અર્થ બતાવ્યા છે.

i) ઉદાર એટલે સૌથી મોટું સહસ્ત્ર યોજનમાત્ર છે. બીજા શરીરો કરતા મોટું છે. દેવોનું વૈક્રિય શરીર સાત હાથનું છે, નારકીનું ૫૦૦ ધનુષ્યનું છે. આહારકનું ૧ હાથનું છે. માટે ઔદારિક શરીર સૌથી મોટું છે.

ii) **તેજસ્વી** - દેવોથી પણ અધિક તેજવાળું તીર્થંકર ભગવંતોનું શરીર હોય છે, જેની સામે આંખ અંજાઈ જવાને કારણે લોકો જોઈ શકતા નથી. તેથી તેમના તેજને સંહરવા પાછળ ભામંડળ રખાય છે. તેથી આ શરીર સૌથી તેજવાળું છે.

iii) **દાનેશ્વર** - વૈક્રિય આદિ ચાર શરીર આત્માને સાંસારિક સંપત્તિનું દાન કરી શકે છે. જ્યારે ઔદારિક શરીર મોક્ષરૂપ લક્ષ્મીનું દાન કરી શકે છે, માટે સૌથી વધુ દાનેશ્વરી છે.

૨) **વૈકિય શરીર** - જે શરીર દ્વારા વિશિષ્ટ, વિલક્ષણ, વિવિધ ક્રિયાઓ થાય, તે વૈકિય શરીર કહેવાય. જે શરીર એક હોવા છતાં અનેક બની જાય છે, અનેક હોવા છતાં એક થઈ જાય છે, નાનાં-મોટાં થઈ જાય છે, મોટાં નાનાં થઈ જાય છે, આકાશચારીમાંથી ભૂચર, ભૂચરથી આકાશચારી બની જાય, દશ્ય હોવા છતાં અદશ્ય અને અદશ્ય હોવાં છતાં દશ્ય બની જાય, વિવિધ રૂપો કરવાની શક્તિવાળું છે તેને વૈકિય શરીર કહે છે. આ શરીર બે પ્રકારના છે.

i) **જન્મજાત** - ઉપપાત જન્મવાળા દેવો, નારકોને જન્મથી જ આ શરીર હોય છે જેને ભવધારણીય વૈક્રિય શરીર કહેવાય છે.

ii) **લબ્ધિનિચિતક** - તિર્યંચો અને મનુષ્યોમાં કોઈ કોઈ જીવોને આ શરીર લબ્ધિથી હોય છે, એટલે આ શરીર ચારેય ગતિના જીવોને હોય છે. અણિમા, મહિમા આદિ આઠ ગુણોના ઐશ્વર્ય સંબંધથી એના વિવિધ રૂપો બની શકે છે. આ શરીર સડે નહિ, પડે નહિ, વિણસે નહિ, બગડે નહિ, દુર્ગંધ આવે નહિ, મુવા પછી ક્લેવર વિસરણ (કપુરની ગોટીની જેમ ઓગળી જાય) થાય છે. દેવ નારકીને ભવધારણીય વૈકિય શરીર હોય એટલે એમાંથી જ વૈકિયના પુદ્‌ગલો લઈને આ શરીર દ્વારા વિવિધ રૂપો બનાવે છે જ્યારે ઔદારિક શરીરવાળા મનુષ્ય અને તિર્યંચ બહારના વૈકિય પુદ્‌ગલો લઈને રૂપ બનાવે છે. આ રીતે બનાવેલા વિવિધ રૂપો નારકીના અંતર્મુહૂત સુધી ટકી શકે, તિર્યંચ અને મનુષ્યોના ચાર ભિન્ન-ખંડિતર્મુહૂત અંતર્મુહૂત સુધી ટકી શકે અને દેવોના ૧૫ દિવસ સુધી ટકી શકે છે.

(૩) **આહારક શરીર** - ચૌદ પૂર્વધારી મુનિ તીર્થંકરના અતિશયને જોવા આદિના પ્રયોજનથી વિશિષ્ટ 'આહારક'

નામક લબ્ધિથી જે શરીરનું નિર્માણ કરે છે, તે આહારક શરીર કહેવાય છે. આ શરીર વૈક્રિય શરીરની અપેક્ષાએ ઉત્પન્ન શુભ અને સ્વચ્છ સ્ફટિક શિલાના સંદશ શુભ પુદ્‌ગલોના સમૂહથી રચાય છે.

આ શરીર એક ભવમાં બે વાર અને સંપૂર્ણ સંસારચક્રમાં ચાર વાર પ્રાપ્ત થઈ શકે છે. ચોથીવાર કરે એ તે જ ભવમાં મોક્ષે જાય છે.

આહારક શરીર બનાવવાના ચાર કારણ જીવાભિગમ આદિ સૂત્રોમાં બતાવ્યા છે. એ ચારમાંથી કોઈ પણ કારણ હોય તો આહારક શરીર બનાવે છે જેમ કે-

i) **તીર્થંકર** - દેવાધિદેવની ઋદ્ધિનો સદ્‌ભાવ જાણવા માટે

ii) **ભરત-ઈરવત** ક્ષેત્રમાં કેવળીનો અભાવ હોય ત્યારે તત્ત્વોમાં સંશય દૂર કરવા માટે મહાવિદેહ ક્ષેત્રમાં જ્યાં કેવળી હો હોય ત્યાં જવા માટે

iii) સૂક્ષ્મ પદાર્થોનો નિર્ણય કરવા માટે કે ચૌદપૂર્વના જ્ઞાનમાં રહેલી અધૂરાશ પૂર્ણ કરવા માટે

iv) જીવદયા - પ્રાણીદયાના પાલન માટે જે ક્ષેત્રમાં જીવહિંસા ખૂબ થતી હોય ત્યાં પૂતળાને આકાશમાં મૂકી એના દ્વારા જીવહિંસાના દુષ્પરિણામ સંબંધી આકાશવાણી કરે.

આ ચાર કારણ માટે ઉત્તમ પુદ્‌ગલોનો આહાર લઈને જઘન્ય હાથ ન્યૂન ઉત્કૃષ્ટ એક હાથનું સ્ફટિક સમાન કોઈ ન દેખે એવું સર્વાંગ સુંદર શરીર બનાવે. આ શરીર રસાદિક સપ્તધાતુથી રહિત, સંઘયણ રહિત, સમચતુસ્ત્ર સંસ્થાનવાળું હોય છે. આ શરીર કોઈ ન જોઈ શકે એવું હોવા છતાં દેખાડવું હોય તો દેખાડી શકાય છે. માત્ર સાધુને જ હોય, સાધ્વીને ન હોય. વર્તમાને ભરતક્ષેત્રમાં ચૌદપૂર્વનું જ્ઞાન નથી તેમજ આહારક શરીર પણ નથી આ અમર શરીર છે, અર્થાત આ શરીરમાં મૃત્યુ ન થાય.

(૪) **તૈજસ શરીર** - તેજથી અર્થાત્ તૈજસ પુદ્‌ગલોથી જે બને તે તૈજસ શરીર કહેવાય છે. આ શરીર ખાધેલા આહારના પરિણમનનું કારણ હોય છે અને ઉષ્મારૂપ હોય છે જે આહારને પચાવીને તેને રસરૂપ આદિમાં પરિણત કરે છે. તે બધા જ સંસારી જીવોને હોય છે પરંતુ તપ આદિ વિશિષ્ટ ગુણોને લીધે તૈજસ લબ્ધિ જે પ્રગટ થાય છે તે કોઈકને જ હોય છે, એના દ્વારા તેજોલેશ્યા - ઉષ્ણ કે શીત છોડી શકે છે.

(૫) **કાર્મણ શરીર** - જે શરીર કર્મથી ઉત્પન્ન થાય તે અથવા જે કર્મનો વિકાર હોય તે કર્મણ શરીર કહેવાય છે. એમાં આઠ કર્મના પુદગલ આત્મપ્રદેશોની સાથે દૂધ-પાણીની જેમ એકમેક થઈને પરસ્પર મળી શરીરના રૂપમાં પરિણત થઈ જાય છે. તે સર્વ સંસારી જીવોમાં હોય છે. કર્મોથી નિષ્પન્ન થાય છે માટે એ બીજા બધા શરીરોનું કારણ છે. એનો સમૂલ ઉચ્છેદ થઈ જાય છે ત્યારે બાકીના શરીરનો પ્રાદુર્ભાવ થતો, નથી કારણકે એનો ઉચ્છેદ થઈ જવાથી જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. તૈજસ-કાર્મણ આ બે જોડિયા ભાઈ જેવા છે, જે દરેક ભવમાં સાથે ને સાથે રહે છે માટે આભ્યંતર શરીર કહેવાય છે એના વગર એક પણ સંસારી જીવ ન હોય બાકીના ત્રણ બાહ્ય શરીર છે જે ક્યારેક હોય ક્યારેક ન હોય. બાહ્ય શરીરનું છૂટવું મૃત્યુ કહેવાય. આભ્યંતર શરીરનું છૂટવું નિર્વાણ કહેવાય છે.

શરીરની વિચારણા શા માટે? નિગોદથી માંડીને નિર્વાણ સુધી આપણી પાસે શરીરનું અસ્તિત્વ રહે છે. શરીરમાંથી આત્મબુદ્ધિ કે નિજસ્વરૂપ બુદ્ધિ ન નીકળે તો જીવ અનંતકાળ ફર્યા જ કરે છે, પણ એક વખત પણ આત્મા અને શરીર અલગ છે એવી બુદ્ધિ થાય અર્થાત્ સમ્યકૃત્વ થઈ જાય તો તૈજસ-કાર્મણ શરીર અનાદિ-શાંત થઈ જાય છે. શરીર વિશે જાણપણું થયા પછી શરીર પ્રત્યેનું મમત્વ દૂર થાય એવા પ્રયત્ન કરવાની જરૂર છે. આત્મા અને શરીર જુદાં છે એવું ભેદજ્ઞાન કરવાની જરૂર છે. દેહાતીત થવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. કાયાની માયા છૂટે તો જ પૂર્ણ આધ્યાત્મિક વિકાસ થાય અને મોક્ષસુખની પ્રાપ્તિ થાય માટે શરીરની વિચારણા જરૂરી છે.

**- ક્રમશઃ**

સંપર્ક : 9821050527

**ગાંધીજીના વાત**

ચંપારણની વાત છે. ત્યાંની નીલવરોના અન્યાય ને અત્યાચારોની બાપુએ તપાસ શરૂ કરેલી અને પ્રજામાં કંઈક ચેતન આવ્યું હતું. બાપુએ ઠેકઠેકાણે શાળાઓ ખોલેલી તેની પણ લોકો પર સારી અસર થવા માંડી હતી. ગોરા નીલવરો આથી ગભરાયા હતા. કોઈએ બાપુને કહ્યું, ''અહીંનો અમુક નીલવર સૌથી દુષ્ટ છે. તે આપનું ખૂન કરાવવા માગે છે ને તેને માટે તેણે મારા રોક્યા છે.''

આ સાંભળીને બાપુ એક દિવસ રાત્રે એકલા પેલા ગોરાને બંગલે પહોંચ્યા ને કહેવા લાગ્યાઃ ''મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે મારાઓ રોક્યા છે, એટલે કોઈને કહ્યા વગર હું એકલો આવ્યો છું.''

પેલો બિચારો સ્તબ્ધ થઈ ગયો.

# क्षणभंगुरं इदं जगत्

**પંડિત શ્રી ધનંજય જે. જૈન 'પ્રેમકેતુ'**

*નિત્ય અનિત્યતા ચાલી છે આ સંસાર! અર્થાત્*
*સદૈવ પરિવર્તનશીલ છે આ સંસાર! અર્થાત્*
*નિરંતર પરાવર્તન પામતો છે આ સંસાર! અર્થાત્*
*હંમેશ અસ્થાયી-અધ્રુવ છે આ સંસાર!*

'**સર્વ ક્ષણિકમ્**' આ બૌદ્ધ મત, જૈન દૃષ્ટિએ પણ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પરમ સત્ય જ છે.

સંસારમાં રોજ બધું જ બદલાય છે. વર્ષે વર્ષે બદલાય છે? ના મહિને મહિને બદલાય છે. શું મહિને-મહિને જ બદલાય છે? ના, પ્રત્યેક દિવસે બદલાય છે. શું પ્રત્યેક દિવસે જ બદલાય છે? ના પ્રત્યેક કલાકે, પ્રત્યેક મિનિટે, પ્રત્યેક સેકન્ડે અને પ્રત્યેક સમયે વસ્તુઓ અને વ્યક્તિઓ, જડ અને ચેતન, બધું જ બદલાય છે. સેકન્ડો અને દિવસોમાં થતો બદલાવ 'સૂક્ષ્મ' હોવાથી ઝટ પકડાતો નથી, સમજાતો નથી.

સૂક્ષ્મ વસ્તુ ઝટ દૃષ્ટિગોચર ના થાય, તે સ્વાભાવિક છે. કોઈના હાથમાં લટકતો એક વાળ સૂક્ષ્મ છે. અને વાળનો જથ્થો સ્થૂળ છે. સ્થૂળ વસ્તુ જલ્દી દૃષ્ટિપથમાં આવે પણ તેથી 'સૂક્ષ્મ' નથી, એમ થોડું કહેવાય?

નાનકડો બાળક, તાજો જન્મેલ બાળક, આઠ વર્ષ વીત્યા બાદ કોઈ જુએઃ તો કહે કે 'તું તો કેટલો મોટો થઈ ગયો!

તું તાજો જન્મેલ, એક દિવસનો હતો, ત્યારે મેં તને જોયેલો. આજે તું એટલો બદલાઈ ગયો છે કે તને હું કેવી રીતે ઓળખી શકું?' વાત સાચી છે, પણ આ 'બદલાવ' એક દિવસમાંથી સીધો જમ્પ મારીને આઠમા વર્ષમાં નથી પહોંચ્યો. પ્રત્યેક સેકન્ડે, પ્રત્યેક કલાકે, પ્રત્યેક દિવસે અને પ્રત્યેક મહિને મોટો થતો જતો બાળક જ આઠ વર્ષનો થાય છે અને તે જ અંતે ૮૦ વર્ષનો વૃદ્ધ પણ થાય છે.

આપણી દૃષ્ટિ સ્થૂલાવગાહી (સ્થૂલને જ પકડી શકે તેવી) હોવાથી 'સૂક્ષ્મ' આપણને સમજાતું નથી. સેન્ડોમાં અને દિવસોમાં થયેલ બદલાવ (ફેરફાર = પરિવર્તન) ઝટ આપણને સમજાતો નથી. જ્યારે તે દિવસોના - મહિનાઓના સરવાળારૂપ બદલાવ બને છે ત્યારે જ તે દૃષ્ટિપથગામી બને છે, પરંતુ બદલાવની = પરિવર્તનની પ્રક્રિયા નિરંતર (પ્રતિક્ષણ) ચાલુ જ છે. આ વાત સંસારના પ્રત્યેક જડ-ચેતન પદાર્થોને લાગુ પડે છે. (જૈન દર્શન તો પુદ્ગલ, આત્માના અને ધર્માસ્તિકાય આદિ છયે દ્રવ્યોમાં પર્યાયાર્થિકનયથી આ પરિવર્તનને સિદ્ધ કરે છે, પરંતુ તે દાર્શનિક વિષય હોવાથી અહીં તેનું વિશ્લેષણ અપ્રસ્તુત છે.)

આ લેખનો ઉપક્રમ થવાનું એક નિમિત્ત બન્યું. મારી સુપુત્રી (અ.સૌ. અરિહા)નો એક વાર ફોન આવ્યો. તે કહે 'પપ્પા! હું નાની હતી, ૧૭-૧૮ વર્ષની. ત્યારે કેવી ચંચળ હતી! ઉત્સાહ-ઉમંગ તરવરાટ જોરદાર હતો. પ્રત્યેક બાબતમાં! આજે ૩૬-૩૭ વર્ષની ઉંમરે ઘણી બધી બાબતોમાંથી 'લગાવ' છૂટી ગયો છે. લગાવ છે પરંતુ તેના સાધનો અને પાત્રો બદલાઈ ગયા છે... આવું કેમ થતું હશે? પહેલાં કોઈક 'કાંઈ' કહેતું હતું ત્યારે 'લાગી આવતું' હતું. આજે પણ કોઈક 'કાંઈક અણગમતું' પણ કહી જાય છે ત્યારે એવું 'લાગી નથી' આવતું. એમ થાય કે, 'એ તો ચાલ્યા કરે' બધા પ્રત્યેના ભાવો સતત બદલાયા કરે છે, આવું કેમ થતું હશે?'

મેં તેને વિસ્તારથી જે જવાબ આપ્યો, તેનો સાર આ મુજબ છે -

સમગ્ર સંસારના બધા ભાવો સદૈવ પરિવર્તન પામતા જ રહે છે. નાનકડા ચાર વર્ષના બાળકને જે રમકડાંઓ ખૂબ વહાલાં લાગતાં હતાં તે દસ વર્ષનો થાય એટલે તેનેજ ફેંકી દેવા જેવા લાગે છે અને દસ વર્ષની ઉંમરે રમવા યોગ્ય રમકડાં વીસ વર્ષના યુવાનને હાસ્યસ્પદ લાગે છે ત્યારે એના રમવાના રમકડાઓ બદલાઈ જાય છે અને એ વયમાં આનંદ-આપતાં એ જ સાધનો (= રમકડાઓ... ચાહે તે પ્રેમિકારૂપ હોય કે કોઈ મિત્રો સ્વરૂપ હોય) ૪૫-૫૦ વર્ષની ઉંમરે યાદ કરવા જેવા પણ નથી લાગતા. તે ઉંમરના ધ્યેય=લક્ષ્ય, બધાં બદલાઈ જાય છે. સંસારી દૃષ્ટિએ તે ઉંમરે ધન એકમાત્ર ધ્યેય બની જાય છે. મિત્રો અને પત્ની પણ ગૌણ બની જાય છે. વ્યક્તિવિશેષે આમાં સતત મુખ્ય-ગૌણભાવ રહે એ વાત સહજ છે, પરંતુ ટૂંકમાં સતત તમારા મનના ભાવો બદલાતાં જ રહે છે અને તેથી મનના માનેલા રમકડાંઓ પણ બદલાયા કરે છે.

જે કાર (I 20 કે પછી મર્સીડીઝ) લાવ્યા હો, તે વર્ષ-બે વર્ષ પછી બદલવાનું મન થઈ જાય છે. મતલબ કે પહેલાંના જેવી તે ગમતી નથી. અતિરાગી

સંસારીજનોને પત્ની પણ બદલી નાખવાનું મન થઈ જતું સંભવી શકે છે, પરન્તુ સામાજિક મર્યાદાઓ અને સાંસ્કૃતિક બંધનો તેને તેમ કરતાં રોકે છે. (એ ભારતીય સંસ્કૃતિની ભવ્યતા છે.) પરદેશમાં આવા લાખો દંપતીઓ તમને મળી આવશે.

ટૂંકમાં, જગતના સર્વ પદાર્થોમાં પરિવર્તન સ્વભાવરૂપે સિદ્ધ છે. તેમાં મધ્યસ્થભાવ રાખવો' તે જ સુખી થવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

એક માસીની સત્યઘટના મને યાદ આવે છે. થોડા નામફેર કરીને અહીં રજૂ કરું છું.

**એક માસીનું નામઃ** અંજલિ. બધા તેને ટૂંકા નામે 'અંજુમાસી' તરીકે બોલાવે તેને નાનપણમાં તેના ભાણિયા ઉપર બહુ પ્રેમ હતો. ભાણિયાનું નામ ધનેશ પણ લાડમાં બધા ધનિયો કહેતા. અંજુમાસીને ધનિયો ઘણો ગમે. બન્ને વચ્ચે ચાર-પાંચ વર્ષનો જ ફેર, પણ પછી તો અંજુમાસી જુવાન થયાં, પરણ્યા અને તેમને ઘેર પણ દીકરો જન્મયો નામ તેનું નીરજ.

અંજુમાસી આખો દિવસ નીરજના જ વખાણ કર્યા કરે. 'મારો નીરજ તો આવો રૂપાળો અને મારો નીરજ આવો બુદ્ધિશાળી' પેલા ધનિયાને આ ડંખ્યા કરે કે માસી હવે મને પ્રેમ નથી કરતાં. આમ કરતાં વર્ષો વહી ગયા અને નીરજ પણ પરણી ગયો અને તેને સ્મિત નામનો દીકરો - બહુ વર્ષો બાદ- અવતર્યો. હવે માસી નીરજને પણ ભૂલી ગયાં અને સ્મિતના ખિલખિલાટ સ્મિતના મોહમાં પડી ગયાં. સતત સ્મિતના જ વખાણ કર્યા કરે, 'મારો સ્મિત તો આવો અને મારો સ્મિત તો મહારૂપાળો.'

વાસ્તવમાં વિચારીએ તો આવી અંજુમાસીઓ જગતમાં યત્ર તત્ર સર્વત્ર પથરાયેલી છે. કારણકે સંસારના તમામ ભાવો, મનના વિચારો અને જગતના બધા જ પદાર્થો નિરંતર બદલાઈ જવાના સ્વભાવવાળા જ છે. આમાં ધનિયો ખોટું લગાડે તો તેની અણસમજ સિવાય કાંઈ નથી.

આપણે આપણા ચિત્તને પ્રસન્ન રાખવું હોય તો સંસારના અનિત્ય પદાર્થોની બદલાતી જતી સર્વસ્થિતિ-પરિસ્થિતિને ખૂબ સહજતાથી સ્વીકારી લેવી તે જ સુખનો સાચો માર્ગ છે.

ભરત ચક્રવર્તી ષટ્ખંડનું સામ્રાજ્ય જીતીને કોટિશિલા પાસે ગયા. કોટિશિલા એવી વિરાટ અને શાશ્વત શિલા છે જ્યાં દરેક ચક્રવર્તી ષટ્ખંડ જીતીને તેની પાસે જાય અને ત્યાં પોતાનું નામ કાંકિણીરત્ન વડે આલેખે - કેઃ ''આ અવસર્પિણી કાળના ચક્રવતી આ...'' (જે નામ હોય તે). ભરત ચક્રવર્તી જ્યારે એ કોટિશિલા પાસે પોતાનું નામ લખવા ગયા ત્યારે ત્યાં જગ્યા જ ન હતી. આખી શિલા પૂર્વના લાખો ચક્રવર્તીઓના નામોથી સભર બની ગઈ હતી. હવે શું કરવું? પરંતુ કાંકિણીરત્ન (જે માત્ર ચક્રવર્તી પાસે જ હોય) એવું અદ્‌ભુત હોય છે તે પેનની જેમ લખવામાં પણ કામ લાગે અને રબરની જેમ ભૂંસવા માટે પણ કામ લાગે. કાંકિણીરત્ન સિવાય જગતની કોઈ વ્યક્તિ ચક્રવર્તીનું નામ ન ભૂંસી શકે અને લખી પણ ના શકે. ભરત ચક્રવર્તીએ પૂર્વના કોઈ ચક્રવર્તીનું નામ કોટિશિલા પર ભૂંસી નાખ્યું અને પોતાનું નામ લખી દીધું. 'આ અવસર્પિણી કાળના પ્રથમ ચક્રવર્તી રાજા ભરત.'

નામ તો લખાઈ ગયું, પરંતુ તે લખતી વખતે ભરતની આંખોમાં આંસું ઉભરાયાં. તેઓ વિચારવા લાગ્યા કે, 'આજે કોઈ ચક્રવર્તીનું નામ ભૂંસી નાંખ્યું અને મારું નામ લખી દીધું, તેમ ભવિષ્યમાં બીજો કોઈ ચક્રવર્તી પાકશે અને તેને પોતાનું નામ લખવાની જગ્યા નહિ મળે ત્યારે આજ રીતે મારું નામ ભૂંસીને તે પોતાનું નામ કોટિશિલા ઉપર લખશે. અરે! સંસાર! તારી વિનાશિતા!'

ધ્યાન રાખવા જેવું છે... ષટ્ખંડ વિજેતા મહાન ચક્રવર્તી ભરત રાજાનું નામ પણ જો વિનશ્વર છે, તો આ જગતમાં આપણા નામની અને કામની શી અવિનાશિતા? તો આવા વિનશ્વર અને નિરંતર પરિવર્તનશીલ નામ, ધામ, ઠામ, ગામ કે કામ માટે અવિનાશી આતમરામને સંકલેશોના સંગ્રામથી સંયુક્ત કેમ જ કરાય? અર્થાત્ ન જ કરાય.

તો બદલાતા જતા આ વિશ્વમાં નિરંતર પરિવર્તન પામતા અને એ પરિવર્તન દ્વારા વિનાશ પામતા જતા પર્યાયોમાં ક્યાંય મનને વિહવળ ન થવા દેવું. 'પહેલાં તો તે મને બહુ પ્રેમ કરતો હતો, હવે કેમ નથી કરતો?' આવા પ્રકારના વમળોમાં મનને પેસાવા ન દેવું, અને 'આ જ જગત્‌સ્થિતિ છે, આ જ સંસારના ભાવો=પર્યાયો છે, તેને સ્થાયી કે ધ્રુવ માન્યા, તે મારી નાસમજી છે.' એમ વિચારીને આપણે તે તે વસ્તુઓની કે વ્યક્તિઓની મમતાથી ઉપર ઊઠી જવું અને મનને મધ્યસ્થ ભાવનાથી મહેકતું કરી મૂકવું તે જ સાચા સુખનો સન્માર્ગ છે.

પર્યાયોમાં દૃષ્ટિ રાગાદિનું કારણ હોવાથી પતનનો માર્ગ છે, તેથી તે મિથ્યાત્વનો પથ છે અને દ્રવ્યોમાં સ્થિર દૃષ્ટિ તે રાગાદિના નાશનું કારણ છે માટે સમ્યક્ત્વનો પથ છે. આ સત્યને આપણે જેટલા વહેલા સમજીશું તેટલા સદ્ય સુખી બનીશું.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 8490909393

# ભાવ-પ્રતિભાવ

૧) ઘણા વખતે પ્રબુદ્ધ જીવન હાથમાં આવ્યું. ઓગસ્ટ - ૨૦૨૦નો અંક જોયો ખૂબ રાજી થયો. નિરાંતે વંચાશે. સામયિકના મુખપૃષ્ઠ પર આપે જે શ્લોક ઉતાર્યો છે તેનું મરાઠીકરણ મને કંઠસ્થ છે, જે મેં પોતે કરેલું છે.

_mamnVmMr H$H$mdbr
Vm`mM n[aZmd hr Z CaV gVßV bmhmdar,
V ^mg Z{bZr Xbmdar Ahm gÝ_m{ŠVH$mM nar&
V ñdm{V ñVd AmpãY e{ŠV \$QV _mVr KSZQH$
OmUm CËV__Ü`_mÚ_ ggJ `mJ {QH$ &&

જીવનનો ઉત્કર્ષ કે પતન બંને સંસર્ગને આધીન છે. અંગ્રેજીમાં કહ્યું છે; 'Man is known by the company he keeps' ઓગસ્ટનો અંક ખૂબ જ સરસ છે. સુંદર લેખોથી સભર છે. મજા આવશે તેવી ચોક્કસ ખાતરી છે.

સ્નેહ
**શ્રી મોહનભાઈ પટેલ**
મુંબઈ

❖ ❖ ❖ ❖

૨) કોરોના જેવા કપરા સમયે પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના માનદ મંત્રી અને **'પ્રબુદ્ધ જીવન'**ના ૧૧મા તંત્રી ડૉ. સેજલ શાહ દ્વારા પ્રગટ થયેલ પર્યુષણ વિશેષાંક ''સંતવાણી'' ટાઈટલ દ્વારા, ગુણવંત બરવાળિયા જેવા વિદ્વાન લેખક અને સંપાદકના માર્ગદર્શનથી ૩૨ જેટલાં ચિંતકોના ઉત્કૃષ્ટ વિચારો રજૂ થયેલ છે, તે ખરેખર સરાહનીય - અભિનંદનીય છે.

આ અંકનું મુખપૃષ્ઠ પણ અર્થસભર છે. જે જીવનને અનેરૂં ભાતું પીરસતું વિવિધ રમણીય કલરોમાં દૃષ્ટિમાન થયેલ છે.

તેથી પણ વિશેષ મુખપૃષ્ઠ પર આલેખાયેલ સંસ્કૃત શ્લોક છે, જેનો અર્થ છે તપી રહેલા લોઢા ઉપર જળબિંદુ ટકતું નથી, જ્યારે કમળપત્ર ઉપર મોતીનો આકાર ધારણ કરી લે છે તથા સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રના છીપલામાં પડેલ એ ટીપું મોતી બની જાય છે. નીચ, મધ્યમ અને ઉત્તમ સંગથી આવા ગુણો બને છે.

આપણે સૌ ભાગ્યશાળી છીએ કે, ડૉ. સેજલબેન શાહ આપણી સંસ્થાના માનદ્ મંત્રી અને **'પ્રબુદ્ધ જીવન'**ના તંત્રી છે. તેઓના અમેરિકા સહિત મુંબઈ અને અન્ય વિવિધ સ્થળોએ પ્રવચનો ગોઠવાય છે. ફરી આવતાં વર્ષ માટે પણ અમેરિકાનું આમંત્રણ મળેલ. સીધી સાદી મીઠી સરળ ભાષામાં અર્થ સભર, માનવજીવનના ઉત્થાન માટેના પ્રેરણાદાયી મૌલિક વિચારો રજૂ કરવાની તેમની ખાસ વિશિષ્ટતા છે, એટલે એમના હસતા મુખે વાણી સાંભળવી એ પણ એક લહાવો છે.

અંતમાં સેજલબેન એમના ઊંડા જ્ઞાન વડે નવાં નવાં વિચારો અને વિષયોની શોધ કરી 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાંચકોને અવારનવાર અવનવું ભાતું પીરસતા રહે અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પરંપરાનો ઉજાસ કાયમ ચારેકોર ફેલાતો રહે તે માટે જ્ઞાનરૂપી દીવડા પ્રગટાવતા રહે એ જ અભ્યર્થનાસહ શુભઆશિષ

લિ.
**ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા**
કમિટી મેમ્બર - શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩) જણાવતા ખૂબ આનંદ થાય છે, આ વખતનો પ્રબુદ્ધ જીવનનો પર્યુષણ વિશેષાંક સંતવાણી મળેલ છે. આ અંકના વિદ્વાન સંપાદક માનનીય ગુણવંતભાઈ બરવાળિયાની આગવી સંકલન શક્તિ દેદિપ્યમાન રીતે ખીલી ઉઠી છે.

આખા ભારતવર્ષમાં દરેક સંસ્કૃતિનાં અલગ અલગ સંતોની સંતવાણી હુંફાળી હુંફની અનુભૂતિ થાય છે. સંપૂર્ણ ભારતવર્ષ તેમજ સૌરાષ્ટ્રના બહુ ખ્યાતનામ સંતો ૨-૩ દાયકાથી વિસરાઈ ગયા હતા. તે આ અંક દ્વારા પાછા સજીવન થાય છે. સંતો આપણી સંસ્કૃતિનાં વાહક છે. અને આપણામાં શુભ સંસ્કારના સ્થાપક છે. તેમણે કરેલી સમાજની અલગ અલગ રીતે કરેલી સેવા કાર્યના અદભૂત પરિચય આ અંકમાં થાય છે. પછી તે કાશ્મીરની કવિયત્રી લલ્લેશ્વરી હોય, સદાવ્રત પરંપરાનાં સ્થાપક શ્રી આણંદાબાવા હોય કે બજરંગદાસ બાપા હોય. આ બધા સંતો સંસ્કૃતિની ધરોહર હોય છે. કચ્છમાં મકેણદા હોય કે અધ્યાત્મ ઉત્ક્રાંતિના પ્રણેતા, શ્રી માતાજી, મહર્ષિ અરવિંદ કે પૂજ્ય મોટા, આ બધાને એક સાથે, એક જ અંકમાં માણવાની આધ્યાત્મિક મોજ આવી ગઈ. અલગ અલગ વિદ્યાપીઠ/યુનિવર્સીટીમાં ઉચ્ચ સ્થાને બિરાજતા સંશોધકોએ પોતાની આગવી શૈલીમાં દરેક નિબંધનું અદ્ભૂત આલેખન કરેલ છે. માનનિય ગુણવંતભાઈની સર્જન અને સંકલન શક્તિનો એક અનોખો ઉભાર જણાઈ આવે છે. આ અંક શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું તેમ જ માનદ તંત્રી ડૉ. સેજલબેન શાહ અને સંપાદક શ્રી ગુણવંતભાઈ બરવાળિયા

દ્વારા સમાજને એક નવલું-નજરાણું તરીકે સ્થાન પ્રાપ્ત થયેલ છે. આ સર્જન એક અલ્પવિરામ છે, હજી આવા ઘણાં સર્જન કાર્યો, સાહિત્ય, અધ્યાત્મ તેમ જ સેવાકાર્યો સમયમાં વિસરાઈ ગયાં છે. તેને સજીવન કરવાનું હજી બાકી છે. બે હાથ જોડી પ્રભુ પાસે પ્રાર્થના કે આવા અર્થસભર અંકોનું અસ્ખલિતપણે પ્રકાશન થતું રહે. આ અંકે સંત પરંપરાની ઉજ્જ્વલતાને ઉજાગર કરેલ છે.

**-યોગેશ બાવીશી**

❖ ❖ ❖ ❖

૪) 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૨-૩-૨૦ના અંકમાં આવેલ 'ભાનુમતિ પ્રેમધામ' વયસ્ક શ્રમણીની ભગવંતોનો સ્થિર સાધના વિસામોની શબ્દસફર કરી. સમાજ દ્વારા આવી સુવિધા કરવી ને જૈન સમાજ દ્વારા ઉપકારી ગુરુ-ભગવંતો પ્રત્યે આદરભાવ સાથે ઋણ અદા કરવાની ભાવના છે જે ખરેખર હજુ પણ જરૂરિયાત મુજબ વધારવી જોઈએ અથવા દરેક મોટાં તીર્થધામોમાં મોટી ધર્મશાળાઓમાં થોડી જગ્યા સ્પેર કરી આવી વ્યવસ્થા વધારવા વિચારી શકાય.

હાલ સમાજમાં જેમ ગુરુ ભગવંતોના સ્થિર સાધના વિસામાની જરૂરિયાત છે, તેમ સમાજના શ્રાવક-શ્રાવિકાઓ કે જે ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટિઝન છે તેમના માટે પણ સામૂહિક વ્યવસ્થા કરવા વિચાર કરવો જરૂરી છે. લગભગ શાસ્ત્રોને આગળ ધરી કોઈ ભગવંતો દ્વારા આવી વાત સ્વીકારતા નથી, પરંતુ સમાજની બદલાતી રૂખ મુજબ માઈક સાઉન્ડ સીસ્ટમ તથા પંખા, કુલર, એસી, વગેરે વાપરવાની છૂટ લે તે દરેક વ્યક્તિએ આ બાબત પણ વિશાળ લક્ષ રાખી વિચારવું જોઈએ.

સમાજમાં આવા સિનિયર સિટિઝનો આર્થિક રીતે મોંઘા પડે તેમ નથી. દરેક વ્યક્તિ પોતાનો ભાર ઉપાડી સમાજને કંઈક વધુ આપીને જશે તેમ છે. હાલ સમાજની સ્થિતિને લક્ષમાં લેતાં દરેકને જુદી જુદી વ્યથા હોય છે. છોકરાંઓ દૂર પરદેશ હોય અથવા ભણવું ન હોય પરંતુ રૂપિયા આપી રહેવા-જમવાની વ્યવસ્થા થાય તો ગમે છે, તૈયાર છે. સમાજમાં હાલની સ્થિતિના અનુસાર સિનિયર સિટિઝનો એકલા રહેતા હોય તો હુમલા કરી લૂંટવાના અસંખ્ય પ્રસંગો બને છે જે આપણે છાપામાં પણ વાંચીએ છીએ. આમ આર્થિક તથા સામાજિક ગેરંટી સાથે જો એક ધર્મના શ્રાવક-શ્રાવિકાઓ સાથે સમય વિતાવવાનો થાય તો મનમાં પડેલી નિરાશા દૂર થાય. ભગવાનની ભક્તિ તરફ મન વળે અને સારા ભાવ સાથે જીવન વ્યતીત થાય. આ પ્રકારના શ્રાવક વિસામો મોટા શહેરથી દૂર હાઈવે પર કરી શકાય અને તેમાં સાધુ-ભગવંતોનો પણ સ્થિરવાસની જોગવાઈ થાય. દેરાસર, ઉપાશ્રય, ભોજનશાળા, દાક્તરી તપાસની સઘન વ્યવસ્થા વિગેરે કરી શકાય. આ કામ માટે જરૂરી ફંડ પણ સમાજના આ સિનિયર સિટિઝન દ્વારા મળી રહે. જો કોઈ સંસ્થા દ્વારા વિશ્વસનીય ભાવના સાથે હાથ ઉપર લેવાય અને ગુરુ-ભગવંતોના આશીર્વાદ મળેતો તાત્કાલિક સંકુલ ઊભું કરી શકાય.

આશા છે કે 'મુંબઈ યુવક સંઘ મંડળ' કે જે ટૂંકા ગાળામાં ૧૦૦ વર્ષ પૂરાં કરશે તે પહેલાં વર્ષોથી સમાજ માટે કરેલ પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવી સમાજમાં એક નવું કદમ ઉઠાવશે. નવા ડગલાં ભરવાની જરૂર છે જે વ્યક્તિ નહીં પણ તેનો સમૂહ કરી શકે જે મંડળના સક્ષમ હોદ્દેદારો કરી શકે તેમ છે. એક વખત નવી રાહ ચિંધાઈ જાય પછી ચાલવાવાળા આપોઆપ જોડાઈ જશે.

હાલ જે તીર્થસ્થાનો છે તેમાં ઊભી કરવામાં આવેલ ધર્મશાળા, ભોજનાલયમાં પણ વર્ષ દરમ્યાન ૫૦%થી વધુ સરેરાશ ઓક્યુપાયસી રહેતી નથી. તેમાં પણ ૧૫થી ૩૦% રૂમો આ પ્રકારના પ્રોજેક્ટ પાછળ ફાળવી - સંસ્થામાં થતી ઘટ નિવારી શકાય. નવા સંસ્થાને બીજા દાન તરફ જોવાનું ન રહે. કાંદાવાડી સેનેટોરિયમ, દેવલાલીમાં બધી જ સગવડતા છે પણ કાયમી વ્યવસ્થા નથી.

શ્રાવક-શ્રાવિકાના સ્થિર સાધના ભવનમાં ઘણો જ સારો પ્રતિસાદ મળશે તેમાં કોઈ શંકા નથી. જરૂર પડે યોજના આગળ વધારવા માટે વડીલોની.

જૈન આજ્ઞાનુસાર કોઈ જગ્યાએ વિનયભંગ થયો હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**- ભરતકુમાર સી. શાહ - રાજકોટ**

(૮૪૬૦૨૧૩૪૦૮)

❖ ❖ ❖ ❖

૫) પાંચ મહિના બાદ 'પ્રબુદ્ધ જીવન'નું આગમન ! નિયમિત મળતું 'પ્રબુદ્ધ જીવન' ક્વચિત્ વિલંબિત થાય તો બેચેન થઈ જવાય, કાર્યાલયને ફોન કરું, મિત્રોને ફોન ફોન કરું.

આ તો પાંચ મહિના ! દીર્ઘ પ્રતિક્ષા બાદ મળતા સુખનું મૂલ્ય અદકેરું હોય છે.

'સંતવાણી - પર્યુષણ વિશષાંક' તા. ૨૧-૯-૨૦ના રોજ મળ્યો. સંપાદક શ્રી ગુણવંતભાઈ

બરવાળિયાની ઊંડી સૂઝ સ્પષ્ટ વર્તાય છે. તેઓશ્રીને વંદન. અંક આસ્વાદ બન્યો છે. દેશના જુદા જુદા પ્રદેશોના સંત-મહાત્માઓનાં ચરિત્ર પ્રેરણાદાયી છે. સર્વ લેખકો - લેખિકાઓને અભિનંદું છું. ક્યારેક મિત્રો વચ્ચે અમારા વડોદરા શહેરની વાત નીકળે તો હું શ્રદ્ધાપૂર્વક એમને કહું છું કે, અહીંની કોઈ વ્યક્તિએ યાત્રા માટે બહાર જવાની જરૂર નથી, કારણ આ શહેરમાં વંદનીય સંતો અને મહાપુરુષોનાં પગલાં પડ્યાં છે — વિનોબા ભાવે, અરવિંદ ઘોષ, સ્વામી વિવેકાનંદ. આ પાવન ભૂમિ છે. આપણે સદ્ભાગી છીએ, આ ભૂમિ પર વાસ કરીએ છીએ.

આમ તો ભારતવર્ષ સંતોની ભૂમિ છે. તેથી જ કહ્યું છે '**दुर्लभं भारते जन्म ।**' ભારતમાં જન્મ લેવો દુર્લભ છે.

**- શાંતિલાલ ગઢિયા**
૦૨૬૫-૨૭૫૦૨૭૫

❖ ❖ ❖ ❖

૫) 'પ્રબુદ્ધ જીવન' તંત્રીશ્રી તથા સૌ વડીલોને સ્નેહસભર નમસ્કાર વંદન.

જય ભારત સાથ 'પ્રબુદ્ધ જીવન' માર્ચ અંક મળ્યો. તંત્રી સ્થાનેથી. પઢ પઢ કે અભણ હુઈ મે, ઓલિયા ફકીર-સુલતાન-ઘોડો-સત્તા અને શાણપણ બંન્ને પરીક્ષા માગે છે, મુગટ વગર પણ રાજા બની શકે તેવી વ્યક્તિ જુદી હોય. તારા પોતાના ઉધ્ધાર માટે મૌન છે અને બીજાના ઉધ્ધાર માટે વાણી. એનો ઉપયોગ માત્ર ૧૦ ટકા કરવાનો છે અને મૌન ૯૦ ટકા રહેવાનું છે. જ્યોર્જ ઓરવેલની નવલકથા 'એનિમલ ફાર્મ' ૫,૯૦,૦૦૦ પ્રતો વેચાઈ, મનુષ્યની ક્ષુદ્રતા કે હેવાનિયત દર્શાવે છે, નીતિભ્રષ્ટતા પોતાનું સામ્રાજ્ય જમાવી બધું ઊધઈની જેમ ખાય જાય છે. બીજાની ઉગાડેલ રોપણી કાપવાનો આપણો અધિકાર નથી અને ખેડૂતના જીવન સાથે... સહુ મંગલ થાઓ અને પોતાના મંગલ માટે જાગૃત બનો ખૂબ જ ગમ્યું. હાલ બધે કોરોના છે ત્યારે દીવો ધર્યો હોય તેવું લાગ્યું અને કુમારપાળભાઈ એન્ટવર્પની સફરનું સ્મરણ સાપ્રત સમયને જાણે અગાઉથી જ ખબર પડી ગઈ હોય એવું માર્ગદર્શક રહ્યું, એ હોટેલ નિકટના મિત્રો પોલ અને રેની સાથે પડકાર સાથેની મુલાકાત 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો માત્ર આ એક લેખ પણ શાન્તિથી વાંચે તો ધન્ય થઈ જાય જગતને ભયભીત બનાવનાર કોરોના વાયરસના મૂળ પશુ-પક્ષીના માંસમાં જ પડેલા છે ને!'' આખો લેખ બે વાર વાંચવો પડ્યો અને વંદન જ વંદન દેસાઈ સાહેબની 'સ્ટેલાની હોટલ મુલાકાત' તો અપૂર્ણનીય રહી - આધુનિક સંદર્ભમાં ચાણક્ય - આજના સંદર્ભમાં આપણે જ્ઞાતિ શબ્દનો ઘટતો જ અર્થ કરીએ. કહીને ગાગરમાં સાગર 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાણે કાંઈક શીખવા મળ્યું. ધન્ય હો, ધન્ય હો.

**- ઉકાભાઈના વંદન**

❖ ❖ ❖ ❖

૬) 'પ્રબુદ્ધ જીવન'ના જ્ઞાન-સંવાદ જુલાઈના અંકનો અનુભવ, આ લેખ સુંદર શૈલી અને ડાયરેક્ટ આપણા મગજમાં ફિટ થઈ જાય એવો છે. લેખમાં તાત્કાલિક અને ઊંડાણભર્યા જ્ઞાનને સરળ અને સહજ રીતે સમજાવવાની કુદરતી શક્તિનું દર્શન થાય છે. દંડકનો થોકડો બહુ જ સારી રીતે સમજાવ્યો છે. આ રીતે જ જ્ઞાન પીરસાતું રહે એ જ મંગલ ભાવના.

**- નીતા પ્રેમજી ગાલા** - ગોરેગામ

❖ ❖ ❖ ❖

૭) જુલાઈના અંકનો 'જ્ઞાન-સંવાદ' વાંચીને આનંદ થયો. પાર્વતીબેનને એમના જ્ઞાનભંડારમાંથી આવી રીતે જ્ઞાનમહિતી આપવા વિનંતી.

દંડક વિશેની માહિતી ખૂબ જ સરળ અને સાદી ભાષામાં સમજાવવા માટે ડૉ. પાર્વતીબેનનો ખૂબ-ખૂબ આભાર. તેમણે પોતાના જ્ઞાનથી આપણાં કર્મો (જે કાર્ય થવાથી) કેવી રીતે દંડાય છે તેની વિશેષ સમજ આપી છે. કર્મોનો ૨૪ પ્રકારના દંડકમાં શરીર, ગતિ, જાતિ, સંઘયણ, સંસ્થાન સંઘયણ, અવગાહના, ઉપયોગ, દૃષ્ટિ, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય સમુદ્‌ઘાત, દર્શન, જ્ઞાન, યોગ, સ્થિતિ, મરણ, ચ્યવન આદિ દ્વારોમાંથી શું શું પ્રાપ્ત થઈ શકે છે. કર્મો અને દંડકના છે. direct connection આપણા માટે કેટલો હિતકારી અને અનહિતકારી છે. જેવો ભવ એવો દંડ બને એવી રીતે ૨૪ પ્રકારના સાધનોની પ્રાપ્તિ થાય છે એમાંથી સમજાય છે કે મનુષ્યભવ વેસ્ટ નથી કરવાનો. વધારે ને વધારે જ્ઞાન, દર્શન, ચારિત્ર તપની રુચી વધારી કર્મનો અંત લાવી મોક્ષગતિને પ્રાપ્ત કરી શકીએ છીએ.

- **દિપિકા કિશોર ગાલા,**(માહીમ-મુંબઈ) **-જયશ્રી કે. સાવલા,** (થાણા) **-Shailja Prakash Shah, - હંસા હરેશ બૌવા,** (ડોમ્બિવલી, ઈસ્ટ) - **દિનાબેન કુંભાણી** (સાંતાક્રુઝ-મુંબઈ), **મંજુલા કિશોર સાવલા - શીતલ નંદુ** (થાણા મુલુંડ)

# સર્જન સ્વાગત

**સંધ્યા શાહ**

પુસ્તક નું નામ :
'પ્રજા જીવન' પ્રવાહો
મણિલાલ એમ. પટેલ
પ્રકાશક : નવજીવન પ્રકાશ મંદિર, અમદાવાદ-૧૪૦૦૧૪
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯
પુષ્ઠ : ૧૬૮
* મૂલ્ય : રૂા. ૧૩૦




ગ્રામીણ અને રચનાત્મક જોડે ૪૦ વર્ષથી કાર્યરત, ગુજરાત વિદ્યાપીઠ, મજૂર મહાજન સંસ્થા, દિવ્ય ભાસ્કર, ગુજરાત ગાર્ડિયન, સંદેશ અને ગુજરાતી ન્યૂઝ ચૅનલ સાથે સંકળાયેલા, અનેક માન-અકરામ મેળવનારા મણિલાલ પટેલ એક સંવેદનશીલ પત્રકાર છે. સાંપ્રત સામાજિક અને રાજકીય ઘટનાઓના સંદર્ભે આ વરિષ્ઠ પત્રકાર અને તટસ્થ વિશ્લેષકની કલમે લખાયેલા, આત્મમંથન જગાડતા ૬૦ અનુભૂતિસભર લેખ પ્રસ્તુત પુસ્તકમાં સંચતિ છે.

લેખકે સમાજજીવનના, ધર્મ, શિક્ષણ, સંસ્કૃતિ અને ચારિત્ર્ય ઘડતરના તમામ પ્રશ્નોને અહીં વાચા આપી છે. પ્રજાજીવનના પ્રવાહો નિહાળીને જ્યાં કશુંક ખોટું થઈ રહ્યું છે તેવા નિજી જિંદગીને સ્પર્શતા પ્રશ્નોની છણાવટ કરી છે. જરાયે ડંખ રાખ્યા વગર કેવળ સમાજહિતની ખેવનાએ સત્યને ઉજાગર કરતી શૈલીમાં લાલબત્તી ધરી છે અને રચનાત્મક અભિગમ દર્શાવ્યો છે.

વૃદ્ધાશ્રમોમાં પ્રતીક્ષા યાદીની વાત કરતાં લેખક કહે છે, 'મારા ખેડૂત પિતા પાસે ખેતીકામમાંથી નિવૃત્ત કરાયેલ એક વૃદ્ધ બળદ હતો. મેં મારા પિતાજીને પૂછ્યું કે, આ ઘરડો બળદ કશું કામ કરતો નથી તો તેને રાખીને ઘાસનો નકામો ખર્ચ શું કામ કરો છો? તેને પાંજરાપોળમાં કેમ મૂકી આવતા નથી?'

મારા પિતાએ કહ્યું, : 'ભાઈ, આ બળદે તેની જવાનીમાં ટાઢ-તડકો અને વરસાદ જોયા વિના ખતરમાં કામ કરીને આપણા પટેનો ખાડો પૂર્યો છે, તેને ઘડપણમાં છે પાંજરાપોળાં ન મોકલાય. ઈશ્વર પણ રાજી ન રહે. શું અમે ઘરડાં થઈશું ત્યારે તમે અમને ઘરમાંથી કાઢી મૂકશો? આટલું બોલતાં મારા વૃદ્ધ પિતાની અશ્રુઓથી ઊભરાયેલી આંખોવાળો ચહેરો મને આજેય બરાબર યાદ છે જે દેશમાં વૃદ્ધાવસ્થામાં પશુઓને પણ કોઈ પાંજરાપોળમાં ધકેલતું નહીં. ત્યાં મા-બાપ માટે વૃદ્ધાશ્રમ શરૂ કરવા પડે છે તેમાંયે પ્રતિક્ષા યાદી હોય તેનાથી વધુ દુઃખદ ઘટના બીજી શું હોઈ શકે?'

વૃદ્ધાવસ્થામાં એકલા પડી જતાં, સંતાનો માટે તડપતાં માત-પિતાની વ્યથા, તબીબી ક્ષેત્રે ઘટતી જતી સંવેદનશીલતા, નવી પેઢીના ઉછેરની, ચારિત્ર ઘડતરની વિસરાઈ ગયેલી ભૂમિકા, અંગ્રેજીયતની ગુલામ થઈ ગયેલી આપણી પેઢી, સરકારી ખર્ચે પોતાના જ ફોટાઓ અને પ્રસિદ્ધિ કરતા સ્વાર્થી નેતાઓ, સત્તા, સંપત્તિ ને સ્ત્રીને માટે રાજકારણમાં આવતાં ગુનાહીત તત્ત્વો, પારકા પૈસે ખેડાતા પ્રવાસ, માતૃભાષાની અવહેલના, રાષ્ટ્રભાષાની અનિવાર્યતા, ખોરાક અને ઔષધિમાં થતી ભેળસેળ, બજારું ખાદ્યપદાર્થો પ્રત્યે કેળવાતી રુચિ, વંચિતો પ્રત્યેનો આપણો પૂર્ણપણે ન બદલાયેલો અભિગમ... આપણને સહુ વાચકોને વિચારવા વિવશ કરી મૂકે તેવા આ સંવેદનાસભર લેખ આપણી માનસિકતાને, આપણા વર્તનને બદલાવે તેટલા સક્ષમ છે.

૧૩૦ કરોડ ભારતવાસીઓમાં ભૂખે ટળવળતા લોકોની અવગણના કરી મંદિરોમાં રેલાતા તેલ અને ઘી, દૂધના અભિષેક, બિલીપત્રનો વેડફાટ, શૌચાલયની અનિવાર્ય આવશ્યકતાને બદલે મંદિરો અને ધાર્મિક વિધિમાં ખરચાતા લાખ્ખો રૂપિયા માટે લેખક દુઃખ પ્રગટ કરે છે. આપણી શ્રદ્ધાના પ્રતીક તરીકે તેલ, ઘી, દૂધ, નાળિયેર કે બિલીપત્રનો ઉપયોગ કરી બાકીનું બધું જો ગરીબ પ્રજા માટે, ભૂખે ટળવતા બાળકો માટે વપરાય એ યોગ્ય નહીં ? આપણી સંકુચિત ઘરેડમાંથી, ધર્માંધતા ને સાંપ્રદાયિક ઝનૂનમાંથી બહાર આવી માનવજીવનને સુખાકારી બનાવવાની લેખ હૃદયસ્પર્શી અપીલ કરે છે.

વાચક એક પણ લેખ છોડીને આગળ વધી શકે જ નહીં, તેવી સરળતા, સચ્ચાઈ અને ઋજુતા અહીં છલકાય છે. પાણીનું માટલું ખરીદતી વેળાએ ટકોરા મારતી પ્રજા મલિન ધનને ઘરમાં કઈ રીતે સ્વીકારી શકે છે? નીતિમત્તાનાં મૂલ્યોનું જે ધોવાણ થઈ રહ્યું છે તેને દર્શાવી લેખક ફરી એક વાર મૂલ્યખંડિત માર્ગ પર ચાલવાની સહુને પ્રેરણા આપે છે.

**પુસ્તકનું નામ :**
**ગ્રામીણ વિષયના ચાર સ્તંભ**
**મણિલાલ એમ. પટેલ**
**પ્રકાશક : નવજીવન**
**મુકુન્દલાલ,**
**અમદાવાદ - ૩૮૦૦૧૪**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯**
*** મૂલ્ય : રૂા. ૧૪૦/-**




૨૦૦૦થી વધુ ગામડાંઓ ખૂંદીને 'ગ્રામગર્જના'નું પત્રકારત્વ કરનાર લેખક ખેડૂતપુત્ર હોવાને નાતે અહીં ખેતીના પ્રશ્નોને અને પડકારોને આત્મસાત કરી ઉજાગર કર્યા છે. ધરતીથી જોડાયેલી પ્રતિબદ્ધ વ્યક્તિ જ આ કાર્ય કરી શકે. ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત યુનિવર્સિટીની ગુજરાતી સાહિત્ય પરિષદ અને હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુનિ. પાટણમાં 'ગ્રામીણ પત્રકારત્વ'નો વિષય શીખવતા આ અધ્યાપકે અહીં ખેતી, પશુપાલન, પંચાયતી રાજ અને સહકાર ગ્રામીણ વિકાસના આ ચાર સ્તંભોની વિશદ્ ચર્ચા કરી છે.

ભારતના ૭૦ ટકા લોકો ગામડાંમાં વસે છે એ હકીકતને સમજીએ તો ગ્રામીણ સમાચારોનું વર્તમાનપત્રમાં પ્રાધાન્ય હોવું જોઈએ પણ વસ્તુતઃ તેમ નથી. શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. કુરિયનનું એક સ્વપ્ન હતું કે કૃષિ, પશુપાલન, પંચાયતી રાજ અને સહકારી સંસ્થાનો સુદઢ બનાવે તેવું એક ગ્રામીણ દૈનિક પત્ર શરૂ કરવું. એ સ્વપ્નને મૂર્ત સ્વરૂપ આપતા હોય તેમ લેખકે પોતાના આ રસના વિષય પર ગ્રામીણ ને વિકાસશીલ વિષયો પર લખવાનો આરંભ કર્યો અને સાતત્યપૂર્વક એ પ્રયાસ જળવાઈ રહ્યો.

ગામડાંઓમાં ખેતી કરનારા લોકોની ઘટતી સંખ્યા, શહેર ભણી દોટ મૂકતો યુવાવર્ગ, ઉદ્યોગોને માટે અપાતી જમીનને કારણે ઘટની જતી ખેતી, જ્ઞાતિવાદનો ભરડો, શહેરી ઉપકરણોને કારણે અસલિયત ગુમાવી રહેલા ગામડાં, પ્રાથમિક સુવિધાઓથી વંચિત શાળાઓ વગેરે મુદ્દાઓની વાત કરતાં લેખકે આદર્શ ગામ ધર્મજ અને કરમસદની પણ વાત કરી છે જ્યાં કોઈ નિયત દિવસે ગામની બહાર વસેલા લોકો એકત્ર થાય ને ગામના વિકાસ માટે સામૂહિક વિચારણા કરે... એવું જ સાબરકાંઠાનું પુંસરી ગામ જેમાં વાઈફાઈ કનેક્ટિવિટી, એરકંડિશંન પ્રાથમિક શાળા, શુદ્ધ પીવાના પાણી માટે આરો પ્લાન્ટ, સી.સી.ટી.વી.ની સગવડ, ગામનાં મહત્ત્વનાં સ્થળોએ માઈકની વ્યવસ્થા વમી એક ઊજળું ઉદાહરણ અંબાલા ગામનું જ્યાં નવરત્રિની ઉજવણી સાચા અર્થમાં માતાજીને સમર્પિત હોય - પૂરા ગામની સફાઈ, નેત્રયજ્ઞ, બાળરોગ નિદાન કેમ્પ, પશુઓની ચિકિત્સા, વયોવૃદ્ધ વડીલોનું સન્માન કરવામાં આવે છે. આ નેત્રદીપક ઉદાહરણો સાથે ઉપલ ગામમાં વહેતી ઘીની નદી. લાખો રૂપિયાનું ઘી માતાજીની પલ્લીમાં ને પછી રસ્તા પર ઢોળાય તેનો અફસોસ વ્યક્ત કર્યો છે.

ઓર્ગેનિક ફૂડ ફેસ્ટિવલની વાત પણ ખૂબ રોચક છે. આપણે જેના નામ પણ નથી સાંભળ્યાં તેવી વનસ્પતિ, ધાન્ય કે ફળોની વાનગી ... જેના પ્રતાપે ગામના લોકા શતાયુ બન્યા.

ગ્રામીણ વિકાસની ગાથા સાથે દૂધ ઉત્પાદકોની વ્યથા પણ લેખકે નિરૂપી છે. ડૉ. કુરિયનના અદ્‌ભુત સમર્પણને બિરદાવ્યું છે.

આમ, ગ્રામ વિકાસના પાયાના પ્રશ્નો અને વિકાસના ઊજળા ઉદાહરણો પ્રેરક બન્યાં છે. પત્રકારત્વના વિદ્યાર્થીઓને જ નહીં, ગ્રામ વિકાસના કાર્યકર્તાઓ અને રાજકીય નીતિના ઘડનારાઓને માર્ગદર્શક બને તેવું આ પુસ્તક કોઈ પણ નાગરિકને વાંચવું ગમે એવી રસાળ શૈલીમાં લખાયું છે.

**મરણસમાધિ પ્રકીર્ણક :**
**અરુણા મુકુન્દકુમાર લઠ્ઠા**
**પ્રકાશક : મુકુન્દકુમાર**
**શાંતિલાલ લઠ્ઠા પરિવાર**
**ડી/૭ સુકૃતિ ફ્લેટ્સ,**
**માણેકબાગ, આંબાવાડી,**
**અમદાવાદ-૩૮૦૦૧૫**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦**
**પૃષ્ઠ : ૧૮૪**
*** મૂલ્ય : રૂા. ૧૦૦/-**




આ અનિશ્ચિત દુનિયામાં સુનિશ્ચિત કેવળ મૃત્યુ છે. ૮૪ લાખ ભવયોનિમાં આપણો જીવ જન્મ-મરણના ફેરા ફરતો રહે છે. જૈન દર્શનમાં મૃત્યુની ગહન વિચારણા કરવામાં આવી છે. જીવન જેટલું વિશુદ્ધ - તપોમય બન્યું હોય તેવું જ મંગલમય મૃત્યુ બને તે માટે જૈન ધર્મમાં સમાધિમરણની અત્યંત મહત્તા છે. અંત વેળાએ જો આપણો જીવ સર્વ કષાયથી મુક્ત થઈ, હળવો થઈ પંડિતમરણ પામે, સમાધિમરણ પામે તો એને ભવભ્રમણ કરવું પડતું નથી. આગમ ગ્રંથોમાં મૃત્યુ વિષયક જ ગ્રંથો છે. તેમાં 'મરણસમાધિ પ્રકીર્ણક' શ્રેષ્ઠ માનવામાં આવે છે.

લેખિકાશ્રી અરુણાબેન લઠ્ઠાએ 'મરણસમાધિ પ્રકીર્ણક'

પર ગહન અભ્યાસ કરી પીએચ.ડી.ની પદવી મેળવી. આ જ ગ્રંથની મૂળ ગાથા, સંસ્કૃત ભાષા અને તેનો ગુજરાતી અનુવાદ કરવાનું કાર્ય હાથ ધર્યું. આ ગ્રંથના અધ્યયન અને ભાષાંતર દરમ્યાન પોતે કેન્સરનાં ભોગ બન્યાં. અપાર શમતાથી, સહનશીલતાથી સઘન પુરુષાર્થનું આ કાર્ય કરતાં રહ્યાં. કરુણતા તો એટલી બધી આવી છે પતિને પણ કેન્સર થયું. જે ધર્મના સિદ્ધાંતોને સાચી રીતે સમજ્યા હતા તેની જ સહાયથી પતિને સમાધિમરણ માટે પ્રેરિત કર્યા. સમભાવપૂર્વક પવિત્ર જીવને વિદાય આપી અને અધૂરું કામ સંપન્ન કરવા પ્રવૃત્ત થયા.

મૂળ પ્રાકૃત શ્લોક- તેની આયા (આયાત) અને તેનો ભાવાનુવાદ, અનેક ભવિજીવોના મૃત્યુ સુધારે તેની મંગળ ભાવના સહુનું સાયુજ્ય સધાયું. સંતોના માર્ગદર્શનમાં આ કાર્ય પૂર્ણતાને પામ્યું. સ્વયં કેન્સરના વ્યાધિથી ઘેરાયેલા હોવા છતાં અપાર તિતિક્ષાથી જે કાર્ય કર્યું છે તે સરાહનાને પાત્ર છે.

પ્રાકૃત ભાષા બધાને સમજાતી નથી. સંસ્કૃતની સાથે ગુજરાતી અનુવાદ હોવાથી જૈન ધર્મની આ પરંપરામાં સિદ્ધગતિને પામતા અનેક પરિષહો સહન કરીને અડગ રહેલા ઉત્તમ પુરુષોના ઉદાહરણો થકી નાયક મલિનતાથી મુક્ત થઈ જન્મની જેમ જ મૃત્યુને સાર્થક કરવાની પ્રેરણા મેળવી શકે છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9324680849

---

# સ્વચ્છતાનું મહત્વ



બિરલા કુટુંબ સાથે ગાંધજીને ઘણો જ ગાઢ સંબંધ હતો. દિલ્હીમાં તેઓ બિરલા ભવનમાં જ ઊતરતા. તેમના જેવા મૂડીવાદીને ત્યાં ગાંધીજી રહેતા તેથી પ્રજાના એક વર્ગને એ ગમતું નહીં. બિરલા ગાંધીજીનો ખોટી રીતે લાભ ઉઠાવે છે એવું પણ એ વર્ગ કહેતો. તેમને ગાંધીજી વિનોદમાં કહેતા કે, 'હું પાકો વાણિયો છું. બિરલાજી મને વટાવી શકે એમ નથી.'

એક વાર બિરલા ભવનમાં ગાંધીજીનો વસવાટ હતો. સવારમાં સ્નાનની તૈયારીમાં હતા. પણ નાહવાની ઓરડીમાં બિરલાજીનું ભીનું ધોતિયું પડેલું હતું. તેને બાજુએ મૂકીને સ્નાન કરવા કરતાં ગાંધીજીએ તે જાતે જ ધોઈ નાખ્યું અને પછી નાહવા બેઠા. બિરલાજીનો નોકર ધોતિયું લેવા આવે તે પહેલાં તો દ્વાર બંધ થઈ ગયેલું. ગાંધીજીએ પોતાનો કચ્છ પણ જાતે જ ધોઈ નાખ્યો. એ બંને કપડાં લઈ તેઓ બહાર આવ્યા અને દોરીએ સૂકવતા હતા તે દરમિયાન બિરલાજી ઉતાવળા આવી પહોંચ્યા : અરે બાપુ! બાપુ! શું કરો છો?' કહી પોતાનું ધોતિયું ગાંધીજીના હાથમાંથી ખેંચવા લાગ્યા. આ બનાવથી તેમને માઠું લાગ્યું. ધોતિયું સૂકવતા સૂકવતા ગાંધીજી બોલ્યા : મેં ધોયું તેથી બગડી શું ગયું? અંદર પડેલું હતું. તેના પર કોઈનો મેલો પગ પડે તેના કરતાં ધોઈને સ્વચ્છ કર્યું એ તો સારું જ થયું ને?'

'બાપુ...' બિરલાજી ગણગણ્યા. ગાંધજી જેવા મહાપુરુષ પોતાનું ધોતિયું ધોયું તેનો ખેદ અને નાહવાની ઓરડીની તરત સાફ કરવાની બેદરકારી માટે બિરલાજીને પશ્ચાતાપ થવા લાગ્યો. શું બોલવું તે તેમને સમજાયું નહીં પછી થોડી વારે તેઓ બોલ્યાઃ 'આટલો બધો કામનો બોજો હોવા છતાં બાપુ! તમે એ શા માટે ધોયું?'

ગાંધીજી : જીવનમાં સ્વચ્છતાના કાર્ય સિવાય વળી બીજું મોટું કાર્ય કયું?'

બિરલાજી શું બોલે?

સ્વચ્છતા વિશે ગાંધીજીના કડક આગ્રહનો ખ્યાલ બિરલાજીને હતો જ પણ સ્વચ્છતાની આટલી ઊંચી માત્રાનો અનુભવ તો આ પ્રસંગે જ થયો.

(અનુસંધાન કવર પાનું ૪૪થી)
એનો જવાબ, મેં પહેલા ફકરામાં બાંધેલા ચોકઠામાં રહીને મારે શોધવાનો છે. અને એટલે શ્રીમદ રાજચન્દ્રને થયેલા કે દરેક સંવેદનશીલ વ્યક્તિને સતાવતા પ્રશ્નો –

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?

સાચા મહત્ત્વના અને રસપ્રદ હોવા છતાંય હાલ-પૂરતા બાકાત રાખું છું.

હવે મારી પ્રતીતિ કે અનુભૂતિની વાત કરું તો, હું જોઉં છું કે આ વિશાળ જીવસૃષ્ટિમાં મારું કે હર કોઈનું હોવું રાઈના દાણાથી ઝીણું છે, પણ એ જ રાઈના રજકણ સાથોસાથ એક અવિનાશી, વિરાટ ચેતન-તત્ત્વનો અવિભાજ્ય અંશ છે. બીજા શબ્દોમાં કહું તો હું અણુથી નાનો અને વિરાટથી વિશાળ છું. એકીવેળાએ છું! આ વિચારના સ્વીકારથી જ મારો રહ્યોસહ્યો અહંકાર ચૂરચૂર થઈ જાય છે. મનના ઉદ્વેગો શમી જાય છે. આ સહમતીમાં જ કદાચ મેં કોરાણે મૂકેલા અને મેં હાથ પર લીધેલા પ્રશ્નોના જવાબ રહેલા છે.

હવે આ સમગ્ર વિશ્વને હું એકમેક સાથે જોડાયેલાં અનંત દંતચક્રોથી ચલાયમાન એક વિશાળકાય યંત્ર તરીકે જોઉં છું. હું, એ યંત્રની ગતિમાં જોડાયેલું એક ચક્ર છું. નાનું અમથું એક ચક્ર, પણ ગતિ માટે અનિવાર્ય. મારે જો આ વિશેષણ-અમથું ખેરવી દેવું હોય તો હું જે જે ચક્રોના સંપર્કમાં આવું તેમના લયમાં જોડાયેલો રહું. ગતિ જાળવી રાખું અને કોઈ અવરોધ ઊભો ન કરું. સભાનતાપૂર્વક આ ગતિના લયભંગનું કારણ ન બનવું, મારું કરવાનું કાર્ય છે, મારું કર્તવ્ય કર્મ છે. મારા ચક્રની ગતિ. સંપર્કમાં આવતા ચક્રોની ગતિને ન અવરોધે, એને ઘસરકો ન પહોંચાડે તે મારો ધર્મ છે અને તે જ મારા જીવનની સાર્થકતા છે. કોઈ અદશ્ય હાથ આ યંત્ર ચલાવે છે કે એ આપોઆપ ચાલે છે એવી દ્વિધા મને થતી નથી, એ વિષયમાં મને રસ પડતો નથી. પ્રકૃતિના આ સુરીલા વાજિંત્રને હું બે-સૂરું નથી કરતો તે બાબતની સભાનતા એ મારા જીવનનો મને મુખ્ય અર્થ લાગે છે, એક મનુષ્ય તરીકે મારું ઉત્તરદાયિત્વ ભાસે છે. કોઈને ન નડવું એ જ સાચો મનુષ્યધર્મ છે એ માન્યતાને વળ ચડતા જાય છે.

પરંતુ આપણે જીવનનાં સાદાં, સરળ સત્યો ભૂલી જઈએ છીએ અને આપણે આપણા રાગ-દ્વેષથી રચેલાં અને કલ્પી લીધેલાં કૃત્રિમ સત્યોની જાળમાં ફસાઈને તરફડિયાં મારતાં હોઈએ છીએ. 'હું વિશિષ્ટ છું, બીજા કરતાં ચડિયાતો છું' એ માનસિકતા આપણને જંપ લેવા દેતી નથી. એમાંથી જ જન્મે છે વિશેષ અધિકારનો હિંસક દાવો આ ભ્રમણા શરીરને આજીવન ચામડીની જેમ વળગેલી હોય છે જે બધી સમસ્યાઓના મૂળમાં છે. આપણે આ મૂળિયાં હચમચાવતાં નથી એટલે જ આ ઝેરી ઝાડમાંથી દ્રવતો રસ આપણી પાસે ન કરવાનાં કામ જ કરાવતો રહે છે. આપણે ક્યાં સાદાં સત્યો તજી દીધાં છે તે ભીતર જરા અમથું ડોકિયું કરતાં જ દેખાવા લાગશે.

આ બધામાંથી ઊગરવાનો કોઈ ઉપાય ખરો? એ પ્રશ્ન સ્વાભાવિક છે. મારી સમજ પ્રમાણે, માનવજાત માટે એક જ રસ્તો છે – પ્રેમ. આપણે અતિ ઉતાવળમાં પ્રેમ સાથે 'કરવું' ક્રિયાપદ જોડી દઈએ છીએ. આપણા જીવનનો હિસાબ તપાસીએ તો આપણે અનેક વ્યક્તિઓને, અનેક વસ્તુઓને પ્રેમ કર્યો જ હોય છે. પ્રેમ કરવો – તે પ્રેમ પર ચડાવેલા વાઘા છે. પ્રેમ નહીં! 'પ્રેમ કરવો'માં અન્યનો ભાવ છે અને જ્યાં સુધી અન્ય છે ત્યાં સુધી એ પ્રેમમાં મલિનતા ભળેલી છે. ત્યાં સુધી એ સ્વકેન્દ્રી છે અથવા સ્પષ્ટ શબ્દોમાં કહેવું હોય તો સ્વાર્થી છે. આનું સમર્થન આપણા જ જીવનના અનેક પ્રસંગો આપશે. 'અન્ય નથી' એવો ભાવ દૃઢ થાય તે તરફ આપણી ગતિ થવી જોઈએ. એવો પ્રેમ ઉપકાર, દયા, સેવા, સુશ્રુષા, કરુણા કરતાં ચડિયાતો છે! વ્યવહારની ભૂમિકાએ આવા પ્રેમમય થવું અઘરું છે તે ખરું, પણ આપણું એ લક્ષ્ય તો હોઈ જ શકે અને તે તરફ ડગ ભરવાનો નિર્ધાર તો થઈ જ શકે. એક આયુષ્યમાં એ લક્ષ્ય તરફ તસુ પણ વધી શકીએ તો તે મહત્ત્વની પ્રાપ્તિ છે. ભૂખ લાગે ત્યારે જઠરને અન્ન પહોંચાડીએ છીએ ત્યારે દેનાર-લેનારનો ભાવ નથી હોતો તેવી સ્થિતિએ પહોંચવાની નેમ રહેવી જોઈએ. દુર્ભાગ્યે આ સાદું, સરળ અને શાશ્વત સમજાતું નથી. સ્વીકારાતું નથી. આ અસ્વીકારાનાં પરિણામોનું સદીઓથી આ જગત સાક્ષી રહ્યું છે.

આ વિચારોને અંતે અને જો આ મારો અંતિમ પત્ર હોય તો મારે શું કરવું જોઈએ? આ પૃથ્વી પર થતી દરેક દુર્ઘટના અને દૂરિત માટે મારા ફાળાનો મારે સ્વીકાર કરવો જોઈએ. આ પહાડ ઊભો થવામાં રાઈ જેવડી તો રાઈ જેવડી મારી પણ જવાબદારી છે, આ જગત-યંત્રની ગતિ ખોટકાય તેમાં હું કિંચિત્ પણ કારણરૂપ છું એ ગુનાની કબૂલાત કરીને મારે ક્ષમા માગવી જોઈએ. તાજેતરમાં લખેલા કાવ્યની કેટલીક પંક્તિઓથી મારો આ કલ્પના કરેલો અંતિમ પત્ર પૂરો કરું.

માફ કર! માફ કર!
સૂર્યને ટાઢો કર્યો, માફ કર!
પાણી મેલાં, માફ કર!
ધરતીમાં ઝેર વાવ્યાં, માફ કર!
આકાશમાં ધુમાડે ગૂંગળાવ્યું માફ કર!
પવનને અંગારવાયુથી દઝાડ્યો માફ કર!
માફ કર!....
આ હાથનાં કર્યા, માફ કર!

❖ ❖ ❖ ❖

– કમલ વોરા
સંપર્ક – 9819820286

# અતીતની બારીએથી....

### સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
### સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮

અતીતનીબારીએથી ..............Widening the Readers base with publication of Articles in English

To reach out to and to communicate with younger generation in their medium of education and also readers in UK, USA Prabuddh Jeevan begun regularly publishing three to four Articles or pictorials English each month October 2012 onwards. Scholars -Dr Kamini Gogari (Self Study in Jainology), Dr. Reshma Jain (Thus He was, Thus He spoke), Kulin Vora, P.Pu Acharya Vatsalyadeep (Translation by Pushpa Parikh), Dr Renuka Porwal (Pictorial Story), Prachi Dhanvant Shah (USA), Premal Kapadia ( on Anger), Dilip Shah(USA) and other who have contributed nearly 300 Articles. On search in Prabuddh Jeevan Index file of 2011-2020, a reader will be able to view month wise details.

FOR DETAILED READING OF ALL ENGLISH ARTCLES, VISIT WEBSITE https://prabhuddhjeevan.in

Bakul Gandhi
9819372908

| | |
|---|---|
| Enlighten yourself by Self Study of Jainology Series of Monthly Lessons (October 2013 to August 2017) | Dr.Kamini Gogari |
| Jainism through Ages Monthly Series (September 2017-August 2018 ) | Dr. Kamini Gogari |
| Pictorial Story (Colour Features) Series (August 2012- January 2017) | Dr. Renuka Porwal |
| Thus He was, Thus He spoke ( August 2012- August 2014) | Dr. Reshma Jain |
| Seekers' Diary (September 2014- August 2017) | Dr. Reshma Jain |
| RsihabhDev, Shreyanskumar, Ajitnath and Sambhavnath(Aug-Dec 2012) | Kulin Vora |
| Various Articles (Dec 2013- Feb 2017) by P.Pu.Aa Vatsalyadeep Translated | Mrs Pushpa Parikh |
| Various Monthly Articles ( Jan 2016 onwards till date in 2020) | Prachi Dhanvant Shah |
| Gyan Samvaad (between Dec 2018-Feb 2020) | Kavita Ajay Mehta |
| ANGER ( Monthly series) ( Aug 2019 onwards till date 2020) | Premal Kapadia |
| Jain Pathshalas in N America, Ahimsa Yatra by Chitrabhanui, Dharmaprabhavaks of Diaspora ( Jan 2017- till date 2020) | Dilip Shah |

**FOR DETAILED READING OF ALL ABOVE ARTCLES, VISIT WEBSITE https://prabhuddhjeevan.in**



To

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of ever month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો આ મારો અંતિમ પત્ર હોય તો...

**કમલ વોરા**

આરંભ, મધ્ય અને અંત સાપેક્ષ છે. આરંભ પૂર્વેનું અને અંત પછીનું આપણા માટે અજાણ છે. મધ્ય છે; મધ્ય આપણામાં છે. આપણે મધ્યમાં છીએ. આ અનંત કાળપ્રવાહમાં અંતિમ ક્ષણ કયા બિંદુ પર છે તેનાથી તદ્દન અજાણ આપણે તેની અ-ટળતાથી વાકેફ છીએ. મધ્યમાં ઊભા રહી. અંતિમ ક્ષણની વાત જગત અને જીવનના આધારે કરવાની છે. આપણે જીવનને એટલી પ્રબળતાથી વળગી રહ્યા હોઈએ છીએ કે અંતની કલ્પના પણ પીડાદાયક હોય છે, છતાં મધ્યમાં હોવાની એક સુખકર સ્થિતિ પણ છે! કોઈ વિરલા જ ખુલ્લા દરવાજામાંથી પસાર થઈ જતા હોય તેમ અંતિમ ક્ષણમાં પ્રવેશી જતા હશે. સામાન્ય જન તો એનો સામનો યેનકેન પ્રકરણે આઘે ને આઘે ઠેલતો. એનું ઝઝૂમતું જીવન જીવતો હોય છે.

એક રીતે જોઈએ તો મનુષ્યનું હોવું મહાસાગરમાં એ પરપોટા સમાન છે. પરપોટો થાય અને ફૂટી જાય એટલું જ બનતું હોય છે; પણ પરપોટો હોય તે દરમિયાન જળની આછીપાતળી દીવાલમાં ભરી રાખેલી હવાનું તાણ અને વિશાળ જળરાશિનું સાન્નિધ્ય અવશ્ય હોય છે. હા, કોઈ પરપોટો સાવ ઝીણેરો તો કોઈ કદ-આકારમાં સહેજ વધુ મજબૂત અને મોજાંની ઝીંક જરાક વધારે ઝીલી શકે એવો, પણ મનુષ્માત્ર છેવટે તો પરપોટો. છેવટે મર્ત્ય. શાશ્વત મહિમા મહાસાગરનો અને પરપોટાનાં ત્રુટક ત્રુટક પણ કર્ણપ્રિય ગાન! ભલે, એક પરપોટો મહાસાગરનો તાગ ન લઈ શકે પણ સમુદ્રની અને પોતાની ઊછળતી કૂદાકૂદ માણી શકે. તો એક પરપોટાની કૂદાકૂદનો સંદર્ભ જાળવી રાખીને મારા કેટલાક વિચારો પ્રસ્તુત કરું છું.

મને પહેલો વિચાર આવે છે કે આ બે ક્ષણો વચ્ચે હું જેના આધારે છું તેમનું સ્મરણ કરીને. ઋણસ્વીકાર કરીને આરંભ કરું. મને જન્મ આપનાર માતા-પિતાનાં ચરણોમાં સહુ પ્રથમ શિશ ઝુકાવું અને મારા પ્રયાસ કે મારી પાત્રતાની કોઈ ગણતરી વગર મારા દેહને પોષણ આપીને જીવનને શક્ય બનાવનાર, ટકાવી રાખનાર અગ્નિ-જળ-વાયુ-આકાશ અને ધરતી એ પાંચ તત્ત્વો તરફ મારો અહોભાવ, મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું. આ ખાસ જરૂરી એટલા માટે કે, આપણા પક્ષે આપણે એમને અશુદ્ધ જ કર્યા છે! તેમની ક્ષમા પ્રાર્થીને એ ગુનો તો થયો-ન થયો નથી થઈ શકતો પણ એમ કરીને ગુનાહિત ભાવને ખંખેરી, જાતને થોડીક શુદ્ધ કરવાનો યત્ન કરું છું. અંતિમ ક્ષણે, એમનાં પ્રત્યે રોમરોમે ઋણ અને નર્યો આહ્લાદ અનુભવતો. એ તરફ ડગ ભરું. ભરી શકું એ ઈચ્છા સેવું છું.

મને એટલી તો નિશ્ચિત પ્રતીતિ છે કે મારી કોઈ દુન્યવી પ્રાપ્તિનો, કોઈ દરજ્જાનો કે મેં ધારી કે માની લીધેલી કોઈ સિદ્ધિનો જરાસરખો સાચુકલો અર્થ નથી કે નથી એ હૈયે ટાઢક વાળી શકે એવી કશી સંપદા. આ બધાં ક્ષણ-પૂરતાં અને ક્ષણભંગુર સત્યો છે જેનું શાશ્વત મૂલ્ય તો નથી જ પણ આ-જીવન મૂલ્ય પણ નથી. આ અનંત કાળપ્રવાહમાં પ્રકૃતિગત અને પ્રકૃતિદત્ત છે તે સઘળું નિત્ય પરિવર્તનશીલ છે. એ બે કારણે કોઈ પણ બાબતે માલિકીભાવ રાખવો કે અંગત ધોરણે કોઈ કુટુંબીજનોને કે વ્યાપક ધોરણે બહુજનસમાજને સૂચના કે ઉપદેશ દેવાં વૃથા છે. અલબત્ત. વ્યવહારની ભૂમિકાએ કરવું પડે તે પાછીપાની કર્યા વિના કરવું. બાકી તો કાળ મનુષ્યનું તેમજ જીવનનું આવશ્યક ઘડતર કરી લેતો હોય છે. આ બધાને અંતે છેવટનો પ્રશ્ન – જીવનનો અર્થ શું? તો ઊભો જ રહે છે.

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનુ ૪૨)**

Postal Authority : if Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,

Printed at : Arihant Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 9223430415

Editor : Dr. Sejal M. Shah

Temporary Add.: 926, Parekh Market, 39, J. S. S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400004.